# પરિવર્તન પામતાં ગુજરાતનાં આદિવાસી ગામો

## ૪. નાના સાંજા (ભરૂચ જિલ્લો)

12 + 26

2195

: અહેવાલ લેખન :

ઠા. ભા. નાયક

સંપાદન

ઠા. ભા. નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪

૧૯૮૦

64

# પરિવર્તન પામતાં ગુજરાતનાં આદિવાસી ગામો

## ૪. નાના સાંજા (ભરૂચ જિલ્લો)


**સંપાદન**

અને

**અહેવાલ લેખન**

ઠા. ભા. નાયક

**ક્ષેત્ર સંશોધન**

રાસ બિહારી લાલ

કનુભાઈ નાયક

મુસ્તાઅલી મસવી

ગૌરીશ પંડ્યા

ડુંગરસિંહ વસાવા

**કોષ્ટકીકરણ**

મુસ્તાઅલી મસવી

ગૌરીશ પંડ્યા

હરગોવિંદભાઈ પટેલ

ડુંગરસિંહ વસાવા



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

64

૧૯૮૦

## અનુક્રમણિકા


| ક્રમ | પ્રકરણ | પૃષ્ઠ નંબર |
| --- | --- | --- |
| ૧ | પ્રાસ્તાવિક | ૧ |
| ૨ | ભૌતિક સંસ્કૃતિ | ૧૫ |
| ૩ | સામાજિક જીવન | ૨૧ |
| ૪ | આર્થિક સંરચના | ૩૯ |
| ૫ | નાના સાજીના બદલાતા આદિવાસીઓ | ૮૨ |


...

## પ્રકરણ - ૧

### પ્રાસ્તાવિક :-

નાના - સંજા ગામ ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકામાં આવેલુ છે. સેન્સસ તરફથી ગ્રામ અભ્યાસમાં નાના સંજા ગામની આર્થિક-સામાજિક તપાસ ૧૯૬૦-૬૧ માં કરેલી અને ત્યારબાદ પસાર થયેલ ૧૦ વર્ષોમાં શા ફેરફારો થયા તે જાણવા માટે આ ગામ કેન્દ્ર તરફથી પસંદ કરવામાં આવ્યુ હતુ. ભીલોની પાસ માટે જુદા જુદા જિલ્લાઓમાંથી નવ ગામો પસંદ કરેલાં ત્યાં નાના-સંજાની પસંદગી કરવામાં આવી છે. જો કે આ ગામની અડધી જ વસતિ આદિવાસી અને અડધી વસતિ બિન આદિવાસી છે જેથી તપાસમાં આદિવાસી કુટુંબોના ૫૦ ટકા અને બિન - આદિવાસી કુટુંબોના ૨૫ ટકા ની પસંદગી તપાસ માટે કરી છે. પ્રથમ તપાસ દરમ્યાન ગામના બધાજ કુટુંબોની તપાસ કરેલી. તેનો સમય નવેમ્બર ૧૯૬૦ થી જાન્યુઆરી ૧૯૬૧ નો હતો. બીજી તપાસ વખતે તપાસનો સમય માર્ચનુ છેલ્લુ અઠવાડિયુ અને એપ્રિલનુ પ્રથમ અઠવાડિયા (૧૯૬૯) દરમિયાનનો હતો. જો કે તપાસ માટેની માહિતી ૧૯૬૭-૬૮ ના વર્ષ દરમિયાનની એકઠી કરવામાં આવેલ છે. તપાસની જે માહિતી લેવામાં આવી છે તે માટેનુ વર્ષ જૂન ૧૯૬૭ થી મે ૧૯૬૮ સુધીનુ રાખેલ છે. તપાસ દરમ્યાન ગામમાં કુલ ૧૪૯ કુટુંબો હતાં. જેમાંથી ૭૬ આદિવાસી કુટુંબો અને ૭૩ બિન આદિવાસી કુટુંબો હતાં. તપાસેલ કુટુંબોની સંખ્યા ૫૭ ની છે જેમાં ૩૮ આદિવાસી કુટુંબો અને ૧૯ બિન - આદિવાસી કુટુંબોનો સમાવેશ થાય છે.

## ૧૯૬૯ નો અહેવાલ નીચે પ્રમાણે છે :

નાના-સાંજા ગામ ઝઘડિયાથી ૫ માઇલ દૂર અને ભરૂચથી કાચા રસ્તે ૧૦ માઇલના અંતરે આવેલુ છે. નજીકનુ રેલવે સ્ટેશન ગૂમાનદેવ છે. પાકો રસ્તો ગૂમાનદેવ ઉપર થઇને પસાર થાય છે. ગામની ઉત્તરે નર્મદા નદી પસાર થાય છે જે ગામથી એકાદ માઇલના અંતરે આવેલી છે જયારે ગામની પૂર્વમાં કાવેરીની ખાડી આવેલી છે જે ગામની તદ્દન નજીકમાં જ છે. ગામની આજુબાજુ આવેલ ગામોમાં ઉત્તરે ઉચેડીઆ, દક્ષિણે કપલસાડી, પૂર્વમાં ગૂમાનદેવનુ મંદિર, રેલવે સ્ટેશન તથા ગૂમાનદેવનુ ફળિયુ અને પશ્ચિમમાં ગોવાલી ગામ આવેલાં છે. આજુબાજુના બધાંજ ગામો મોટા તથા વધારે બિન-આદિવાસી વસતિવાળાં છે. કપલસાડી-માં મુસલમાનોની વસતિ વધારે છે જયારે ઉચેડીઆમાં માછીની વસતિ વધારે છે, ગૂમાનદેવ એ નાના-સાંજાનુ એક ફળિયુ છે. ત્યાં વસવાની વસતિ છે તથા ગૂમાનદેવના હનુમાનનુ મોટુ મંદિર આવેલુ છે. ગોવાલી ગામમાં વધારે વસતિ બિન-આદિવાસી છે અને તે ૨૦૦૦ થી વધુ વસતિ ધરાવે છે. ગામમાં વીજળી, પોસ્ટ ઓફીસ તથા માધ્યમિક શાળાની સગવડ છે.

## વાહન વ્યવહાર :

ગામમાં રેલવે તથા સ્ટેટ ટ્રાન્સપોર્ટ બસનો લાભ હાલમાં ખૂબજ સારો મળે છે. ગામથી ભરૂચ, અંકલેશ્વર, રાજપીપળા, ઝઘડિયા જવા માટે સીધી જ બસ સર્વિસ મળે છે. આ સિવાય ગૂમાનદેવ રેલવે સ્ટેશન પણ ગામથી ૧/૨ માઇલના અંતરે આવેલુ છે. ગૂમાનદેવ એ રાજપીપળા અંકલેશ્વર રેલવે લાઇન ઉપરનુ રેલવે



સ્ટેશન છે. જો કે ગામમાંથી રેલવે સ્ટેશને જતાં વચ્ચે કાવેરીની ખાડી ઓળંગવી પડે છે. શિયાળા ઉનાળામાં તો તે સહેલાઇથી વટાવી શકાય છે પણ ચોમાસામાં જયારે પૂર આવે ત્યારે ખાડી ઓળંગી શકાતી નથી. ખાડી ઉપર રેલવે અને રસ્તા ઉપર પૂલ બનાવેલ છે પણ તે ગામથી ગૂમાનદેવ જતા રસ્તા ઉપર આવેલ નથી પણ ત્યાંથી થોડા દૂર આવેલા છે અને ત્યાં જવા માટે ગામથી કોઇ સરળ રસ્તો નથી. હાલ જે રાજપીપળા અંકલેશ્વર પાકો રસ્તો છે તે પાંચેક વર્ષ પહેલાં મેટલરોડ હતો પણ છેલ્લા ચાર વર્ષથી આ રસ્તા ઉપર એસ.ટી. બસની સગવડ ખૂબજ વધવા પામી છે અને તેનો લાભ પણ ગામને મળે છે. કાચા રસ્તે થઇને ભરૂચ તથા અંકલેશ્વર જતી બસો નાના સાંજા ગામમાં થઇને જ પસાર થાય છે અને આ બસનો સારો લાભ ગામ લોકોને મળે છે. જો કે ચોમાસા-માં આ બસ સર્વિસ બંધ થતાં ગૂમાનદેવ બસ સ્ટોપ યા રેલવે સ્ટેશનનો મુસાફરી માટે ઉપયોગ કરવો પડે છે. ગામમાં થઇને એસ.ટી. બસ ચારેક વર્ષથી જાય છે તે પહેલાં તો ગૂમાનદેવ જ જવુ પડતુ હતુ. શરૂઆતમાં માત્ર એકજ ટાઇમ આ બસનો લાભ મળતો હતો પણ હવે તો દિવસમાં ચાર ટાઇમ જવાના અને ચાર ટાઇમ આવવાના થયા છે જેથી રેલવે સ્ટેશનનો અને ગૂમાનદેવ બસ સ્ટોપનો ઉપયોગ નાના-સાંજા ગામના લોકો ન છૂટકે જ કરે છે. આ બસ શરૂ થવાથી શાકભાજી ભરૂચ તથા અંકલેશ્વર મોકલવાની સગવડ પણ વધી છે. પહેલાં ભરૂચ જવા માટે અંકલેશ્વર જવુ પડતુ અને ત્યાર-બાદ ભરૂચ જવાતું ત્યારે હાલમાં સીધા જ બસ માર્ગે એકજ કલાકમાં ભરૂચ જઇ શકાય છે આ રીતે છેલ્લા પાંચેક વર્ષમાં એસ.ટી.બસની સગવડોનો લાભ વધતો રહયો છે. જો કે ગામની આદિવાસી વસતિ તો વાહનોનો ઉપયોગ બહુજ ઓછો કરે છે. ભરૂચ, ઝઘડિયા કે અંકલેશ્વર તો ચાલીને જ જાય છે. વારંવાર તેમને આ રીતે

બહાર જવાનું થતું નથી પણ બિન આદિવાસી વસતિને વાહન વ્યવહારના લાભો વધવાને કારણે સારો ફાયદો છે. ગામની પોસ્ટ ઓફીસ ઉચેડીઆ છે જે ગામથી ૧ માઇલને અંતરે આવેલી છે અને તાર તથા ટેલિગ્રાફ ઓફિસ ઝઘડિયામાં છે.

## આબોહવા તથા વરસાદ :

ગામનો મુખ્ય ધંધો ખેતી છે અને ખેતીને સીધો સંબંધ વરસાદ તથા આબોહવા સાથે રહેલો છે. ઉનાળામાં સખત ગરમી પડે છે. શિયાળામાં ઠંડી અને ચોમાસામાં વરસાદ તથા ગરમી પડે છે. ઉનાળામાં રાત્રિ અને દિવસનાં ઉષ્ણતામાનમાં પણ તફાવત હોય છે. વરસાદની ૠતુ જૂન થી ઓકટોબર સુધીની ગણાય છે, પણ વરસાદના દિવસો દર વર્ષે એક સરખા હોતા નથી તેને કારણે વરસાદ વધારે હોવા છતાં ઘણીવાર પાછળથી યા શરૂઆતમાં વરસાદની ખેંચ પડે છે. નીચે ૧૯૫૨ થી ૧૯૬૮ સુધીનો વરસાદ ઈંચમાં આપેલો છે અને ૧૯૬૧ થી વરસાદના દિવસો પણ આપેલા છે. આ આંકડા પરથી વરસાદની અનિયમિતતાનો ખ્યાલ આવશે.



| વર્ષ | વાર્ષિક વરસાદ | ઝઘડિયા વરસાદના દિવસો |
|---|---|---|
| ૧૯૫૨ | ૫૭.૧૧ | |
| ૧૯૫૩ | ૪૪.૧૨ | |
| ૧૯૫૪ | ૪૫.૧૩ | |
| ૧૯૫૫ | ૪૫.૫૦ | |
| ૧૯૫૬ | ૫૨.૩૫ | |
| ૧૯૫૭ | ૩૫.૦૯ | |
| ૧૯૫૮ | ૩૮.૨૩ | |
| ૧૯૫૯ | ૫૨.૯૫ | |
| ૧૯૬૦ | ૨૪.૭૪ | |
| ૧૯૬૧ | ૧૫.૦૨ | ૧૯ |
| ૧૯૬૨ | ૪૨.૯૦ | ૬૪ |
| ૧૯૬૩ | | -- |
| ૧૯૬૪ | ૩૮.૫૦ | ૪૭ |
| ૧૯૬૫ | ૧૯.૬૪ | ૩૭ |
| ૧૯૬૬ | ૩૧.૦૦ | ૩૮ |
| ૧૯૬૭ | ૪૪.૦૦ | ૬૪ |
| ૧૯૬૮ | ૩૪.૪૪ | ૩૪ |

તાલુકામાં વરસાદનું પ્રમાણ એકંદરે સારુ છે. ૩૦ ઈંચ કરતાં ઓછો વરસાદ હોય તેવા વરસો ખૂબ ઓછાં છે. જો કે ૧૯૬૧ અને ૧૯૬૫ ના વર્ષમાં વરસાદ ખૂબજ ઓછો ગણી શકાય ૧૯૬૧ માં તો વરસાદના દિવસો પણ ખૂબજ ઓછા છે મધ્ય ગુજરાત તથા ઉત્તર ગુજરાત કરતાં આ વિસ્તારમાં વરસાદનું પ્રમાણ વધારે છે અને તેને કારણે ચોમાસામાં વરસાદનું પ્રમાણ

વધારે છે અને તેને કારણે ચોમાસામાં વરસાદના અભાવે પાક નિષ્ફળ જવાનું ભાગ્યે જ બને છે. ૧૯૫૨ થી ૧૯૭૦ સુધીનાં વર્ષોમાં ૧૯૭૦ ના વર્ષ સિવાય બધાજ વર્ષો દરમિયાન વરસાદનું પ્રમાણ ઘણું સારું રહેવા પામ્યું છે. આ વિસ્તારમાં થતા કપાસ અને જુવારના પાક માટે આ વરસાદ પૂરતો પણ ગણી શકાય.

## ગામની રચના - ઘરો તથા લોકો :

ગામ વચ્ચે થઇને એક મુખ્ય માર્ગ પસાર થાય છે અને આ માર્ગની બન્ને બાજુએ વસવાટનાં મકાનો (ગામઠણ) આવેલાં છે. કાવેરીની ખાડી પસાર કરી આગળ ચાલીએ એટલે સૌ પ્રથમ વસાવા વસતિનાં મકાનોની શરૂઆત થાય આમ ગૂમાનદેવ તરફથી ગામમાં પ્રવેશતાં પ્રથમ વસાવાના મકાનો જોવા મળે. વસાવાની વસતિ ખાસ કરીને ત્રણ ફળિયાઓમાં વહેંચાયેલી છે. આ ત્રણ ફળિયામાંથી એક ફળિયુ ગામના મુખ્ય માર્ગની ડાબી સાઇડે અને બે ફળિયાં મુખ્ય માર્ગની જમણી સાઇડે આવેલાં છે. આ ફળિયાના નામ અનુક્રમે મીઠા ભગતનું ફળિયું, જગલા ફળિયુ અને પારસી ફળિયુ છે. આ ત્રણે ફળિયામાં વસાવાની વસતિ છે. પારસી ફળિયામાં એક કુટુંબ પારસી રહે છે અને તેને કારણે તે પારસી ફળિયાના નામે ઓળખાય છે. મીઠા ભગતનું ફળિયુ મીઠા વસાવા-ના નામ પરથી પડેલુ છે. તે પોતે ભગત હતા અને દારૂ તથા માંસાહારનો ત્યાગ કરેલો. આજે પણ તે ફળિયામાં ભગત થયેલાં કુટુંબો વધારે છે અને અગિયારસ, પૂનમ કરવા, નદીમાં સ્નાન કરવું, ભજન કરવાં તથા દારૂ તથા માંસ નહિ લેવાના નિયમોનું ચૂસ્તપણે પાલન કરતાં જોવા મળે છે. જગલા ફળિયુ જગલા વસાવાના નામ પરથી પાડેલ છે અને તે ફળિયામાં જગલા



વસાવાના કુટુંબો ખાસ કરીને રહે છે. જગલા ફળિયુ કાવેરી ખાડીની ઘણુંજ નજીક છે અને તેને કારણે તે થોડી ઉંચાઇ ઉપર આવેલું છે. આ ત્રણે ફળિયામાં ગામના પ્રવેશમાં જ આવેલા છે. મુખ્ય માર્ગે આગળ જઇએ એટલે પંચાયતે બાંધેલ બેઠકવાળો ચોતરો આવે જેની આજુબાજુનો વિસ્તાર વડફળિયા તરીકે ઓળખાય છે. આ ચોતરો એ હાલનું ગામનુ બસસ્ટેન્ડ છે તથા ઉનાળામાં ત્યાં પરબ પણ બેસે છે. રાત્રે ગામના લોકો ભેગા મળે છે અને મોડી રાત સુધી જુદી જુદી વાતો કરે છે. વડફળિયાથી એક રસ્તો ગોવાલી ગામ તરફ અને બીજો રસ્તો માછી તથા રજપૂતોના ઘરો તરફ વળે છે. આ રસ્તાની બંને બાજુએ એકજ હારમાં મકાનો આવેલાં છે. શરૂઆતમાં માછી કોમનાં અને ત્યારબાદ રજપૂતોના મકાનો આવેલા છે. તેમાં બ્રાહ્મણ, ભવૈયા વગેરેના મકાનોનો પણ સમાવેશ થઇ જાય છે.

## લોકો :

ગામમાં જુદી જુદી કોમના લોકો વસવાટ કરે છે તેમાં વસાવા, રજપૂત અને માછી મુખ્ય ગણી શકાય. જ્ઞાતિ વાર કુટુંબો અને વસતિ તપાસીએ તો તે નીચે પ્રમાણે છે.

( ૧૯૬૮ નાના-સંજા )

| જ્ઞાતિ | કુટુંબની સંખ્યા | વસતિ | કુટુંબનું કદ |
|---|---|---|---|
| વસાવા | ૭૬ | ૪૩૫ | ૫.૭ |
| રાજપૂત | ૨૫ | ૧૪૭ | ૫.૯ |
| માછી | ૧૬ | ૧૦૧ | ૬.૩ |
| હરિજન | ૭ | ૩૨ | ૪.૬ |
| ભરવાડ | ૮ | ૬૧ | ૭.૬ |
| બ્રાહ્મણ | ૪ | ૨૪ | ૬.૦ |
| અન્ય | ૧૩ | ૬૫ | ૫.૦ |
| | ૧૪૯ | ૮૬૫ | ૫.૮ |

બાજુના કોઠા પરથી જણાશે કે ગામમાં સૌથી વધારે વસતિ વસાવાની છે. જયારે રાજપૂત કોમનો વસતિમાં બીજો નંબર ગણી શકાય. ૧૯૬૧ માં વસાવાનાં ૭૨ કુટુંબો અને ૪૬૪ ની વસતિ હતી જયારે હાલમાં કુલ ૭૬ કુટુંબો અને ૪૩૫ ની વસતિ છે. એટલે કે કુટુંબ સંખ્યા ૪ ની વધી છે જયારે વસતિમાં ૨૯ નો ઘટાડો થયો છે. આમ બનવાનું મુખ્ય કારણ કુટુંબોમાંથી કેટલાક સભ્યો બહાર ગયા હોય અને છોકરાઓનું પ્રમાણ વધારે હતુ જેના લગ્ન થઈ ગયાં હોય જેને કારણે કુટુંબ સંખ્યા વધવા છતાં વસતિમાં ઘટાડો થયો હોય. આ સમય દરમિયાન વસાવા કુટુંબોમાં મૃત્યુ દર ઉંચો હોય તો પણ આમ બનવા પામે. રાજપૂતોની કુટુંબ સંખ્યામાં ઘટાડો થયો છે પણ ૧૯૬૧ કરતાં હાલમાં વસતિમાં થોડો વધારો થયો છે. માછી જ્ઞાતિમાં કુટુંબ સંખ્યા ૧૬૪ રહી છે. બિન હિન્દુ કુટુંબોમાં માત્ર ૧ પારસી કુટુંબ હતુ અને બિન હિન્દુ



વસતિ ૭ હતી. હાલમાં ગામમાં કુલ બિન હિન્દુ કુટુંબોની સંખ્યા ૫ ની છે જેમાં ૨ પારસી અને ૩ મુસલમાન કુટુંબો છે. બિન હિન્દૂ વસતિ ૨૫ છે જેમાં ૭ પારસી અને ૧૮ મુસલમાન છે. મુસલમાનની વસતિ ગૂમાનદેવ ફળિયામાં રહે છે તેઓ બાજુના ગામમાંથી આવીને અહીં વસેલ છે. તેમનો ધંધો નોકરીનો છે. અન્ય ૧૩ કુટુંબોમાં ૫ બિન હિન્દુ, ૨ કોળી, ૨ વાળંદ, ૧ દરજી, ૧ ભવૈયા ૨ બાવા જ્ઞાતિના કુટુંબો છે. બાવા કુટુંબો ગૂમાનદેવ મંદિરમાં રહે છે અને તે મંદિરની પૂજા કરવાનું કામ કરે છે. તથા મંદિરની જમીન સાચવવા ખેતી કરાવવી અને મિલકતની દેખરેખ રાખવાનું કામ કરે છે.

## મકાનો :

ગામમાં દરેક પાસે રહેવા માટે પોતાનું મકાન છે. કેટલાક કુટુંબો પાસે એક કરતાં વધારે મકાન પણ છે. આ ગામમાં મકાનોની રચના તથા છાપરાં જુદા જુદા પ્રકારનાં છે. ખાસ કરીને આદિવાસી તથા બિનઆદિવાસી વસતિના મકાનોમાં ખૂબજ મોટા તફાવત પહેલી નજરે જ જોવા મળે છે. ગામમાં પ્રવેશી સમગ્ર ગામને પ્રથમ નજરે જોતાં જ ખ્યાલ આવી જાય કે આ વિસ્તારમાં આદિવાસી વસવાટ છે અને આ વિસ્તારમાં બિન આદિવાસી વસતિ છે. આદિવાસી વસાવાનાં મકાનો ખૂબજ નીચાં, માટી યા કપાસની સાંઠીની દિવાલોવાળા એકજ ખંડનાં તથા ઘાસ યા નળિયાનાં છાપરાંનાં છે. વળી આ વિસ્તારમાં લાકડાની ખૂબજ ખેંચ હોવાને કારણે મકાનોમાં લાકડું ઓછું વાપરે છે અને કપાસની સાંઠીનો વધારે પ્રમાણમાં ઉપયોગ કરે છે. મકાનો તદ્દન નજીક નજીક હોય છે. મકાનની

પાછળ કે આગળના ભાગમાં વાડા કે છૂટી જમીન બિલકુલ હોતી નથી. ગંદકી પણ ખૂબજ હોય છે. મકાનમાં પવનની આવજા માટે અને રસોડામાંથી ધૂણી જવા માટેની કોઇ સગવડ હોતી નથી. છાપરાં ખૂબજ નીચાં હોવાથી મકાનમાં પ્રવેશની વખતે નીચા નમીને જવું પડે છે. મકાનમાં પણ ફરતી વખતે ઘણી વખત નીચા નમવું પડે છે. કેટલાક આદિવાસી કુટુંબોએ છાપરાં ઉપર મેંગલોરી નળિયાં નખાવ્યા છે પણ આવાં કુટુંબોની સંખ્યા ખૂબજ ઓછી છે.

ગામમાં કેટલાક રજપૂત, માછી અને બ્રાહ્મણ કુટુંબો પાસે પાકાં મકાનો છે: આ મકાનો ઈંટથી ચણેલાં અને તેના ઉપર સીમેન્ટનું પ્લાસ્ટર તથા રંગ કરાવેલ છે. મકાન ઉપર પતરાં તથા મેંગલોરી નળિયાં વાપરેલ છે. એક કરતાં વધુ માળવાળાં પાંચેક મકાનો ગામમાં છે તથા આર.સી.સી.ના બાંધકામવાળું એક મકાન પણ છે. એક રાજપૂતનું મકાન ઘણુંજ વિશાળ, કલાત્મક રંગોવાળું, વિશાળ ખંડો ધરાવતું તથા એક કરતાં વધારે મજલાવાળું છે. આ મકાન પ્રથમ તપાસ વખતે પણ હતું પણ ત્યારબાદ તે મકાનના સમારકામ અને રંગ કામમાં ઘણો ખર્ચ કરી મકાનને સુંદર બનાવ્યું છે. મકાનમાં લાકડાનો ઉપયોગ ખૂબજ પ્રમાણમાં કરવામાં આવ્યો છે. આ રજપૂત ગામમાં પાંચેક મકાન ધરાવે છે. રાજપૂત, માછી તથા બ્રાહ્મણ કોમનાં મકાનોની પાછળના ભાગમાં ખૂબજ મોટા વાડા હોય છે. આ વાડામાં ઘાસ રાખવું, ઉકરડો કરવો તથા શાકભાજીનું વાવેતર કરે છે. મકાનો પણ ખૂબજ લાંબા હોય છે.

ગામમાં વસતિ જુદી જુદી કોમોમાંથી પ્રથમ કોણ ગામમાં આવ્યું તે વિશે જુદી જુદી કોમના લોકો જુદા જુદાં મંતવ્યો ધરાવે છે. રાજપૂતોના કહેવા પ્રમાણે સૌ પ્રથમ અહીં રજપૂત કુટુંબ



રહેવા આવ્યું અને ત્યારબાદ બીજી વસતિ ગામમાં આવી. માછીના કહેવા પ્રમાણે બાજુના ગામમાંથી કેટલાંક કુટુંબો અહીં આવીને વસેલાં ત્યારબાદ આજુબાજુના પ્રદેશમાંથી વસાવા આવ્યા. પછી રજપૂતો અને અન્ય કોમો અહીં વસવાટ માટે આવી.

ગામના એક વૃધ્ધ ભરવાડના જણાવ્યા પ્રમાણે આ ગામ સૌ પ્રથમ ભરવાડ અને ભવૈયાઓનું હતું તેમની વંશાવહીના ચોપડાઓ પણ જણાવે છે અહીં સૌ પ્રથમ ભરવાડ અને ભવૈયા આવેલા. તે સમયે આ વિસ્તારમાં સખત જંગલ હતું અને ખેતી ખૂબજ ઓછા પ્રમાણમાં થતી, વસતિ પણ ખૂબજ ઓછી હતી. ભરવાડ ખૂબજ સંખ્યામાં ઢોર રાખતા અને જંગલોમાં તે ઢોર ચરાવાતા. વિશાળ જંગલ વિસ્તાર હોવાથી ઢોરોને ચરવા માટે પૂરતી જમીન મળી રહેતી. ભવૈયા કુટુંબો વર્ષના આઠ મહિના જુદા જુદા ગામડાઓમાં જઇ નાટક ભજવતા આમ તે લોકો પણ ખેતીને મહત્વ આપતા નહિ. થોડા સમય બાદ આ બે કોમના આગેવાનોને એમ લાગ્યું કે આપણો ધંધો જ એવો છે કે પંચાતનું કામ કરવાનો આપણને બિલકુલ સમય રહેતો નથી તો ગામની ભાંજગડ કરી શકે તથા બહારનાં કામ કરી શકે તેવી કોઇ વ્યકિતને અહીં લાવીને વસાવીએ. આથી એક ગરીબ પણ શિક્ષિત તેવા રાજપૂત કુટુંબો પણ આવ્યાં રજપૂતો આવ્યા ત્યારબાદ ખેતીનું મહત્વ વધ્યું અને તેથી જંગલ વિસ્તારો કે જયાં ગૌચર હતું ત્યાં ખેતી થવા માંડી આથી ગૌચરની જમીન ઓછી થઇ. તેથી ભરવાડોની વસતિ ગામમાંથી ઓછી થઇ. રાજપૂતોને સસ્તી મજૂરી કરી શકે તેવી કોઇ કોમની જરૂર હતી. તાલુકામાં પર્વતી વિસ્તારમાં રહેતા આદિવાસીઓને મજૂરો તરીકે ગામમાં લાવીને વસાવ્યા. ધીમે ધીમે મજૂરોની જરૂર વધવા લાગી અને તેથી મજૂરો તરીકે વધુને

વધુ વસાવા અહીં આવીને વસ્યા અને મૂળ વસતિ જે ભરવાડ ને ભવૈયાઓની હતી તે રજપૂત અને વસાવાઓની થઇ. રજપૂતો જમીન માલિક અને વસાવા ખેત મજૂર તરીકે ગામમાં સ્થિર થયા.

વસાવા કોમના કેટલાક સભ્યોના જણાવ્યા પ્રમાણે ગામમાં સૌ પ્રથમ વસાવા કોમ આવેલી. ત્યારબાદ આજુબાજુના ગામોમાંથી બીજી કોમો આવીને વસેલી. તે વખતે જમીનના માલિક વસાવા હતા પણ આળસ તથા વ્યસનોને કારણે રાજપૂતોના દેવાદાર બન્યા અને તેના બદલામાં જમીનો તેમની માલિકીની બની અને અમારી કોમ જમીનો જવાથી મજૂરીભર બની.

આમ જુદી જુદી કોમના લોકો આ ગામમાં પ્રથમ કોનો વસવાટ થયો તે માટે જુદાં જુદાં મંતવ્યો ધરાવે છે તેમાંથી વધુ સાચું કોણ તે અંગે ચોક્કસ જાણી શકાતું નથી.

ગામનું અસલ નામ સાંજા હતું પરંતુ આજ તાલુકામાં સાંજા ગામથી થોડે દૂર મોટા-સાંજા નામનું ગામ હોવાથી આ ગામને નાના-સાંજા નામથી ઓળખવામાં આવે છે. ગામનું નામ સાંજા શા માટે પડયું તે વિષે કોઇને કંઇ જાણ નથી.

૧૯૬૧ ની વસતિ ગણતરી પ્રમાણે ગામની કુલ વસતિ ૮૫૪ ની હતી. જેમાં ૫૦.૭ ટકા પુરૂષ અને ૪૯.૩ ટકા સ્ત્રી વસતિ હતી પ્રથમ તપાસને સમયે ગામની વસતિ ૮૫૧ ની હતી એટલે કે ૧૯૬૧ ની વસતિ કરતાં ૩ ની વસતિ ઓછી હતી જયારે બીજી તપાસ વખતે (૧૯૬૮) ગામની કુલ વસતિ ૮૬૫ ની છે. આ ૧૯૬૧ થી ૧૯૬૮ સુધીમાં વસતિમાં ખાસ ફેરફાર થયો નથી. આઠ વર્ષના સમય દરમિયાન માત્ર ૧૪ માણસોનો વધારો થયો છે. આ વધારો ખૂબજ ઓછો ગણી શકાય. જુદી જુદી વસતિની



પ્રથમ તપાસ અને બીજી તપાસ સમયની વસતિ તપાસીશું તો વસતિમાં થયેલ ફેરફારો જોવા મળશે.

| | પ્રથમ તપાસ વખતે વસતિ (૧૯૬૦) | બીજી તપાસ વખતે (૧૯૬૮) | વસ્તીમાં થયેલ વધારો ઘટાડો |
|---|---|---|---|
| બ્રાહ્મણ | ૧૯ | ૨૪ | + ૫ |
| માછી | ૯૬ | ૧૦૧ | + ૫ |
| રાજપૂત | ૧૩૯ | ૧૪૭ | + ૮ |
| ભરવાડ | ૫૭ | ૬૧ | + ૪ |
| ભવૈયા | ૬ | ૩ | − ૩ |
| દરજી | ૪ | ૧૧ | + ૭ |
| વાળંદ | ૬ | ૯ | + ૩ |
| કોળી | ૧૯ | ૧૧ | − ૮ |
| હરિજન | ૩૪ | ૩૨ | − ૨ |
| વસાવા | ૪૬૪ | ૪૩૫ | −૨૯ |
| બાવા | − | ૬ | + ૬ |
| પારસી | ૭ | ૭ | − |
| મુસલમાન | − | ૧૮ | +૧૮ |
| કુલ... | ૮૫૧ | ૮૬૫ | +૧૪ |

૧૯૫૧ થી૧૯૬૧ના પૂરા થતા દશકા દરમિયાન જિલ્લામાં વસતિ વધારાનો દર ૨૪.૩૧ ટકાનો હતો. જિલ્લાના આ વસતિ વધારાની સાથે નાના-સાંજા ગામના વસતિ વધારાને જોઇએ તો છેલ્લા આઠ વર્ષમાં થયેલ વસતી વધારો ખૂબજ નજીવો ગણાય. ગામમાં થયેલ વસતિ વધારાનો ચોક્કસ ખ્યાલ મેળવવા

છેલ્લા આઠ વર્ષમાં થયેલ જન્મ અને મરણ તથા ગામમાંથી બહાર ગયેલ સંખ્યો અને બહારથી આવેલ સભ્યોની સખ્યાની ચોકકસ માહિતી હોય તો જ જાણી શકાય.

દર ચો.માઇલે વસ્તીનુ પ્રમાણ તાલુકામાં ૩૦૫, જિલ્લાનુ ૨૯૯ અને રાજ્યનુ ૨૯૦ નુ છે. રાજ્યના દર ચો.માઇલે વસતિના પ્રમાણ કરતાં જિલ્લાનુ તથા તાલુકાનુ દર ચો.માઇલે વસતિનુ પ્રમાણ થોડુ વધારે છે. જો કે ભરૂચ જિલ્લાના કેટલાક તાલુકાઓ-માં તો દર ચો.માઇલે વસતિનુ પ્રમાણ ખૂબજ નીચુ જોવા મળે છે. જેમકે ડેડિયાપાડા તાલુકામાં આ પ્રમાણ માત્ર ૧૧૩ જ છે. ઝઘડિયા તાલુકામાં વસતિનુ પ્રમાણ વધારે હોવાનુ કારણ તાલુકાનો કેટલોક ભાગ સપાટ તથા ખૂબજ ફળદ્રુપ જમીનવાળો છે. નર્મદાકાંઠે આવેલો તાલુકાનો વિસ્તાર ખેતી માટે ખૂબજ સારો છે. તેથી આ વિસ્તારમાં વસ્તીનુ પ્રમાણ વધારે છે. જ્યારે તાલુકાનો ડેડિયાપાડા, વાલિયા વગેરે તરફનો વિસ્તાર પર્વતોવાળો અને જંગલોથી છવાયેલો છે તેથી તે વિસ્તારમાં વસતિનુ પ્રમાણ ઓછુ છે.

## પ્રકરણ – ૨

## ભૌતિક સસ્કૃતિક

### ઘરની રચના :

ગામમાં ઘરો લગોલગ છે. બિનઆદિવાસીનાં ઘર ગામમાં બે સામસામી હારમાં છે. હારજી વચ્ચે મોટો રસ્તો છે. વચ્ચે લીમડાનાં ઝાડ છે તેમજ આ રસ્તામાં બે જાહેર કૂવાઓ આવેલા છે. દરેક માણસ ઢોર ઘરની આગળ બાંધે છે. બિનઆદિવાસીઓમાં ચાર પાંચ ઘર સિવાય બધાં ઘરો એકમાળના છે અને પાંચ પાકા મકાનો સિવાય દરેકને દિવાલ માટીની છે. જેના પર લીંપણ કરેલ છે. ઉપર વાંસની નળીઓ અને નળીયાં મૂકેલ હોય છે. કેટલાક ઘરો ઉપર મેંગ્લોરી નળીયાં છે. બિન આદિવાસીઓના ઘરો પ્રમાણમાં ઘણાં મોટા હોય છે. પ્રથમ ઓસરી, ઘર, ઓરડો આમ ત્રણ ખંડો મોટા હોય છે. દરેક ઘરની પાછળ મોટો વાડો હોય છે. આમાં પણ થોડા ભાગમાં લીંપણ કરી કેટલાક વાડામાં રસોડુ બનાવી રાંધે છે. ઘરને ભોંયતળિયે લીંપણ છે. જ્યારે વસાવાઓના ફળિયા ગામની બિનઆદિવાસીની વસતિની બહાર છે. તેમજ વસાવાના ફળિયા પાછળ હરિજનનાં ઘર છે. બીજી બાજુ ભરવાડનાં ઘર છે. અને મુસલમાન ને પારસીનાં, વસાવાનાં ઘરો પણ એકબીજાની ભીંતને અડીને સામસામી હારમાં હતાં. તેઓની દિવાલો માટીની અને ઉપર વાંસનુસાજ અને તેની ઉપર નળીયાં બેત્રણ ઘરની ઉપર મેંગ્લોરી નળીયાં છે. જ્યારે કેટલાક ઘરોની ઉપર ઘાસ કાઢેલુ છે. ઘરો એક ખંડના છે. ચારેક ઘરો બે ખંડના છે તે સિવાયના વસાવાના ઘરો ને એક ખંડ હોય છે. વસાવાના ઘરોને પાછળ વાડો નાનો હોય છે. પણ વાડામાં

બારણું કોઇક ઘરને જોવા મળે છે. આ વાડા દરેકને ઘેર નહીં માત્ર થોડાક કુટુંબોને છે. ઘરની દિવાલો લીંપણ કરેલ તેમજ ભોંયતળિયે પણ લીંપણ કરેલું હતું. ને ઘરની આગળ કેટલાક વસાવાએ માટીનો ઓટલો બનાવે છે. અને વસાવાઓ પણ પોતાના ઢોરોને ઘરની આગળ બાંધે છે. ઘર પ્રમાણમાં નાનું હોય છે. આ ઘરો વસાવાઓ પોતાની જાતે બાંધે છે. નજીકના કુટુંબીજનો હોય તો એકબીજાને મદદ કરે છે. નહીંતર મજૂરી લે છે ઘરના છાપરાનો ઢાળ વધારે નીચો હોય છે.

એક ઓરડામાં એક બાજુ ચૂલો રાખે છે અને તે સિવાય માટીની કોઠીઓ એકબાજુ મૂકી રાખે છે. તે સિવાય ઘરવપરાશનો સામાન ઓરડામાં મૂકી રાખે છે. ખાટલા ઘરની બહાર મૂકી રાખે છે. ઘરવખરીમાં એક બે પિત્તળ કે એલ્યુમિનિયમના વાસણો હોય છે. તે સિવાય માટીનાં વાસણો હોય છે. પાણી પીવાનાં માટલાં કેટલાંક ઘરોની બહાર ઘોડી ઉપર મૂકેલ હતા તે સિવાય કેટલાક માટીના ઓટલા કરી તેના ઉપર માટલાં મૂકે છે. કોઇ ઘરને બારી મૂકેલ હોતી નથી. બારણાં લાકડાનાં કોઇક કોઇક ઘરને છે. તે સિવાય કેટલાક વાંસની કટલી બનાવી બંધ કરી રાખે છે.

લાકડાં બહુ મોંઘાં મળતાં હોવાથી ઘર બાંધવું મુશ્કેલ પડે છે. કારણ કે આર્થિક સ્થિતિ સારી ન હોવાથી ઘર બનાવતાં ખર્ચ થાય તેને પહોંચી વળાતું ન હોવાથી પ્રમાણમાં નાનું અને એક ઓરડાનું બનાવે છે કેટલાક ઉપર ઘાસ ઢાંકી રાખે છે.



## ખોરાક અને પીણાં :

ખોરાકમાં મુખ્ય જુવાર છે. તે સિવાય બંટી, કુરી, ચણા, તુવેર, ચોખા, ઘઉં, ડાંગર વગેરેનો ઉપયોગ કરે છે. તે સિવાય મરઘી, માછલી, બકરું, સસલું વગેરેનો ખાવામાં ઉપયોગ કરે છે. પહેલાં પાડાનું માસ ખાતા હતા પણ હવે પાડાનું માંસ ખાતા નથી. બિન આદિવાસીઓમાં પણ મોટા ભાગના રાજપૂત, માછી અને ભરવાડ હોવાથી તેઓ પણ માંસ ખાવાનો ઉપયોગ કરે છે.

બીડીનું વ્યસન વસાવાના દરેક ઘરમાં છે. પુરૂષો આસીતરાના પાનની બીડીઓ હાથે બનાવીને પીએ છે. આ બીડીઓ માટે ગજવામાં તમાકુ અને પાન રાખે છે. જયારે બીડી પીવી હોય ત્યારે બનાવીને પી લે છે. બિન આદિવાસીઓ પણ આવી રીતે હાથે બનાવીને બીડીઓ પીએ છે. આ સિવાય વસાવા સ્ત્રીઓમાં દરેક સ્ત્રી બીડી કે ચલમ (ચુંગી) પીએ છે. આ સ્ત્રીઓ પોતાના મોંમાં ચુંગી રાખીને કામકાજ કરે છે. આ ચુંગી નાની હોય છે તેમાં તમાકુ ભરીને પીતી આપણને નજરે પડે તેમના મોંમાં ચુંગી ચાલુ હોય. તે ચુંગી (            ) આવી હોય છે પ્રમાણમાં નાની હોવાથી સાથે જ રાખે છે.

આ સિવાય દારૂ વસાવાઓમાં જે ભગત થયા છે અને રાત્રે ભજનો કરે છે તેવા દારૂ, માંસનો ઉપયોગ નથી કરતા તે સિવાયના વસાવાઓ દારૂ અત્યારે હાલ પણ પીએ છે. પણ ખાનગીમાં અને દારૂનો ભાવ પણ વધારે હોવાથી ઓછા પ્રમાણમાં પીવાય છે. પોલીસોનો જાપ્તો વધારે હોવાથી ખાનગીમાં પીએ છે અને બનાવે છે પણ ખરા, દારૂ કેટલાક રાજપૂતો અને માછીઓ પણ પીએ છે. તે સિવાય હરિજનો, પણ પીએ છે.

## પહેરવેશ અને દાગીના :

વસાવા પુરૂષો બિનઆદિવાસીઓ જેવોજ પોષાક પહેરે છે. નીચે ધોતિયુ પહેરણ અને માથે ફાળિયુ બાંધે છે. સ્ત્રીઓ સાડલો, ચણીયો અને કબજો પહેરે છે. કેટલીક સ્ત્રીઓ બોડિસ પણ પહેરે છે, વસાવા સ્ત્રીઓ ચણીયાની સાથે પહેરેલ સાડીનો પગે કાછોટો મારે છે.

પુરૂષો ઘરેણામાં કોઇકની પાસે મરકીઓ જોવા મળે ચાંદીની, તે સિવાય પુરૂષોના દાગીના ભાગ્યેજ પહેરેલા દેખાય છે. સ્ત્રીઓ દાગીનામાં કંદોરો, હાંસડી, સાંકળી કાનના દાગીના હાથના, પગના વગેરે ચાંદી તેમજ કથીરના હોય છે. દાગીના ખૂબજ ઓછા જોવા મળે છે.

## કુટુંબ વ્યવસ્થા :

પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા છે. કુટુંબની કમાણી પુરૂષ પોતાની પાસે રાખે છે અને ખર્ચ કરવામાં પણ તેનો નિર્ણય મહત્વનો હોય છે. મહત્વના નિર્ણયો પણ પુરૂષ લે છે.

ઉપર પ્રમાણે કુટુંબો જોતાં જોવા મળે છે કે અહીં કોઇ ભેદભાવ નથી. બધા વસાવા એકસ્તરના ગણાય છે. વસાવાઓ ગામમાં પોતાનાથી ઉતરતા હરિજનોને માને છે. તેઓ હરિજનોનુ ખાતા નથી કે તેમનું પાણી પીતા નથી. લગ્ન પ્રસંગોમાં વસાવાઓ પોતાના ફળિયાના અને સગાઓને આમંત્રણ આપે છે. તે સિવાય બિન આદિવાસીઓનો તેમના ઘેર પ્રસંગોમાં આવી શકે નહીં કારણ કે વસાવાનું પાણી કે ખાવામાં અભડાઇ જવાય તેવું બિન -



આદિવાસીઓ માને છે. કોઇના ઘેર આવા સંબંધો હોય તો તે પૈસાની મદદ કરે તે સિવાય ગામમાં જ્યારે પ્રસંગ હોય ત્યારે સંબંધ હોય તેવા કુટુંબોને જમવાનુ આપે છે. કારણ કે કામ કરનાર વર્ગ તો વસાવાનો છે. હરિજનો સાથે સામાજિક સંબંધો માત્ર ગામના છે તે સિવાય કંઇ નહીં.

અહીં વસાવાઓમાં કુટુંબ વ્યવસ્થા વધારે છે. બિન આદિ-વાસીઓના પ્રમાણમાં જો કે સંયુકત કુટુંબ પ્રથા પણ છે. પણ તેમાં વિભકત કુટુંબો વધારે છે.

## બિન આદિવાસીઓમાં "વસાવા" નું સ્થાન :

ગામમાં બિન આદિવાસી અને આદિવાસીનુ પ્રમાણ લગભગ સરખુ છે. છતાં બિન આદિવાસીઓ જમીનદાર અને સારી રીતે ખેતી કરે છે. આર્થિક રીતે પણ સુખી છે. જ્યારે વસાવાઓની આર્થિક સ્થિતિ સારી નથી. તેમનો મુખ્ય ધંધો મજૂરીનો છે. અને મજૂરી માટે આધાર ગામના ખેડુતો પર રાખવો પડે છે કે જ્યાંથી તેમને મજૂરી અને ખાવાનુ મળે છે. જ્યાં તેમનુ કુટુંબ પોષાય છે. આર્થિક રીતે પછાત છે તેમજ બિન આદિવાસીઓ વસાવાઓને (ભીલ) તરીકે ઓળખે છે અને ભીલ કહે છે. આથી આર્થિક રીતે પછાત હોવા છતાં તેમને સામાજિક રીતે પણ પછાત માને છે કારણ કે હિન્દુઓની માફક બધા જ્ઞાતિરિવાજ તેમજ તેમના જેવી વિધિઓ તેમના સમાજમાં ન હોવાથી પોતાનાથી ઉતરતા છે. " ભીલ " છે એવું માને છે. વસાવાનું અડકેલુ ખાતા પણ નથી.

વસાવા પુરૂષો ખેતમજૂર તરીકે કામ કરે છે અને સ્ત્રીઓ દરેક બિન આદિવાસીના ઘરમાં છાણ, વાસીદુ, પાણી, કપડાં વગેરે કામો કરે છે. એટલે એક મજૂરિયા વર્ગ તરીકે પણ તેમને નીચા ગણે છે. મજૂરીની ગરજ વસાવાઓને છે. તેથી મજૂરીના દર પણ સસ્તા છે દરરોજનો એક રૂપિયો અને ખાવાનુ આપે છે. સ્ત્રીને મહિનાના બે ત્રણ રૂપિયાને એક રોટલો આપે. જો બાર માસ માટે કામ કરવા બંધાય પુરૂષ તો ૧૦૦ રૂપિયા , ખાવાનુ અને કપડાં આપે છે:

## પ્રકરણ - ૩

## સામાજિક જીવન

### રીત - રિવાજો :

### જન્મ - બાલ્યાવસ્થા :

### રજસ્વલા સ્ત્રી :

રજસ્વલા સ્ત્રીને "માસિકમાં છે " કે "માસિક આવ્યુ છે" અથવા "નાહવાનુ છે." એમ કહે છે, માસિકમાં સ્ત્રી ચાર દિવસે નહાય છે. પણ તે હિન્દુઓના કોઇ આચારો પાળતી નથી. તેમજ ઘરનુ બધુંજ કામ કરે છે. અને બિન આદિવાસીઓને ઘેર પણ જેનુ કામ કરતી હોય તે કરે જાય છે. પાણી પણ ભરે છે. (એકભાઇને પૂછતાં કહે કે કહેવાનુ જ નહીં કે માસિક આવ્યુ છે એટલે કામ કરે જાય.) આની પાછળનુ કારણ એ હોઇ શકે કે કામ કરીને ખાવાનુ સ્ત્રી લાવે છે. રોટલા વગેરે તે મળતા બંધ થાય એટલે કદાચ માસિકમાં પણ બિન આદિવાસીઓનુ કામ કરતી હોય. પોતાને ઘેર રાંધવાનુ પણ કરે છે. આ માસિક દરમ્યાન પુરૂષ જાતિય સંબંધ બાંધતો નથી.

માસિક આવતુ બંધ થાય એટલે સ્ત્રી સમજે છે કે તેને ગર્ભ રહયો છે. કેટલાક પુરૂષો પણ બતાવે છે કે ગર્ભ રહે ત્યારે માસિક બંધ થાય. કેટલાક બતાવે છે કે સ્ત્રી કહે ત્યારે ખબર પડે ગર્ભ રંહયો છે, કેટલાક બતાવે છે કે પેટ ઉંચુ આવે ત્યારે જ ખબર પડે,

આમ છતાં મોટા ભાગના જાણે છે કે માસિક બંધ થાય ત્યારે ગર્ભ રહયો છે.

ગર્ભ રહયા બાદ તુરત કોઇ વિધિ કરતા નથી કે ગર્ભ રહે ત્યાંથી સુવાવડ સુધી જુદી જાતનો કંઇ ખોરાક કે વિટામીન આપતા નથી. ગર્ભ રહયાને સાતમા માસે ખોળો ભરવાની વિધિ કરે છે.

<u>સીમંત</u> : ( ખોળો ભરવો )

આ વિધિ ૧૦ વર્ષ પહેલાં કરતા ન હતા, પણ હિન્દુઓની સાથે રહેતા આ સંસ્કાર કરે છે. પણ બધાય કરતા નથી. જેની ઇચ્છા હોય તે અથવા આ વિધિ કરી શકે તેવી આર્થિક સ્થિતિ હોય તો કરે છતાં લગભગ સામાજિક પ્રતિષ્ઠા ખાતર ખોળો ભરવાની વિધિ કરે છે. જેમાં પિતૃપક્ષેથી પોતાની છોકરીને ત્યાં બેચાર જણા જાય. જયારે સાતમો માસ ચાલતો હોય ત્યારે પિયરથી ધોતિયુ, નાળિયેર, ચોખા લઇને જાય છે. ગર્ભ રહયો હોય તેને બેસાડીને ચાંલ્લો કરે નાડાછડી બાંધે છે. દિયર ભાભીને ખોળામાં બેસાડે (૧ રૂા. દિયરને આપવો પડે) જેની શકિત હોય તે કુટુંબના માણસોને ખવડાવે. ત્યારબાદ તે સ્ત્રીને તેના પિયર લઇ જાય. સ્ત્રીની પ્રથમ સુવાવડ પિતાને ઘેર થાય છે.

સુવાવડ સમયે પોતાની જાતિની દાયણ આવે છે દાયણને ૨ રૂા. અને અનાજ આપે છે. તેમજ દારૂ પાવો પડે છે. સુવાવડી સ્ત્રીને દારૂ શરીરે ઘસે અને પાય છે. કેટલીક વખત જયારે સ્ત્રીને સુવાવડ થવાની હોય તે સમયની ખબર પડે પેટમાં દુ:ખે ત્યારે તેને દારૂ પીવડાવે છે. જેથી પ્રસૂતિ સાથે દુ:ખની ખબર ન પડે. દાયણ



છ દિવસ સુધી દરરોજ આવે છે. છઠ્ઠા દિવસે છઠ્ઠીની વિધિ કરે છે.

<u>છઠ્ઠીની વિધિ</u> :

બાળક ૬ દિવસનુ થાય એટલે વિધાત્રા તેના લેખ લખે છે એમ માનીને આ વિધિ કરવામાં આવે છે. જેમાં રાત્રે દિવો સળગાવી, કંકુ, ચોખા વગેરે મૂકે છે. આજ દિવસે દાયણ નામ પાડે છે. બાળકનુ નામ બાળક નાનુ હોય ત્યારે ઘરના બીજાં બાળકો રમાડે છે. મોટુ થાય તેમ તે ઘરનુ કામકાજ કરે કે ઢોર લઇને ચરાવવા જાય છે. નિશાળે પણ જાય છે. કામ કરવા જેવુ થતાં મજૂરીએ જવા માંડે છે.

<u>ચુડા કર્મ</u> : (બાબરી ઉતરાવવી)

છોકરુ ત્રણથી ચાર વર્ષનુ થાય ત્યારે જો તેની બાધા રાખી હોય બાબરી ઉતરાવવાની તો તેને કુટુંબનાં બધાં ગુમાદેવ જાય નાળિયેર, દીવો લઇને ત્યાં જઇને મામો વાળ કાપી આગળ નાની ચોટી જેવું માથામાં રાખે છે. (અત્યારે લગભગ કેટલાક લોકો આ વિધિ કરે છે.) ૧૭ થી ૨૦ વર્ષના બાળકો થાય ત્યારે લગ્ન લાયક થયાં છે એમ માની તે તેમનાં લગ્નો માટે માતા-પિતા કન્યા જોતા રહે છે.

<u>લગ્ન</u> :

લગ્ન ખાસ કરીને એકસાથી થાય છે. ભાગ્યે જ બહુપત્નિત્વ જોવા મળે છે. બે પત્નીઓ રાખી શકાય. પણ નથી રાખતા તેનુ

કારણ કે આર્થિક સ્થિતિ સારી નથી. લગ્નનું દહેજ પણ ૨૦૦ થી ૩૦૦ રૂપિયા હોય છે જે તેમને માટે મોટી રકમ છે ભેગી કરવી તે, આથી એક પત્ની જ ખાસ કરીને જોવા મળે છે.

લગ્ન પ્રકારોમાં :

(૧) મા-બાપની પસંદગીનાં.

(૨) છોકરા-છોકરીની પસંદગીનાં જેમાં બંનેને પ્રેમ થાય અને જતાં રહે તો.

(૩) ખંધાડિયા પ્રથા :- આ પ્રથાથી લગ્નો થાય છે. પણ બહુજ ઓછા પ્રમાણમાં કારણ કે ખેતમજૂરો તરીકે કામ કરતા હોવાથી જમીનો વધારે હોતી નથી. માટે જમાઇને રાખીને પણ શું કરે ? તે તો મજૂરી જ કરવાનો, માટે આ પ્રથા ઓછી છે. છતાં આ પ્રથાથી લગ્ન થઇ શકે શકે છે કે દહેજ ન હોય અને સામા કન્યાના બાપની ઇચ્છા હોય તો પાંચ વર્ષ કામ કરવા રાખે. કેટલીક વખત છોકરો ન હોય અને છોકરી હોય તો ઘરજમાઇ તરીકે રાખે છે. માતા પિતાને પસંદ કરેલ અને વિધિસરનાં લગ્નો આ પ્રમાણે થાય છે.

સગાં વહાલાં ખબર આપે કે અમુકના ઘેર છોકરી છે પછી બે માણસો છોકરીના ઘેર જાય, પછી છોકરાના મા-બાપ નકકી કરવા જાય ત્યારે છોકરીવાળા મરઘું ખવડાવે અને દારૂ પાય ત્યારબાદ છોકરીના ઘેરથી બે જણા છોકરાનું ઘર અને છોકરાને જોવા આવે.



સગાઇ :

સગાઇ કરવા પ્રથમ છોકરાવાળા જાય છે. સાત માણસો જાય, જઇને છોકરાના ઘેર ઉતરે છે. (ખાવા પીવાનું છોકરીના બાપનું) સાંજના કુટુંબના માણસો બેસે, બધા ભેગા થાય પછી વેવાઇના હાથમાં નવ રૂપિયા આપે અને છોકરીને વચ્ચે બેસાડી ચાંલ્લો કરી ૧ રૂપિયો, ઓઢણી, કંકુ, ચોખા અને નાળિયેર આપે ત્યારબાદ દહેજ નકકી થાય. અને દાગીના કેટલા આપવા તે પણ નકકી થાય. (દાગીના લગભગ ૨૦૦ રૂ.) જેટલા અપાય છે. જેમાં મુખ્ય ( હેરિયો "સાંકળી ચાંદીની ગળામાં પહેરવાની", હાથનાં કડાં ચાંદીનાં).

ત્યારબાદ છોકરીવાળા સગાઇ કરવા છોકરાને ત્યાં જાય છે. તેઓ સાથે રૂમાલ, નાળિયેર, સાકર, કંકુ લઇને જાય. જઇને છોકરાને ઘેર જ સીધા ઉતરે છે. ખાવામાં મરઘું કે બકરું મહેમાનોને ખવડાવે છે અને દારૂ પાય પછી કુટુંબના માણસો ભેગા થઇને બેસે અને સાથે વેવાઇઓ પણ બેસે પછી છોકરાને એક પાટલા ઉપર બેસાડે, ચાંલ્લો કરે કંકુના, પછી ૧ રૂ., નાળિયેર, ટુવાલ છોકરાને આપે છે. સગાઇ કરવા આવનાર રાત રહેતા નથી. તેમને મૂકવા ઝાંપા સુધી જાય ત્યાં જઇને દારૂ પાય કે દારૂના ૫ રૂપિયા આપે.

ડાંગર ખાંડણી :

સગાઇના ત્રીજા દિવસે સારો વાર જોઇને પીઠીમાં બેસાડે. તે સમયે પાંચ છોકરીઓને બોલાવી સાંબેલું પકડાવે તેમજ લાડાને પણ સાંબેલું પકડવાનું આ બધાને વૃધ્ધ અનુભવી હોય તે

ચાંલ્લો કરે, કંકુના સાંબેલાની સાથે નાડાસડીથી આંબાના પાન બાંધે, પછી પાંચ શેર ડાંગર નીચે મૂકી પાંચ છોકરીઓ પકડેલ સાંબેલાને ડાંગર ઉપર ઉંચુ નીચું કરી છોકરા પાસે ખડાવે છે.

હળદળ લગાવવી : ( પીઠી ચોળવી )

ત્યારબાદ પાંચ છોકરીઓ છોકરાના શરીરે પ્રથમ મેશ ચોપડે પછી હળદળ ચોળે છે, એ દીવો ઘરમાં સળગાવે છે. રાત્રે છોકરાને ખોળે બેસાડી નચાડે છે. (છોકરીના ઘેર પણ તેને આ પ્રમાણે જ કરે છે અને રાત્રે પણ મોડા સુધી ખાંધે બેસાડીને નચાડે છે) સાત દિવસ સુધી દરરોજ ભાભી હળદળ ચોળે છે. પહેલાં પાંચ છોકરીઓ હળદળ ચોળે છે. તેને અત્યારે ગોળ આપે છે. નહીંતર પહેલાં દારૂ પાવામાં આવતો: અત્યારે પણ કેટલાક દારૂ આપે છે. પીઠી ચોળતાં પાટલા ઉપરથી ભાભી તેડીને ઉતારે તેને ૧ રૂા. અપાય છે.

માંડવો :

આઠમા દિવસે માંડવો નાખવામાં આવે છે. તે દિવસે છોકરાઓ ઝાડ પરથી પાંચ થાંભલા લઇ આવે વચ્ચે મૂરતની થાંભલી રોપે, તે રોપતી વખતે ખાડો બનાવી પાંચ છોકરા પકડી ખાડામાં નાંખી રાપે છે. તે થાંભલીની આજુ બાજુ ચાર થાંભલી તેની સાથે બાંધે આ દિવસે શકિત હોય તો છોકરાનો બાપ ફળિયાવાળાને ખવડાવે છે. જાન આવવાની હોય તે દિવસે છોકરીના ઘેર માંડવો નાંખવામાં આવે છે.



જાન :

દરેકને આમંત્રણ આપવા માટે પોતાના ફળિયાના અને વસાવા જાતિના ઘરોમાં કંકુવાળા ચોખા કરીને ઘર આગળ ઢગલી કરી આવે તે આમંત્રણ.

જાનમાં ૨૫ થી ૧૦૦ સુધીની સંખ્યામાં સ્ત્રી પુરૂષો જાય છે. જાન કન્યાના ગામ સુધી ચાલતી જાય છે. જાન બપોર પછી ઘેરથી નીકળે છે. આ વખતે પ્રથમ લાડાને કપડાં પહેરાવે પછી આખી જાન ઘેરથી નીકળે, ઝાંપે જઇને અહી આખી જાનને દારૂ પાવાનો રિવાજ છે. (અત્યારે દારૂબંધી હોવાથી કોઇક પાય છે). જાન જયારે કન્યાના ગામ પહોંચે ત્યારે તેનો ઉતારો પાદરમાં કોઇ ઝાડ નીચે આપે છે. ગામના માણસો મળવા આવે છે.

આખી રાત નાચે, લાડાને નચાવે માંડવે પણ નાચે અને ત્યાં લાડીને નચાવે. સવારે બે જણ જઇને તૈયારી કરો એમ કહી આવે. ત્યારબાદ લાડીના ઘેરથી હળદળની અદલાબદલી કરે એટલે લાડાની હળદળ લાડીને લગાડવા લઇ જાય અને લાડીની હળદળ લાડાને લગાડે છે. પછી કન્યાને ઘેર ચાંલ્લો કરવા જાય છે અને ત્યારબાદ લાડીવાળા ચાંલ્લો કરી જાય, પછી સાસુ ચાંલ્લો કરી જાય.

ચાંલ્લો પૂરા થયા પછી લાડાપક્ષેથી સ્ત્રી પુરૂષો લાડીનાં કપડાં આપવા જાય, કપડાં પેટીમાં મૂકે છે તે પેટીમાથી ઉપર મૂકી નચાવતા નચાવતા લઇ જાય છે અને પાંચ છ ફેરા ફરીને નચાવે છે. પછી કન્યાને ઘેર આવી તેને ઘરમાં મૂકી દે છે. પછી ઉતારે આવી જાય.

લગ્ન કરવા જવું :

લગ્ન કરવા જાય ત્યારે આખી જાન માંડવે જાય છે. જતી વખતે લાડાને ખાંધે ઉંચકીને લઇ જાય છે. સીધા માંડવે જાય છે, ત્યારબાદ લાડીને પણ ખાંધે બેસાડીને માંડવામાં લાવે છે, સામા-સામા ચોખા નાખે. ( આ ચોખા નાખતી વખતે ચોખા એકબીજાને છૂટા મારે છે. કેટલીક વખત નજીકથી ચોખા મારતાં કોઇ હાથથી ઢીકો (મુઠી બંધ રાખી હાથથી મારે ) આ ચોખા લગભગ ૨ શેર થી ૪ શેર જેટલા ચોખા હળદળવાળા કરીને એકબીજાની સામે મારવામાં આવે છે.) ત્યારબાદ તેમને સાત ફેરા ફરીને નીચે ઉતારીને સામા સામા બન્નેને ઉભા રાખે અને છેડા બાંધે પછી ફરીથી એક બીજાની સામે ચોખા નાખે.

લગ્ન પૂરા થયાબાદ જાનની સાથે છોકરી અને અણવર આવે છે. ઘેર ગયા બાદ સાંજે વેરાઇ માતાને સ્થાનકે નાળિયેર ચડાવવા જાય છે. લગ્નબાદ કન્યાને પોતાને ઘેર સુવાડતા નથી પણ બીજા ઘેર અણવર સાથે ઉતારો આપે છે. કન્યા પ્રથમવાર આવે ત્યારે તેની સાથે જાતિ સંબંધ પિયર જાય ત્યાં સુધી બાંધતા નથી કારણ કે જાતિય સંબંધ બાંધવા માટેનો અવકાશ નથી હોતો તે કન્યાનો ઉતારો બીજાને ઘેર રાખવામાં આવે છે. ૧૦ દિવસ બાદ કન્યા પક્ષથી આવીને તેડી જાય પછી પાંચ દિવસે ફરી આણું કરીને લાવે છે ત્યારબાદ તે સસરામાં રહે છે.

આ રીતે લગ્નો વિધિસરનાં કરવામાં આવે છે. લગ્નો બ્રાહ્મણ કરાવતા નથી પણ તેમની જાતિમાંથી જ કોઇ અનુભવી વૃધ્ધ લગ્ન કરાવે છે. અહીંના વસાવાઓ કાકાપક્ષે એક લોહીના સંબંધીઓમાં લગ્ન કરતા નથી. મામાપક્ષેથી છોકરીને લાવી શકે



છે. તેમજ ગામમાં પણ લગ્નો વસાવા જાતિમાં થાય છે પણ એક ફળિયામાંથી બીજા ફળિયામાં.

સાળીવટું :

સાળીવટાની પ્રથા છે. પત્ની મરી જાય તો તેની નાની બેન સાથે લગ્ન થઇ શકે છે.

દિયરવટું :

દિયરવટાની પ્રથા પ્રચલિત નથી પણ કોઇક સંજોગોમાં દિયરવટું થાય છે.

પુનઃલગ્ન :

વિધવા કે વિધુર ફરીથી લગ્ન કરી શકે છે. પણ તેમાં વિધુર હોય તો તેનું લગ્ન વિધવા સાથે જ થાય અને વિધવા હોય તો તેનું લગ્ન વિકુર સાથે જ થાય આવા લગ્નોમાં કોઇ જાતની વિધિ કરાવતા નથી. માત્ર ઘરમાં લાવી શકે છે. એટલે વિધિ સિવાય સમાજ માન્ય રીતે વિધુર વિધવાને પોતાના ઘરમાં બેસાડી શકે છે.

છૂટાછેડા :

અહીંના વસાવાઓમાં છૂટાછેડા લેવા કે આપવા તે પ્રશ્ન વિકટ નથી. પણ બહુજ સરળતાથી ન્યાયની કોર્ટ સિવાય પોતાના સમાજમાન્ય નિયમોમાંથી મળે છે.

લગ્ન બાદ પતિ-પત્નીને મન મેળ ન આવે અને છૂટા થવા ઇચ્છે તો પંચની પાસે જવાથી જે દંડ હોય તે લઇને બન્નેને છૂટા કરે છે. પતિને પોતાની પત્નીના ચાલચલગત પર શંકા થાય તો પણ તે તેની પત્નીને કાઢી મૂકે છે. આથી બન્ને છૂટા થઇ શકે છે. સ્ત્રીને લગ્નબાદ બીજા પુરૂષ સાથે પ્રેમ થઇ જાય તો તે બન્ને નાસી જઇ શકે છે. પણ લગ્નનુ જે દહેજ ભર્યું હોય તે આપી દે એટલે બન્ને છૂટા. આ રીતે અહીંના સમાજમાં છૂટાછેડા બહુ સહેલાઇથી મળી શકે છે.

મૃત્યુ :

કોઇપણ વ્યકિતનુ મૃત્યુ થાય ત્યારે ફળિયાવાળા સ્ત્રી પુરૂષો એકત્ર થાય છે અને બીજા ફળિયામાંથી પણ પુરૂષો આવે છે તેમજ સંબંધીઓ પણ આવે છે. મૃત્યુ થયાબાદ જમીન પર પાણી છાંટીને સુવાડવામાં આવે છે. નીચે દર્ભ મૂકવામાં આવે છે અને ત્યારબાદ વાંસમાંથી પાલખી બનાવે છે. જેને તેઓ "કરગરી" કહે છે. જો પુરૂષનુ મૃત્યુ થાય તો સફેદ કપડુ કરગરી પર નાખે છે. અને સ્ત્રીનુ મૃત્યુ થાય તો લાલ કાપડ કરગરી ઉપર નાખે છે. (મૃતદેહની ઉપર તે કપડુ નાખવામાં આવે છે.) (પહેલા પાલખીની જગ્યાએ ખાટલો લઇ જતા હતા. હમણાથી ૧૦ વર્ષથી ખાટલાની જગ્યાએ પાલખી બનાવીને લઇ જાય છે.) સ્મશાનમાં સાથે જુવાર, દાતરડુ, કાંસાનો વાડકો લઇ જાય છે. મૃતદેહને દફનાવવામાં આવે છે.

સ્મશાનમા ઉંડો ખાડો કરી અંદર જુવાર નાખી દાતરડુ કાંસાનો વાડકો, વગેરે ખાડામાં મૃતદેહની સાથે દાટે છે. (મૃત્યુ બાદ દાગીના પહેરેલ હોય તો તે દાગીનાને ઉતારી લે



છે. અને તેના જૂના કે નવા કપડા કોઇને આપી દે છે.)

જયારે મૃતદેહને ઘેરથી ચાર પુરૂષો ઉપાડી લાવે છે ત્યારે બીજા પુરૂષો સાથે ચાલે છે અને સ્ત્રીઓ ઝાંપા સુધી સાથે રડતી રડતી આવે છે. ઝાંપે પાલખી ઉતારી સ્ત્રીઓ મરનારનુ મોં જોઇને પાછી જાય છે. પુરૂષો ત્યાંથી મૃતદેહને સ્મશાનમાં લાવે છે. દાટવાની વિધિ કરતી વખતે દારૂની ધાર દેવામાં આવે છે. ત્યારબાદ દાટવા જનાર સૌ નદી ઉપર ન્હાવા જાય છે. તે સૌ તે મરનારના ઘરવાળા પહેલાં દારૂ પાતા અત્યારે ચણા ખાવા આપે છે. ન્હાયા બાદ મરનારને ઘેર આવે છે રડતા રડતા ઘેર આવી પાણી પીને પછી દરેક પોતપોતાને ઘેર જાય છે.

બારમા દિવસે ઝાંપે સીંદુર, ઘડો, (પાણીથી ભરેલ) અને એક ચોરસ જેવો આકાર બનાવી તેમાં પાંચ પડીયા દૂધ મૂકે, ચોખા મૂકે, આ ચોરસ ચોખા અને સીંદુરમાંથી બનાવે છે. જે પાણી ભરેલ ઘડો સાથે લઇ ગયા હોય તે પાછો લાવી ઘરના એક ખૂણામાં જમીનમાં ઉંડો ખાડો કરી દાટવામાં આવે છે.

મૃત્યુ બાદ સાતમા દિવસે હુતક (માથાના અને મુછ-દાઢીના વાળ કઢાવી નાખે છે) આ હુતક અંદરો અંદર કરી લે છે.

બારમા દિવસે પાંચ બૈરાં ભાત, દાળને ઘર ઉપર નાખે છે. તેને વાસ નાખવી કહે છે. તે દિવસે ફળિયાવાળાને ખવડાવે છે. મરનારની પાછળ વસાવાઓ ભાદરવા સુદ અમાવશ્યાના દિવસે શ્રાધ્ધ કરે છે. વાસ ઘર ઉપર નાખવાની પહેલાં ઘરના ઉપર દારૂ છાંટતા અને મરઘુ કાપતા. હિન્દુ દર્શન પ્રમાણે તેઓ માને છે કે મૃત્યુબાદ સ્વર્ગવાસમાં કે નર્કમાં આત્મા જાય છે કે ભગવાનને ઘેર જાય છે.

સગાઇ સંબંધ :
---------

સગાઇ સંબંધોમાં મુખ્ય (૧) લોહી પર આધારિત કે જેમાં એક લોહી હોય તેવા સંબંધીઓ જે એક કુટુંબના હોય જેમાં પિતા ભાઇ, કાકા પુત્ર બેન ફોઇ વગેરે. (૨) લગ્ન કરવાથી : જેમાં પત્ની સસરા, સાસુ, સાળી દિયર, નણંદ ભાભી, કાકી માસી, મામી. (૩) સ્થાનિક સંબંધો : એક ગામમાં કે એક સ્થળ પર રહેવાથી થતા સગાઇ સંબંધો જેમાં દૂરના કુટુંબીજનો હોય ગામના પોતાના જાતિના હોય તો તેને ભાઇ, કાકા, દાદા, વગેરે કહે છે પ્રસંગો ઉપર એક બીજાને આમંત્રણ આપે.

ભાષા :
----

અહીં વસાવાઓ જયારે અંદરો અંદર વાત કરે છે ત્યારે તેમની વસાવી ભાષામાં વાત કરે છે. તે સિવાય પોતાની જાતિના લોકો સાથે વાતો કરતાં ગુજરાતીમાં બોલે છે. સારી રીતે દરેક વ્યકિત ગુજરાતી જાણે છે. તેમજ સારી રીતે સમજે છે. ગુજરાતી ભાષાનો વપરાશ સારા પ્રમાણમાં કરે છે.

ધાર્મિક જીવન :
----------

ધાર્મિક ક્ષેત્રે અહીંના વસાવાઓમાં હિન્દુઓની અસર દેખાઇ આવે છે. ધાર્મિક વિધિઓ તહેવારો અને દેવ-દેવીઓની પૂજામાં વર્ષોથી હિન્દુઓની સાથે રહેતા હોવાથી તેમના ધાર્મિકજીવનમાં અને માન્યતાઓમાં હિન્દુઓની અસર છે.



તેમજ સ્વર્ગ, નર્ક, આત્મા વગેરેને માને છે, જો કે હિન્દુઓના દેવ દેવીઓ સિવાય પોતાના દેવ-દેવીઓને પણ માને છે અને મરઘા કે બકરાનાં બલિદાનો પણ આપે છે.

તહેવારોમાં હિન્દુઓ ગામમાં જેટલા તહેવારો ઉજવે તે બધા તહેવારો ઉજવે છે. કારણ કે તેઓ લગભગ બધા ગામમાં હિન્દુઓને ઘેર મજૂરી કરતા હોવાથી ખાવા પિવાનું ગામના લોકોને ઘેર હોય અને ગામમાં સાથે રહેતા હોવાથી જેમ હિન્દુઓ કરે છે તેમજ કરે છે. એટલે તહેવારો વગેરેની ઉજવણી કરે છે. માત્ર આર્થિક સ્થિતિ સારી ન હોવાથી તહેવારો ખૂબ ઠાઠથી નહિ ઉજવતાં સામાન્ય રીતે ઉજવે છે.

દેવ-દેવીઓની પૂજામાં પણ હિન્દુઓના દેવને પૂજે છે. જેમકે હનુમાન, રામ, કૃષ્ણ, કાળકા, અંબાજી, રામદેવજીપીર વગેરે બધા દેવ દેવીઓને જાણે છે અને તેમને માને છે. તે સિવાય પોતાના દેવ-દેવીઓને પણ માને છે. જેમકે "વેરાઇમાતા" તો આ માતાની તેઓ વર્ષમાં બે વાર પૂજા કરે છે. અને તે બન્ને વખતે બકરો કાપે છે. આ બકરો કાપે તેનો ખર્ચ ગામના બધા વસાવાઓ આપે છે. તેનો પ્રસાદ દરેક વસાવાઓ લે છે. આ સિવાય નાના-મોટા પ્રસંગે દેવ-દેવીઓને મરઘુ વધેરે છે. તો બીજી બાજુ હિન્દુઓના દેવને નાળિયેર પણ વધેરે છે.

આ સિવાય વસાવાઓમાં ભકિત કરવાવાળા એટલે ભજનો કરવાની એક મંડળી છે જેઓ રાત્રે ભજનો ગાય છે. બધા મળીને અને તેઓ ભજનમાં બધાં સાધનો પણ રાખે છે. આ ભજન મંડળીને ગામમાં આદિવાસીઓ અને બિન આદિવાસીઓ પણ પોતાને ઘેર ભજન કરવા બોલાવે છે. તેઓ ભજનો સારી રીતે અને સારાં

ગાય છે. આ ભજનો ગુજરાતીમાં ગાય છે. જે ભજનો હિન્દુઓના છે. ભજન મંડળી કાયમ રાત્રે ભજન ગાય છે. ભજન કરનાર ભગતો માંસ કે દારૂ ખાતા નથી.

અહીંના વસાવાઓમાં પણ ભુવાઓનું સ્થાન મહત્વનું છે. તો તે કોઇની બિમારી ઉપર બોલાવી જાય છે. (વસાવાઓ) અને મંત્ર-તંત્ર કરાવે છે દાણા જોઇને નકકી કરે છે. તે સિવાય ભુવો ભૂત કે ડાકણના વળગાડને પણ ધુણીને કાઢે છે. ધાર્મિક ક્ષેત્રે અહીં પણ ભુવાનું સ્થાન મહત્વનું છે.

ભૂત અને ડાકણમાં માને છે. મૃત્યુબાદ થયેલ ભૂત માણસને વળે છે. અને કેટલીકવાર તે માણસનો જીવ લે તેમ માને છે. આ સિવાય ડાકણ જે જીવતી સ્ત્રીને માને તેની નજર બહુ આકરી રહેવાથી તે વળગે છે અને માણસોનો જીવ લે છે. તેમજ ભેંસ કે બકરા જેવાં દૂધાળા પશુઓને પણ વળગે છે. આમ ડાકણને માને છે. ડાકણ કોણ છે. એની ખબર પડે તો તેને મારી નાખે છે.

હનુમાન તેમજ બીજા હિન્દુઓના મંદિરે જાય તે ઉપરાંત નર્મદામાં પૂનમ કે તહેવારે સ્નાન કરવાથી પુણ્ય થાય તેમ પણ માની સ્નાન કરે છે. આમ ધાર્મિક ક્ષેત્રે પણ હિન્દુઓની સારી એવી અસર છે.

શિક્ષણ :

પ્રાથમિક શિક્ષણ માટે પ્રથમ ૧ થી ૪ ધોરણની શાળા હતી. હાલમાં પાંચ ધોરણની શાળા છે. પ્રથમ તપાસ વખતે શિક્ષણનું પ્રમાણ નીચે મુજબ હતું.



| | | શિક્ષિત વસ્તી | પુરૂષ | સ્ત્રી |
|---|---|---|---|---|
| પ્રથમ તપાસ | નાના સંજા (૧૯૬૦) | ૨૫.૨૭ | ૩૮.૦૦ | ૧૩.૭૨ |
| | તાલુકા ગ્રામ્ય વિસ્તાર | ૨૭.૬૮ | ૩૮.૫૬ | ૧૬.૨૦ |
| | જિલ્લો (") | ૩૧.૪૦ | ૪૩.૬૪ | ૧૮.૫૦ |
| | રાજય (") | ૨૯.૦૯ | ૩૪.૫૧ | ૧૩.૧૯ |

૧૯૬૧ ની વસતિ ગણત્રી પ્રમાણે ગામમાં શિક્ષણનું પ્રમાણ પ્રથમ તપાસ વખતના શિક્ષણ પ્રમાણ કરતાં થોડું વધારે હતું. તે પ્રમાણ ૨૭.૪ ટકાનું હતું. જેમાં પુરૂષ શિક્ષિત ૪૦.૨ ટકા અને સ્ત્રીઓમાં આ પ્રમાણ ૧૪.૨ ટકાનું હતું આમ પ્રથમ તપાસ પછીના થોડા સમયમાં જ ગામમાં શિક્ષણના પ્રમાણમાં થોડો વધારો થવા પામ્યો હતો. ગામમાં શિક્ષણનું પ્રમાણ આદિવાસી કરતાં બિન-આદિવાસી વસતિમાં વધારે પ્રમાણમાં જોવા મળ્યું છે. પ્રથમ તપાસ વખતે ગામમાં શિક્ષણનું પ્રમાણ, તાલુકા, જિલ્લા અને રાજય કરતાં ઓછું હતું. જો કે રાજયનું શિક્ષિત વસતિનું પ્રમાણ નાના સંજા કરતાં થોડું વધારે છતાં નાના-સંજામાં પુરૂષ તથા સ્ત્રીઓનું શિક્ષણનું પ્રમાણ રાજય કરતાં વધારે હતું.

પ્રથમ તપાસ વખતે ગામમાં ચાર ધોરણની શાળા અને શાળામાં અભ્યાસ કરતાં બાળકોની સંખ્યા ૬૪ ની હતી. હાલમાં (૧૯૬૮) શાળા પાંચ ધોરણની છે. જિલ્લા પંચાયત શાળાનું સંચાલન કરે છે. બે શિક્ષકો છે શાળાનું પાકું મકાન છે. જે ગામને પાદરે આવેલું છે. ધોરણવાર અભ્યાસ કરતાં બાળકોની સંખ્યા નીચે પ્રમાણે છે.

| ધોરણ | બિનપછાત | | પછાત | | કુલ |
|---|---|---|---|---|---|
| | છોકરા | છોકરી | છોકરા | છોકરી | |
| ૧ | ૧૦ | ૫ | ૨૦ | ૮ | ૪૩ |
| ૨ | ૬ | ૪ | ૯ | ૫ | ૨૪ |
| ૩ | ૬ | ૬ | ૧ | ૧ | ૧૪ |
| ૪ | ૫ | ૫ | ૩ | ૧ | ૧૪ |
| ૫ | ૩ | ૧ | ૧ | ૧ | ૬ |
| | ૩૦ | ૨૧ | ૩૪ | ૧૬ | ૧૦૧ |
| | ૫૧ | | ૫૦ | | |

પહેલા પાંચમાં ધોરણનું શિક્ષણ લેવા ગોવાલી જવું પડતું. હાલમાં ગામમાં તે સગવડ થઇ છે. ગામમાં ૫૪ ટકા વસતિ આદિવાસી અને હરિજનોની અને ૪૬ ટકા વસતિ બિનપછાત હોવા છતાં ૧ થી ૫ ધોરણમાં અભ્યાસ કરતાં બાળકોમાં ૫૦ટકા કરતાં વધારે બિનપછાત જ્ઞાતિનાં છે. તેમાં પણ પાંચમા ધોરણમાં અભ્યાસ કરતાં છ બાળકોમાંથી માત્ર બે જ બાળકો પછાત જ્ઞાતિનાં છે. છોકરા અને છોકરીઓની સંખ્યા જોઇએ તો જણાશે કે કુલ ૧૦૧ વિદ્યાર્થીઓમાં ૬૪ વિદ્યાર્થીઓ અને ૩૭ વિદ્યાર્થીનીઓ છે. એટલે કે હજુ પણ છોકરીઓના શિક્ષણનું પ્રમાણ ખૂબજ ઓછુ છે. પ્રથમ ધોરણમાં અભ્યાસ કરતાં બાળકો અને પાંચમાં ધોરણમાં અભ્યાસ કરતાં બાળકોની સંખ્યામાં પણ ખૂબ જ તફાવત છે. પહેલાં ધોરણ કરતાં પાંચમાં ધોરણમાં અભ્યાસ કરતાં બાળકોની સંખ્યા સાતમા



ભાગ કરતાં પણ ઓછી છે પછાત અને બિનપછાત વિદ્યાર્થીઓની રીતે તપાસીએ તો પછાતના પ્રથમ ધોરણમાં ૨૦ છોકરાઓ અને બિનપછાતના ૧૦ છોકરાઓ છે જયારે પાંચમામાં તે સંખ્યા અનુક્રમે ૧ અને ૩ ની છે. એટલે કે પછાત જ્ઞાતિના વિદ્યાર્થીઓ શરૂઆતના વર્ષમાં વધારે હોય છે પણ આગળ જતાં દર વર્ષે સંખ્યા ઘટતી જાય છે અને પાંચમા ધોરમાં માત્ર ૧ થઇ જાય છે.

ગામમાંથી વધુ શિક્ષણ માટે ઝઘડિયા જાય છે. હાલમાં ૧૦ એક વિદ્યાર્થીઓ ઝઘડિયા માધ્યમિક શાળામાં અભ્યાસ માટે જાય છે. આ બધાજ બાળકો બિન પછાત જ્ઞાતિના છે. આ વરસે મેટ્રિકની પરીક્ષા આપી હોય તેવા વિદ્યાર્થીઓની સંખ્યા ૨ ની છે. જેમાંથી રાજપૂત છે અને એક માછી જ્ઞાતિનો છે. રાજપૂત કુટુંબમાંથી એક વિદ્યાર્થીએ ગયા વરસે બી.એ.ની પરીક્ષા અર્થશાસ્ત્ર-ના વિષય સાથે પાસ કરી છે. પરંતુ નોકરી નહિ મળવાથી હાલ તે ખેતી કરે છે. વળી આ ભાઇને આટલુ ભણવા છતાં નોકરી નહિ મળવાથી તેમના નાના ભાઇઓને વધુ અભ્યાસ ન કરાવતાં ખેતીના ધંધામાં લઇ લીધા છે. આને કારણે ગામમાં મેટ્રિક પછી વધુ શિક્ષણ હોવા માટેનો ઉત્સાહ પણ આ વરસે મેટ્રિકની પરીક્ષા આપેલ વિદ્યાર્થીઓમાં નથી કારણ ભણ્યા પછી નોકરી ન મળે તેના કરતાં અત્યારથી ખેતીમાં જોડાવુ સારુ તેમ તેમનાં મા-બાપ માને છે અને ભણવાના ખર્ચ કરવા તૈયાર નથી. કોલેજ શિક્ષણ માટે ભરૂચ તથા રાજપીપળામાં સગવડ છે. ઝઘડિયા જવા માટે રેલવે તથા બસની સગવડ છે. હાલ ઝઘડિયા જતા વિદ્યાર્થીઓ રેલવેમાં આવ-જા કરે છે.

ગામમાં દવાખાનાની સગવડ નથી. વૈદકીય સારવાર માટે ઝઘડિયા જવું પડે છે. વધુ બિમારીના કેસમાં ભરૂચનો પણ ઉપયોગ

કરે છે.

ગામથી થોડે દૂર ગૂમાનદેવના હનુમાનનું મંદિર છે. મંદિરની આજુ બાજુમાં ગૂમાનદેવનું ફળિયું રેલવે સ્ટેશન તથા એસ.ટી. બસ સ્ટોપ છે. આ મંદિરની ખેતીમાં ગામના ઘણા વસાવા કુટુંબોને રોજી મળે છે. ગૂમાનદેવનું મંદિર ઉમેંડિયા ગામમાં ગણાય છે. જ્યારે બાજુમાં આવેલ ફળિયું નાના સંજામાં ગણાય છે. આ સિવાય ગામમાં બીજા બે મંદિરો છે. ગામમાં પંચયત ઓફિસનું મકાન ભાડાનું છે અને તે ગામની એક બાજુ રજપૂતોના વસવાટની પાસે છે. ગામની સ્વતંત્ર પંચાયત છે અને ગામના રજપૂત જમીનદાર પંચાયતના સરપંચ છે. તે પોતે ગામના વિકાસ કાર્યોમાં તથા પંચાયતના અન્ય કામોમાં બિલકુલ રસ ધરાવતા નથી. તે ગામમાં ખૂબજ પૈસાદાર વ્યક્તિ હોવા છતાં ગામમાં તેઓનું ખાસ વર્ચસ્વ પણ નથી. આ પહેલાં ગામમાં એક માછી જ્ઞાતિના સરપંચ હતા તેમનું હાલમાં પણ ગામ ઉપર સારું વર્ચસ્વ છે અને તેમના વખતમાં ગામની ભાગોળે ચોળો, શાળાનું મકાન, પાણી પીવા માટે કૂવા વગેરે કામો થયેલાં. હાલ જે સરપંચ છે તેઓ પછાત જ્ઞાતિના ઘેર જતા પણ તેમની સાથે કામ કરતાં પણ શરમ અનુભવે છે.

## પ્રકરણ - ૪

### આર્થિક સરચના

### ધંધો - રોજગાર :

ગામનો મુખ્ય ધંધો ખેતી અને ખેત મજૂરીનો છે. ગામની કુલ વસતિમાંથી મોટા ભાગની વસતિ આજીવીકા માટે ખેતમજૂરી અને ખેતીના ધંધા ઉપર આધાર રાખે છે. ૧૯૬૧ ની વસતિ ગણતરી પ્રમાણે કુલ કામ કરતી વસતિમાંથી ધંધાવાર કામ કરતી વસતિની ટકાવારી નીચે પ્રમાણે હતી.

૧૯૬૧ની વસતિ પ્રમાણે ધંધા પ્રમાણે કામ કરતી વસતિ ટકામાં

| ધંધો | નાના સંજા | ઝઘડિયા તાલુકા | જિલ્લામાં | સમજવામાં |
|---|---|---|---|---|
| ૧. ખેતી | ૨૯.૪ | ૩૯.૦૧ | ૪૫.૭૦ | ૫૩.૩૨ |
| ૨. ખેતમજૂરી | ૫૫.૪ | ૫૦.૯૭ | ૩૫.૫૦ | ૧૪.૭૭ |
| ૩. ખાણ, પશુપાલન તથા અન્ય | ૭.૬ | ૦.૫૦ | ૦.૯૧ | ૧.૨૪ |
| ૪. ગૃહ ઉદ્યોગ | - | ૨.૦૩ | ૨.૩૫ | ૬.૫૬ |
| ૫. ગૃહ ઉદ્યોગ સિવાયના ઉદ્યોગો | ૦.૨ | ૧.૦૩ | ૩.૦૮ | ૬.૩૩ |
| ૬. બાંધકામ | ૧.૪ | ૦.૩૦ | ૦.૬૬ | ૧.૦૬ |
| ૭. વાણિજ્ય અને વેપાર | ૦.૨ | ૧.૬૮ | ૩.૨૩ | ૪.૮૫ |
| ૮. વાહન અને સંદેશા વ્યવહાર | ૨.૧ | ૦.૫૩ | ૦.૯૮ | ૧.૮૮ |
| ૯. અન્ય સેવાઓ | ૩.૭ | ૩.૯૫ | ૭.૫૯ | ૯.૯૯ |
| | ૧૦૦ ટકા | ૧૦૦ટકા | ૧૦૦ટકા | ૧૦૦ટકા |

ઉપરના આંકડા ઉપરથી જોઇશું તો જણાશે કે ખેતીમાં કામ કરતી વસતિની ટકાવારી નાના સંજામાં સૌથી ઓછી છે જયારે રાજયમાં આ પ્રમાણ સૌથી વધારે છે. જિલ્લા અને તાલુકામાં ખેતીના ધંધામાં કામ કરતી વસતિની ટકાવારી કરતાં પણ નાના-સાંજામાં ખેતીના ધંધામાં કામ કરતી વસતિનું પ્રમાણ નીચું છે. આનું મુખ્ય કારણ જમીન ધરાવનાર કુટુંબોની સંખ્યા ખૂબ ઓછી છે અને મોટા ભાગના કુટુંબો જમીન વગરનાં યા તો ખૂબજ ઓછી જમીન ધરાવનાર વર્ગમાં આવે છે. આગળ ઉપર આપણે આ વસ્તુ જોઇશું. બીજું જમીન ધારણ કરનાર વર્ગ ખૂબ ઓછો હોવાથી તે વર્ગને ખેતી માટે મજૂરોની જરૂર રહે આથી ગામમાં કામ કરતી વસતિના અડધા કરતાં વધારે વસતિ ખેત-મજૂરીના ધંધામાં રોકાયેલી છે. નાનાસાંજામાં ખેત-મજૂરોની ટકાવારી ૫૫.૪૮ટકાની છે. જયારે તેની સાથે ગુજરાતમાં આ ધંધામાં રોકાયેલ વસતિની ટકાવારી માત્ર ૧૪.૭૭ ની જ છે. આ ઉપરથી જણાશે કે ગામની મોટા ભાગની વસતિ પોતાની આજીવીકા ખેત-મજૂરીના ધંધા દ્વારા મેળવે છે અને આને કારણે ગામના આર્થિક વિકાસનો આધાર ખેત મજૂરોની સ્થિતિ ઉપર આધારિત છે. તેમની આવકોમાં ફેરફારો લાવી ન શકાય ત્યાં સુધી ગામની મોટાભાગની વસતિ ગરીબીમાં જ દિવસો પસાર કરવાની, જયારે ખેતી કરતા થોડા સમૂદાય પાસે આવકો વધવાની. બીજું મજૂરી સિવાય બીજા ધંધામાં રોજગારી નહિ મળે ત્યાં સુધી ઓછી અને અનિયમિત આવક આપતા આ ધંધામાં રોકાયેલા રહેવું પડશે.

ખેતી અને ખેતમજૂરીના ધંધા ઉપર આધાર રાખતી વસતિની ટકાવારી ગામ, તાલુકા જિલ્લા અને રાજયમાં અનુક્રમે ૮૪.૮ ટકા, ૮૯.૯૮ ટકા, ૮૧.૨ ટકા અને ૬૮.૦૯ ટકા છે. એટલે કે



રાજયમાં દર ૧૦ માણસે ૭ કરતાં ઓછા આવાસો ખેતીના ધંધા ઉપર આધાર રાખે છે. જયારે ભરૂચ, ઝઘડિયા અને નાના સાંજામાં દર ૧૦ માણસે ૮ કરતાં વધારે માણસો ખેતીના ધંધા ઉપર જીવે છે. તાલુકામાં તો આ પ્રમાણ સૌથી વધારે છે. લગભગ ૧૦ માંથી ૯ માણસો ખેતી ઉપર આધાર રાખે છે. આ પ્રમાણ ખૂબજ વધારે ગણી શકાય. આનું મુખ્ય કારણ બીજા ધંધાઓનો વિકાસ આ વિસ્તારમાં બિલકુલ થયો નથી અને તેને કારણે રોજી મેળવવા માટેનાં સાધનો ઉપલબ્ધ થયાં નથી.

ખાણ, પશુપાલન જંગલ વગેરેના ધંધામાં કામ કરતી વસ્તી ગામમાં ૭.૬ ટકાની છે. જયારે આ પ્રમાણ તાલુકામાં માત્ર ૦.૫, જિલ્લામાં ૦.૯૧ અને રાજયમાં ૧.૨૪ નું છે. ગામમાં કોઇ ખનિજ સંપત્તિ નથી પરંતુ ભરવાડનાં કુટુંબો પશુપાલનનો ધંધો કરે છે અને આને કારણે કામ કરતી વસતિમાં ૭.૬ ટકા વસતિ આ વિભાગમાં આવે છે. ભરવાડ જેમ પશુપાલનનો ધંધો કરે છે તેવી રીતે રજપૂત અને માછી પણ ઢોર રાખે છે. પરંતુ તે ધંધા તરીકે નહિ. વસાવા કોમ પાસેના જમીનનું ખાસ સાધન નહિ હોવાથી આ ધંધો તેમને પોષાય તેમ નથી.

ગૃહઉદ્યોગ દ્વારા ઘણા માણસોને રોજી આપી શકાય. આ માટે મૂડી રોકાણની પણ ખૂબજ ઓછી જરૂરિયાત રહે. વળી ખેતમજૂરોનો ધો કરતા કુટુંબોને બારે મહિના મજૂરી મળતી નથી તેવા સમયે જુદા જુદા ગૃહઉદ્યોગોને વિકાસ કર્યો હોય તો તેમાંથી નવરાશના સમયે થોડી આવક ઉપાર્જિત કરી શકાય. નાનાસાંજામાં જોઇશું તો જણાશે કે ગૃહઉદ્યોગના ધંધામાં રોકાયેલી વસતિનું પ્રમાણ શૂન્ય છે જયારે રાજયમાં આ પ્રમાણ ૬ ટકા કરતાં અને તાલુકા તથા જિલ્લામાં ૨ ટકા કરતાં વધારે છે. લુહારી કામ,

મોચીકામ, વાળંદ, ચમાર, કુંભાર વગેરે ગૃહઉદ્યોગ ગામમાં બિલકુલ નથી. આ બધી જરૂરિયાતો સંતોષવા ઝઘડિયા જાય છે. ગામમાં કપાસનો પાક ખૂબજ થાય છે. એમાંથી પીંજણ, કાંતણ તથા વણાટ ઉદ્યોગનો વિકાસ ગૃહઉદ્યોગ દ્વારા કરી શકાય અને ઘણા માણસોને રોજગારી આપી શકાય. નાની નાની સહકારી ગૃહ મંડળીઓ સ્થાપી આ વિસ્તારના ગામોમાં આ ઉદ્યોગને વેગ આપવામાં આવે તો સારા પ્રમાણમાં રોજગારી આપી શકાય. જીનીંગ પ્રથાને કારણે આ ઉદ્યોગ તદ્દન નાશ પામ્યો છે. ખાદી ગ્રામોદ્યોગ જેવી સંસ્થાઓએ પણ આમાં રસ લઇ ફરીથી ગામડાના આ અસલ ધંધાને બેઠો કરવામાં રસ દાખવવો જોઇએ અને આ તથા બીજા શકય તેવા ગૃહઉદ્યોગો શરૂ કરી રોજગારીની તકો પૂરી પાડવા પ્રયત્નો કરવા જોઇએ. સ્વતંત્રતાને બાવીસ વર્ષો વીતવા છતાં આ બાબતમાં હજુ સુધી આ વિસ્તારમાં કંઇજ થઇ શકયુ નથી.

આ સિવાયના બીજા ધંધામાં કામ કરતી વસતિની ટકાવારી ગામમાં માત્ર ૭.૬ ટકા ની છે. જેમાં વાહન વ્યવહાર તથા અન્ય સેવાઓ મુખ્ય ગણી શકાય. વાહન સંદેશા વ્યવહારમાં ગામમાં ૨.૧ ટકા લોકો રોજગારી મેળવે છે. તેનુ મુખ્ય કારણ ગામમાંથી રેલવેમાં કેટલાક લોકોને કાયમી નોકરી છે અને એસ.ટી. બસમાં ડ્રાયવર, કંડકટરની નોકરી પણ કેટલાક કરે છે.

કુલ વસતિમાંથી કામ કરતી વસતિ કયા કયા ધંધામાં કેટલા પ્રમાણમાં રોકાયેલા છે તે જોવુ. [illegible] કુલ વસતિમાં કામ કરતી વસતિની ટકાવારીનુ પ્રમાણ જોઇશુ.



| | કુલ વસતિમાં કામ કરતી વસતિ ટકા કુલ વસતિ | ૧૯૭૧ પ્રમાણે પુ. | ૧૯૭૧ પ્રમાણે સ્ત્રી |
|---|---|---|---|
| નાના સાંજા | ૫૦.૯૪ | ૫૬.૮૧ | ૪૪.૮૯ |
| ઝઘડિયા તા. રુરલ | ૪૫.૭૦ | ૫૫.૬૬ | ૩૫.૧૯ |
| ૧) ભરૂચ જિલ્લો | ૪૫.૬ ) | | |
| ૨) ભરૂચ રુરલ | ૪૮.૧૫) | ૫૫.૯૪ | ૩૯.૯૫ |
| ૧) રાજ્ય | ૪૧.૦૭) | | |
| ૨) રાજ્ય રુરલ | ૪૪.૯૬) | ૫૫.૨૯ | ૩૪.૧૫ |

ગામના અડધા કરતાં વધારે વસતિ કામ કરતી વસતિ છે. આ પ્રમાણે ગામમાં વધારે હોવાનુ કારણ આજીવિકા જેટલુ મેળવવા માટે વધારે માણસોને મહેનત કરવી પડે છે કારણ આજીવિકાનુ મુખ્ય સાધન ખેતમજૂરી છે અને તેમાંથી મળતી આવકો અનિયમિત તથા ખૂબજ ઓછી હોય છે. આને કારણે કુટુંબમાંથી કામ કરી શકે તેવા બધાંજ માણસોને કામ ઉપર જવુ પડે છે.

ફકત ગ્રામ વિસ્તારની રીતે કામ કરતી વસતિ તપાસીએ તો તે પ્રમાણે થોડુ વધારે આવે છે. પુરૂષ અને સ્ત્રીઓમાં કામ કરતી વસતિ જોઇએ તો નાના સાંજામાં આ પ્રમાણ સૌથી વધારે સે. જો કે પુરૂષ વસતિમાં ખૂબ વધારે તફાવત નથી જ્યારે સ્ત્રીઓમાં રાજ્યમાં આ પ્રમાણ ૩૪.૧૫ ટકાનુ છે. જ્યારે નાના સાંજામાં આ પ્રમાણ ૪૪.૮૯ છે.

**ખેતી :**

ગામની કુલ વસતિના ૮૪.૮ ટકા લોકો એક યા બીજી રીતે ખેતીના ધંધામાંથી આજીવિકા મેળવે છે. ખેતી માટે જમીન એ મહત્વની વસ્તુ છે. ત્યારબાદ સિંચાઇ, ખાતર, દવા, ખેતીના સાધન, ધિરાણ વગેરે ગણાવી શકાય. જેમ ખાતેદાર દીઠ જમીન વધારે હોય અને જમીનની ફળદ્રુપતા સારી હોય તેમ ખેતીના ધંધામાંથી મળતી આવકનું પ્રમાણ વધારે હોય. અહીં આપણે કુલ ખાતેદાર તથા ખાતેદાર દીઠ સરેરાશ કેટલી જમીન આવે છે તે જોઇશું.



જમીનનું ખેડાણ-ઘટક ૧૯૬૦ અને ૧૯૬૮

| કદ | ૧૯૬૦ ખાતેદાર | કુલ વિસ્તાર એ. ગુ. | કુલ વિસ્તારના ટકા | ૧૯૬૮ ખાતેદાર | કુલ વિસ્તાર એ. ગુ. | કુલ વિસ્તારના ટકા |
|---|---|---|---|---|---|---|
| ૦ - ૧ | ૨૪ | ૮.૧૨ | ૧.૧૭ | ૨૮ | ૯.૧૨ | ૧.૩૩ |
| ૧ - ૨ | ૨૪ | ૩૪.૦૦ | ૪.૯૫ | ૨૬ | ૩૮.૨૬ | ૫.૭૪ |
| ૨ - ૩ | ૧૪ | ૩૩.૨૭ | ૪.૯૫ | ૨૧ | ૫૦.૦૪ | ૭.૩૬ |
| ૩ - ૪ | ૨૪ | ૮૪.૦૯ | ૧૨.૨૩ | ૨૮ | ૯૭.૧૨ | ૧૪.૨૯ |
| ૪ - ૫ | ૧૧ | ૪૮.૦૫ | ૬.૯૯ | ૭ | ૩૦.૨૮ | ૪.૫૬ |
| ૫ - ૧૦ | ૨૧ | ૧૪૨.૦૭ | ૨૦.૬૭ | ૨૦ | ૧૪૪.૩૦ | ૨૧.૩૬ |
| ૧૦ - ૧૫ | ૯ | ૧૧૧.૨૮ | ૧૬.૩૦ | ૫ | ૬૦.૩૦ | ૮.૯૮ |
| ૧૫ - ૨૫ | ૭ | ૧૫૫.૨૩ | ૨૨.૭૦ | ૬ | ૧૦૨.૩૩ | ૧૫.૧૭ |
| ૨૫ થી વધારે | ૧ | ૬૯.૦૪ | ૧૦.૦૪ | ૪ | ૧૪૪.૧૦ | ૨૧.૨૧ |
| | ૧૩૫ | ૬૮૬.૩૫ | ૧૦૦ | ૧૪૫ | ૬૭૮.૨૮ | ૧૦૦ |

બાજુના કોઠામાં તપાસીશું તો જણાશે કે ૧૯૬૦ કરતાં ૧૯૬૮માં ખાતેદારોની સંખ્યામાં ૧૦ નો વધારો થયો છે. કુલ ૧૩૫ ખાતેદારો પાસે ૬૮૬.૩૫ એકર જમીન હતી. જે ૧૯૬૮ માં ૧૪૫ ખાતેદારો અને ૬૭૮.૨૮ એકર જમીન થઇ છે. આમ ૧૯૭૦ અને ૧૯૬૮ માં ખાતેદાર દીઠ જમીન અનુક્રમે એ. ૫.૧૩ ગુ. અને એ. ૪.૨૭ ગુંઠા થાય. એટલે કે છેલ્લા આઠ વર્ષ દરમ્યાન ખાતેદાર દીઠ સરાસરી જમીનમાં પણ થોડો ઘટાડો નોંધાયો છે. આનું કારણ ખાતેદારોની સંખ્યામાં થયેલ વધારો અને જમીનમાં થયેલ ઘટાડાને આભારી છે.

ખાસ નોંધપાત્ર વસ્તુ એ છે કે ૧૯૬૦ માં ૫ એકર થી ઓછી જમીન ધરાવનાર ખાતેદારોની સંખ્યા ૯૭ ની હતી જયારે ૧૯૬૮ માં આ સંખ્યા વધીને ૧૧૦ ની થઇ છે. એટલે કે કુલ ખાતેદારોમાંથી ૫ એકર કરતાં ઓછી જમીન ધરાવનાર ખાતેદારોની ટકાવારી ૧૯૬૦ માં ૭૧.૯ ટકા હતી. જે વધીને ૧૯૬૮ માં ૭૫.૯ ટકાની થઇ છે. આમ ૮ વર્ષના ગાળા દરમ્યાન ૫ એકર કરતાં ઓછી જમીન ધરાવતા ખાતેદારોમાં ૪ ટકાનો વધારો થયો છે. આથી વિરૂધ્ધ ૨૫ એકર યા તે કરતાં વધારે જમીન ધારણ કરનાર ખાતેદારની સંખ્યા ૧૯૬૦ માં માત્ર એક હતી. જે ૧૯૬૮ માં વધીને ૪ થઇ છે જે કે ખાતેદારોની સંખ્યામાં વધારો થયો હોવા છતાં તેટલા પ્રમાણમાં જમીનમાં વધારો થયેલ નથી. પ્રથમ ૧ ખાતેદાર પાસે ૬૯.૦૪ એકર જમીન હતી. જયારે ૧૯૬૮ માં ૪ ખાતેદારો પાસે થઇને ૧૪૪-૧૦ એકર જમીન થઇ છે એટલે કે ખાતેદાર દીઠ ૩૬ એકર જેટલી જમીન ગણાય.

આ ઉપરથી સમજાશે કે ખેતીનો ધંધો મુખ્ય હોવા છતાં જમીનની વહેંચણીનું પ્રમાણ સરખું નહિ હોવાથી ગામના થોડા



વર્ગ પાસે વધારે પ્રમાણમાં જમીન છે અને વિશાળ વર્ગ પાસે જમીનનું પ્રમાણ ખૂબજ ઓછું છે. ગામની ૭૦ ટકા જેટલી વસતિ પાસે ગામની ૩૦ ટકા જમીન અને ગામની ૩૦ ટકા વસતિ પાસે ગામની ૭૦ટકા જેટલી જમીન છે. આને કારણે ગામનો ૭૦ ટકા જેટલો વર્ગ માત્ર ખેતીના ધંધા ઉપર નિર્વાહ જેટલી આવક મેળવી શકતો નથી. વળી જમીન તથા આવકો ઓછી હોવાને કારણે ખેતીનાં સારાં સાધનો, ખાતર, સારાં બિયારણ તથા જરૂરી મૂડીરોકાણ પણ કરી શકતો નથી. જેને કારણે એકરદીઠ ઉત્પાદનમાં પણ વધુ જમીન ધરાવનાર તથા ઓછી જમીન ધરાવનાર વર્ગ વચ્ચે તફાવત રહે છે.

જમીનની જાત :
-----------

આગળ ઉપર આપણે ખાતેદારો અને તેમની વચ્ચે થયેલ જમીનની વહેંચણી તપાસી. આ ઉપરથી જમીનનું પ્રમાણ (ખેડાણ ઘટક) આર્થિક રીતે યોગ્ય છે કે અયોગ્ય તે ચોકકસ પણે કહી શકાય નહિ. આ માટે તો જમીનની જાત કેવી છે તે ખૂબજ મહત્વનું છે. જમીન ખૂબજ વધારે હોય પણ તે બધીજ જમીન રેતાળ, ખૂબજ ઢોળાવવાળી, ગામથી ખૂબજ દૂર, સખત ધોવાણ વાળી, જંગલ વિસ્તારમાં હોય, સખત ઘાસ ઉગતું હોય, પથ્થરનું પ્રમાણ વધારે હોય, ભેજ સંગ્રહની શકિત ન હોય તો તે આર્થિક ઘટક કહી શકાય નહિ આથી વિરૂધ્ધ માત્ર ૫ એકર જમીન હોય પણ કાંપની બનેલી હોય, ભાઠાની હોય, ખૂબજ ફળદ્રુપ હોય, ગામની નજીક હોય, સિંચાઇની સગવડવાળી હોય અને તેમાં એક કરતાં વધારે પાક લેવાની સગવડતા હોય તો તેવી જમીન ઓછી હોવા છતાં ખેડાણ ઘટક આર્થિક કહી શકાય.

નાના સાજાની મોટા ભાગની જમીન ભાઠાની અને ખૂબજ ફળદ્રુપ છે. કપાસ, જુવાર તથા શાકભાજીના પાક માટે આ જમીન ખૂબજ સારી ગણાય છે. નર્મદા નદીને કિનારે આવેલી જમીન તો તમાકુના પાક માટે પણ ઉત્તમ ગણાય છે અને તેમાં ખૂબજ ઉત્તમ કોટિની તમાકુ પકવી શકાય છે. તમાકુની સાથે પિયત સિવાય શાકભાજીનો પાક પણ મેળવી શકાય છે. કાવેરી ખાડીને કિનારે આવેલી જમીન પણ ફળદ્રુપ છે. વળી નદીમાં જ્યારે પૂર આવે છે ત્યારે આ વિસ્તારમાં કાંપ લાવીને પાથરે છે અને તેને કારણે આ વિસ્તારની ફળદ્રુપતામાં ખૂબજ વધારો થાય છે અને એકરદીઠ ઉત્પાદન પણ ખૂબ વધારે થાય છે.

ગામની જમીન કાળી છે. કુલ જમીનમાંથી ૪૭ એકર જમીન બાગાયત છે અને બાકીની જરાયત જમીન છે. ગામનો કુલ વિસ્તાર અને તેમાંથી ખેતી લાયક જમીનનું પ્રમાણ નીચે મુજબ છે.

ટેબલ - ૯

| | ૧૯૬૦ | ૧૯૬૮ |
|---|---|---|
| કુલ રકબો | ૯૩૩ | ૯૩૩ |
| ખેડવા લાયક નહિ તેવી | ૭૧ | ૭૧ |
| સાર્વજનિક, ખેડવા લાયક નહિ તેવી, ગામઠણ, ગૌચર વિગેરે. | ૧૭૬ | ૧૮૧ |
| જંગલ | - | - |
| ખેતી ઉપયોગમાં આવે તેવી | ૬૮૬ | ૬૮૧ |



ગામનો કુલ રકબો ૧૯૬૦ અને ૧૯૬૮ બંને વર્ષોમાં ૯૩૩ એકરનો છે. આ સિવાય પણ જમીનના વપરાશમાં આઠ વર્ષના ગાળામાં ખાસ ફેરફાર થયો નથી. માત્ર ખેતી ઉપયોગમાં આવે તેવી જમીનમાં ૫ એકરનો ઘટાડો અને ખેડવા લાયક નહિ તેવી જમીનમાં ૫ એકર નો વધારો થયો છે. કુલ વિસ્તારમાંથી ખેતી નીચેનો વિસ્તાર ૧૯૬૦ અને ૧૯૬૮ માં અનુક્રમે ૭૩.૫ ટકા અને ૭૩ ટકા નો છે. ગામમાં જંગલ વિસ્તાર બિલકુલ નથી.

ગામના કુલ ખેતીના વિસ્તારમાં દુબારી પાકનું વાવેતર ૧૯૬૫ સુધી ખાસ નથી કારણ સિંચાઇની સગવડોનો અભાવ છે. ૧૯૬૫ બાદ સિંચાઇની શરૂઆત અને તેની સાથે સાથે દુબારી પાકના વાવેતરની શરૂઆત થઇ છે અને પ્રતિ વર્ષ તેમાં વધારો થતો જાય છે. દર વર્ષે પાકવારીના આંકડા તપાસવાથી આ વસ્તુનો ખ્યાલ આવે પણ પાકવારીમાં ખાસ કરીને ચોમાસુ પાક સિવાયના પાકોની વ્યવસ્થિત નોંધણી થતી નહિ હોવાથી તે આંકડા ઉપરથી સાચી હકીકતનો ખ્યાલ આવી શકે તેમ નથી. સૌ પ્રથમ આપણે ખેતીની જમીનમાં જ થતા પાકોનું વાવેતર જોઇએ.

અનાજવારી ૧૯૫૧-૫૨ - ૧૯૫૯-૬૦ અને ૧૯૬૭-૬૮

| પાક | ૧૯૫૧-૫૨ | ૧૯૫૯-૬૦ | ૧૯૬૭-૬૮ |
|---|---|---|---|
| જુવાર | ૩૪.૦૩ | ૩૬.૪૦ | ૩૧.૭૧ |
| બાજરી | ૧.૭૯ | ૦.૮૪ | ૧.૦૧ |
| ઘઉં | ૦.૦૩ | ૧.૭૮ | - |
| તુવેર | ૦.૮૭ | ૩.૨૩ | ૩.૨૩ |
| વાલ તથા અન્ય કઠોળ | ૦.૪૪ | ૧.૦૨ | ૦.૮૮ |
| ડાંગર | ૩.૯૦ | ૪.૦૧ | ૩.૦૮ |
| મગફળી | ૫.૨૬ | ૧.૦૩ | ૦.૨૮ |
| મરચાં | ૧.૨૩ | ૦.૪૭ | ૧.૦૦ |
| તલ | ૦.૫૮ | ૦.૫૫ | - |
| કપાસ | ૪૦.૮૪ | ૪૮.૦૦ | ૪૭.૪૫ |
| તમાકુ | - | - | ૨.૩૫ |
| ઘાસ | ૬.૭૦ | - | ૬.૭૬ |
| શાકભાજી | ૦.૬૦ | ૦.૮૫ | ૦.૫૮ |
| ફળ | ૨.૧૮ | ૦.૬૧ | ૦.૧૪ |
| અન્ય+પડતર | અન્ય ૧.૨૫ | અન્ય ૧.૨૧ | ૦.૧૪ અન્ય<br>૧.૩૯ પડતર |
| કુલ... | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |



ગામમાં મુખ્ય પાક જુવાર અને કપાસનો છે. ૧૯૬૮ ના વર્ષમાં આ બે પાક નીચેનો વિસ્તાર ૭૯.૧૬ ટકાનો હતો. જયારે ૧૯૫૧-૫૨ અને ૧૯૫૯-૬૦ માં આ બે પાકો નીચેનો વિસ્તાર અનુક્રમે ૭૪.૮૭ ટકા અને ૮૪.૪૦ ટકાનું હતું. આ બે પાકો નીચેનો સૌથી વધારે વિસ્તાર ૧૯૫૯-૬૦ માં કહી શકાય અને આનું કારણ તે વર્ષમાં જુવાર અને કપાસ બન્ને પાકોના વાવેતર નીચેના વિસ્તારનું પ્રમાણ વધારે હતું. જેને ૧૯૫૯-૬૦ અને ૧૯૬૭-૬૮ના વર્ષના કપાસના વાવેતરના વિસ્તારમાં ખાસ ફેરફાર થયો નથી પણ જુવારના પાક નીચેના વિસ્તારમાં થોડો ઘટાડો થવા પામ્યો છે. ૧૯૬૭-૬૮ માં તાલુકામાં આ બે જુવાર અને કપાસના વાવેતરનો વિસ્તાર અનુક્રમે ૨૧.૪ ટકા અને ૪૪.૫ ટકાનો હતો. એટલે કે ગામમાં જુવાર અને કપાસના વાવેતરના વિસ્તાર કરતાં તાલુકામાં કપાસ તથા જુવારના વાવેતર નીચેનો વિસ્તાર ઓછો હતો. ગામમાં ત્રણે વર્ષોમાં કઠોળના વાવેતર નીચેના વિસ્તારમાં વધઘટ થયેલી છે: પણ કઠોળમાં સૌથી વધારે વાવેતર તુવેરનું થાય છે. ૧૯૫૯-૬૦ અને ૧૯૬૭-૬૮ના વર્ષમાં તુવેરના વાવેતરનો વિસ્તાર સરખો હતો જયારે ૧૯૫૧-૫૨માં તુવેરના વાવેતરનો વિસ્તાર ખૂબજ ઓછો હતો. છેલ્લા દશ વર્ષમાં તુવેરના વાવેતરના વિસ્તારમાં વધારો થયેલો જોવા મળે છે. ૧૯૫૧-૫૨ માં મગફળીનું વાવેતર ૫.૨૬ ટકા વિસ્તારમાં થતું હતું પણ ત્યારપછી તે ઘટતું ગયું છે અને ૧૯૬૭-૬૮માં તો ખૂબજ ઓછું થઇ ગયું છે. મગફળીનું વાવેતર ઘટવાનું મુખ્ય કારણ કપાસના સારા ભાવો છે અને બીજું મગફળીના પાકમાં દર વર્ષે ખસીનો રોગ થતો હોવાથી ઉત્પાદન ખૂબજ ઓછું થતું. વળી તમાકુનું વાવેતર રોકડિયા પાક તરીકે ખૂબજ મહત્વનું હોવાથી પણ મગફળીનું વાવેતર ઘટવા પામ્યું છે. શરૂઆતના વર્ષો (૧૯૫૧ અને ૧૯૫૯ ) માં તમાકુના વાવેતર

નીચેનો વિસ્તાર બિલકુલ હતો નહિ જ્યારે ૧૯૬૭–૬૮ના વર્ષમાં ૨.૩૫ ટકા વિસ્તારમાં તમાકુનું વાવેતર કરવામાં આવેલું અને જમીન આને અનુકૂળ આવવાથી તેમાંથી સારું ઉત્પાદન મેળવી શકાયું હતું અને તમાકુ પણ ઉંચી કક્ષાની પેદા થતી હોવાથી તેના સારા ભાવો પણ મેળવી શકાયા હતા. છેલ્લા એકાદ બે વર્ષના તમાકુના વાવેતર વધારશે. વળી તમાકુના વાવેતરની સાથે દૂધી, કારેલી વગેરે પણ વાવી શકાય છે અને તેમાંથી પણ સારી ઉપજ મેળવી શકાય છે.

ઉપરની હકીકત ગામના સરકારી રેકર્ડસના આધારે રજૂ કરી પરંતુ આ રેકર્ડમાંથી મળતી માહિતી પૂર્ણ પણે સત્ય લાગી નથી. કારણ તપાસના વર્ષના જે પાકવારીના વિસ્તારના આંકડા રજૂ કર્યા છે તેમાં દુબારી વાવેતર બિલકુલ જણાવેલ નથી જ્યારે ખરેખર ગામમાં ૧૯૬૭–૬૮ના વર્ષમાં ૫૦ એકર કરતાં પણ વધુ જમીનમાં દુબારી વાવેતર થયેલું છે. વળી સરકારી દફતરના આંકડાઓ જોતાં જણાશે કે ઘઉંનું વાવેતર બિલકુલ થયેલ નથી પણ ખરેખર તપાસના વર્ષમાં ગામમાં ૨૫ એકર કરતાં પણ વધારે જમીનમાં બિન ઘઉંનું વાવેતર કરવામાં આવેલું. આ સિવાય કારેલી, ભીંડા, તુરિયાં, દૂધી વગેરે શાકભાજીનું પણ બિન વાવેતર કરેલું જે સરકારી દફતરોમાં નોંધાયેલ નથી. આ બધાને લક્ષમાં લઈએ તો કુલ વાવેતર લાયક જમીનનું પ્રમાણ પણ વધે અને દુબારી વિસ્તાર પણ મળી આવે.

તપાસના વર્ષમાં કુલ વાવેતરનો વિસ્તાર ૬૭૦ એકરનો હતો. આ વિસ્તારમાં ઉનાળુ તથા શિયાળુ બિન વાવેતર (ઘઉં તથા શાકભાજી) ની ગણતરી કરી નથી. આ ગણતરી કરીને અનાજવારી તૈયાર કરી હોય તો વધુ યોગ્ય ગણાય, સરકારી



કર્મચારીઓની અપૂરતી કાળજીને લીધે આ રીતના ખોટા આંકડાઓ રજૂ થતા હોય છે. જો કે હવેથી ગામમાં પિયતની સગવડ વધી હોવાથી અને દર વરસે તેના પ્રમાણમાં વધારો થતો જવાથી થોડા વર્ષોમાં શાકભાજી તથા ફળફળાદી અને ઘઉંના પાકો નીચેનો વિસ્તાર વધશે અને ક્રોપ પેટર્નમાં પણ ફેરફારો થશે.

ખેતી – બિયારણ, ખાતર, પાણી, મહેસુલ, મજુરી તથા ધિરાણ :
----------------------------------------------

ગામમાં મુખ્ય પાકો તથા જુદા જુદા પાકો નીચેનો વિસ્તાર જોયો, ખેતીમાં કપાસનું બિયારણ સોસાયટીમાંથી ખરીદવામાં આવે છે. કપાસનું વાવેતર ખાસ કરીને સારા પ્રકારની જમીનમાં કરવામાં આવે છે. દરેક ખેડૂત વધતા ઓછા પ્રમાણમાં કપાસનું વાવેતર કરે છે. પહેલાં કપાસનું વાવેતર નજીક નજીક કરવામાં આવતું પરંતુ હવેથી બે હાર વચ્ચેની જગા વધારે રાખે છે. કપાસની રોપણી કરતા નથી પણ ઓરે છે. કપાસ ઓરતાં પહેલાં જમીનમાં બે ત્રણ સારી ખેડ કરે છે. કપાસના પાકમાં છાણીયું ખાતર પણ નાખે છે. ખાસ કરીને નદીના ભાઠાની જમીનમાં કપાસનું વાવેતર વધારે પ્રમાણમાં કરવામાં આવે છે.

ગરાસિયા કુટુંબો પાસે જમીનનું પ્રમાણ વધારે હોવાથી તેઓ કપાસનું વાવેતર વધારે જમીનમાં કરે છે. જ્યારે વસાવા ખેડૂતો પાસે ખૂબજ થોડી જમીન હોવાને કારણે તે પોતાની જમીનમાં અનાજનું (જુવાર) વાવેતર કરે છે. કપાસ એ આ વિસ્તારનો મુખ્ય પાક છે અને અહીંનો કપાસ ઉંચી જાતનો ગણવામાં આવે છે. કપાસના બિયારણ પાછળનો ખર્ચ ખૂબજ ઓછો થાય છે અને બી રોકડેથી ખરીદવું પડે છે. નાના સાંજા રાણીપુરા મંડળીમાં જોડાયેલું છે. આથી ગામના લોકોને કપાસનું બિયારણ ખરીદવા

વાવતી વખતે કેટલાક ખેડૂતો બિયારણ સાથે સાધારણ ગંધક નાખે છે જેને કારણે અંગારીયો ન આવે. જુવારનું વાવેતરની પધ્ધતિમાં પણ ફેરફાર થયો છે. બે ચાર વચ્ચેનું અંતર વધારે રાખે છે અને એકરદીઠ બિયારણ પણ ઓછું વાપરે છે. આને કારણે છોડને સારી વૃધ્ધિ કરવાની તક મળે છે અને તેથી એકરદીઠ ઉત્પાદન ખૂબ સારું મેળવી શકાય છે.

અન્ય બિયારણો પણ ઘરનાં જ વાપરે છે પણ તમાકુ માટેનું ધરુ ખરીદીને લાવવું પડે છે અને આમાં ખર્ચ પણ વધારે થાય છે. તમાકુનું વાવેતર રોપીને કરે છે અને બે છોડ છચ્ચે એકાદ ફૂટની જગા રાખે છે. તમાકુના પાક પાછળ માવજત પણ ખૂબજ સારી કરે છે. તમાકુ રોપ્યા બાદ સારો વરસાદ ન આવે તો ધરુ નિષ્ફળ જાય છે અને ફરીથી લાવીને રોપવું પડે છે. ધરુ રોપ્યા બાદ તેને બચાવવા ટુવા આપે છે. (ટુવા- દરેક છોડને સૂકાઇ ન જાય તે માટે થોડું થોડું પાણી થોડા થોડા સમયના અંતરે આપવું.).

ખાતર :
----

નાના - સજામાં રાસાયણિક ખાતર, ખોળ તથા છાણીયા ખાતરનો ઉપયોગ સારા પ્રમાણમાં થાય છે. જો કે મોટા ભાગના આદિવાસી ખેડૂતો છાણીયા ખાતર સિવાય બીજા કોઇ ખાતરનો



ઉપયોગ કરતા નથી. પરંતુ માછી તથા રાજપૂત ખેડૂતો રાસાયણિક ખાતરનો ઉપયોગ સારા પ્રમાણમાં કરે છે. તમાકુ, કપાસ શાકભાજી તથા ઘઉંના પાકોમાં રાસાયણિક ખાતર તથા ખોળનો વપરાશ કરે છે. ખાતરની ખરીદી ઝઘડિયાથી અથવા તો રાણીપુરા મંડળીમાંથી કરે છે. કેટલાક ખેડૂતોએ આ વરસથી હાઇબ્રીડ બાજરીનું વાવેતર પણ શરૂ કર્યું છે અને આમાં રાસાયણિક ખાતરના એક કરતાં વધારે ડોઝ થોડા થોડા અંતરે આપે છે. ખાતરના વપરાશથી થતા ફાયદાઓનો જેમ જેમ ખ્યાલ આવતો જાય છે તેમ તેમ તેનો વપરાશ પણ વધારતા જાય છે. જો કે આ અસરો બિન આદિવાસી ખેડૂતોમાં જ જોવા મળે છે. આદિવાસી ખેડૂતોને તો પોતાની ટૂકી જમીનમાં માટે છાણિયું ખાતર પૂરતું હોય છે. વળી મૂડીના અભાવે પણ તે આ ખાતરોનો વપરાશ કરી વધુ ઉત્પાદનનો લાભ મેળવી શકતો નથી. રાસાયણિક ખાતર અંગે કેટલાક ખેડૂતો રસ ધરાવતા નથી તેનું કારણ આપતાં તે જણાવે છે કે વ્યસનની જેમ આ ખાતરો પણ જમીન માટે વ્યસનરૂપ બની જાય છે. બીજું આ ખાતરોના વપરાશથી ઉત્પાદન વધારે થાય છે તે સાચું પરંતુ જો વાવેતર બાદ વરસાદ ખેંચાય યા ઓછો પડે તો પાક બિલકુલ થતો નથી. વળી છાણિયું ખાતર જમીનમાં નાખ્યા પછી તેનો કસ બે ત્રણ પાક લઇએ ત્યાં સુધી જળવાઇ રહે છે. જયારે રાસાયણિક ખાતરોનો કસ એક પાક લીધા બાદ રહેતો નથી. આ બધાં કારણોને લીધે અમૂક ખેડૂતો રાસાયણિક ખાતરનો વપરાશ સગવડ હોવા છતાં પણ હજુ સુધી કરતા નથી.

સિંચાઇ :
-----

ખેતી વિકાસ માટે, વધુ ઉત્પાદન માટે અને એક કરતાં વધારે પાક ઉગાડવા માટે સિંચાઇ ખૂબજ મહત્વની ગણી શકાય.

ભરૂચ જિલ્લામાં એકંદરે જોઇએ તો સિંચાઇનુ પ્રમાણ ખૂબ ઓછુ ગણી શકાય. જિલ્લામાં ૧૯૫૫-૫૬ અને ૧૯૬૦-૬૧ માં ખેતી નીચેનો વિસ્તાર અનુક્રમે ૧૦૯૭૧૦૦ અને ૧૧૧૫૮૦૮ એકરની હતો ત્યારે તે વર્ષોમાં સિંચાઇ નીચેનો વિસ્તાર ૯૧૦૮ એકર અને ૧૨૦૦૦ એકરનો હતો. પ્રથમ યોજનાની શરૂઆતમા જિલ્લામાં સિંચાઇ નીચેનો વિસ્તાર માત્ર ૩૯૦૦ એકરનો હતો. ૧૯૫૦-૫૧ થી ૧૯૬૦-૬૧ ના ગાળામાં સિંચાઇ નીચેના વિસ્તારમાં ત્રણ ગણો વધારો થયો છે પણ કુલ વાવેતર નીચેના વિસ્તારના પ્રમાણમાં સિંચાઇ નીચેના વિસ્તારનુ પ્રમાણ ખૂબજ ઓછુ છે. જેમકે ૧૯૫૫-૫૬ માં કુલ વાવેતર નીચેના વિસ્તારના ૮.૩ ટકા વિસ્તાર સિંચાઇ નીચે હતો. જ્યારે ૧૯૬૦-૬૧ માં આ પ્રમાણ ૧૦.૭ ટકાનુ હતુ એટલે કે પાંચ વર્ષના ગાળા દરમ્યાન જિલ્લામાં સિંચાઇ નીચેના વિસ્તારમાં ૨.૪ ટકાનો વધારો થયો પણ આ પ્રમાણ ખૂબજ ઓછુ ગણાય. વળી આ સિંચાઇ પણ બારે માસ પૂરતુ પાણી આપી શકે તેવાં સાધનો દ્વારા થતી નહિ હોવાથી ઘણી ખરી સિંચાઇ વિસ્તાર તો ચોમાસુ પાક બચાવવા પૂરતો જ હોય છે. વળી સિંચાઇ નીચેના વિસ્તારના સરકારી આંકડાઓ પણ વિશ્વાસપૂર્ણ નહિ હોવાથી ઘણી વખત હોય તેના કરતાં વધારે કે ઓછા અંદાજો પણ રજૂ થતા હોય છે. જિલ્લામાં સિંચાઇનુ સાધન કેનાલ તથા કૂવાઓ છે.

કુલ સિંચાઇ વિસ્તારમાંથી અનાજના પાકોનો સિંચાઇ વિસ્તાર ૧૯૫૦-૫૧ માં ૫૬ ટકા ૧૯૫૫-૫૬ માં ૬૬ ટકા અને ૧૯૬૦-૬૧ માં ૫૪ ટકા હતો. એટલે કે ૧૯૫૬ માં વર્ષમાં ૯૧૦૦ એકર સિંચાઇ વિસ્તારમાંથી ૬૦૦૬ એકરનો વિસ્તાર અનાજના પાકોની સિંચાઇ નીચે હતો. ડાંગર એ સિંચાઇ નીચેનો મહત્વનો



પાક ગણી શકાય. ૧૯૫૦-૫૧ અને તે પહેલાં પિયત જુવારનુ વાવેતર હતુ નહિ જ્યારે ૧૯૬૦-૬૧ માં પિયત જુવાર ૧૦૦૮ એકર જમીનમાં કરવામાં આવેલી. કપાસનુ પણ શરૂઆતમાં બિનપિયત વાવેતર જ થતુ પણ ૧૯૬૦-૬૧ માં ૪૪૦૦ એકર જમીન પિયત કપાસનુ વાવેતર થયેલ. આમ પિયત જુવાર તથા કપાસનુ વાવેતર બિલકુલ હતુ નથી જે બીજી યોજનાની શરૂઆતથી થવા લાગ્યુ અને વર્ષો વર્ષ તેમાં વધારો પણ થવા માંડયો. ૧૯૬૮માં જિલ્લામાં સિંચાઇ નીચેનો વિસ્તાર વધ્યો હશે પરંતુ તે વિષેની માહિતિ ઉપલબ્ધ થઇ નથી.

તાલુકામાં ૧૯૬૭-૬૮ના વર્ષમાં ૨૨૫૦ એકર જમીનમાં પિયત કરવામાં આવેલ. પાક વાર પિયત નીચેનો વિસ્તાર નીચે પ્રમાણે હતો.

| પાક | પિયત નીચેનો વિસ્તાર એકરમાં | |
|---|---|---|
| ડાંગર | ૧૫૧૦ | ઝઘડિયા તાલુકામાં કુલ પિયત વિસ્તાર ૧૯૬૭-૬૮ |
| ઘઉં | ૫૦૦ | |
| શેરડી | ૧૫ | |
| મરચાં, શાકભાજી, ફળ | ૧૫૦ | |
| ઘાસ | ૭૫ | |

તાલુકામાં વાવેતર નીચેનો વિસ્તાર ૧૯૬૭-૬૮ના વર્ષમાં ૧૨૩૩૭૫ એકરનો હતો જેમાં ૪૭૧ એકરમાં એક કરતાં વધુ વખત વાવેતર થયેલ એટલે ચોખ્ખો વાવેતર નીચેનો વિસ્તાર ૧૨૨૯૦૪ એકરનો હતો. તાલુકાના કુલ વાવેતરના વિસ્તારમાંથી સિંચાઇ નીચેનો વિસ્તાર માત્ર ૧.૮ નો જ હતો. આમાં પણ મોટાભાગનો સિંચાઇ નીચેનો વિસ્તાર છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન જ વધવા

પામ્યો છે. જિલ્લાના ૧૯૬૦-૬૧ ના સિંચાઇ નીચેના વિસ્તાર કરતાં પણ તાલુકામાં ૧૯૬૭-૬૮ના વર્ષમાં સિંચાઇ નીચેનો વિસ્તાર ખૂબજ ઓછો ગણાય. ખાસ કરીને નદી કાંઠાના ગામો-માં લીફ્ટ ઇરીગેશન દ્વારા સિંચાઇ કરવામાં આવે છે. આદિવાસી વિસ્તારોમાં આવેલ ગામોમાં સિંચાઇથી પ્રમાણ નહિવત છે જ્યારે બિન આદિવાસી ખેડૂતો જ્યાં પાણીની સગવડ હોય ત્યાં લીફ્ટ-ઇરીગેશન દ્વારા પિત કરે છે.

નાના - સજા ગામમાં સરકારી દફતરે સિંચાઇ નીચેનો વિસ્તાર બિલકુલ નોંધવામાં આવેલ નથી પણ ગામના કેટલાક ખેડૂતોએ કરેલ સિંચાઇના અંદાજો પ્રમાણે ૪૦ થી ૫૦ એકર જેટલી જમીનમાં પિત વાવેતર કરવામાં આવેલ. જેમાં ઘઉં, શાકભાજી વગેરે ગણી શકાય. જો કે ચાલુ વર્ષે (૧૯૬૮-૬૯) તો ગામમાં ૧૫ જેટલા બોર થયા છે અને ૧૦ જેટલા નવાં એન્જીન પણ આવ્યાં છે. આને કારણે નજીકના બે ત્રણ વર્ષોમાં ગામમાં પિત નીચેના વિસ્તારમાં ખૂબ સારા પ્રમાણમાં વધારો થશે. બોર કરવા માટે તથા એન્જીન લાવવા માટેની મદદ મિશનરી તરફથી કરવામાં આવી છે. હાલ ગામમાં ૧૩ જેટલાં ઓઇલ એન્જીન છે. પણ વસાવા કોમમાં એક પણ ખેડૂત પાસે એન્જીન કે પિતનું અન્ય કોઇ સાધન નથી. પિતની શકયતાઓ વધવાથી ઘઉંનું વાવેતર તથા શાકભાજી તથા ઉનાળુ બાજરીનું વાવેતર આ વરસથી થવા લાગ્યુ છે.

૧૯૫૧ અને ૧૯૬૦ના વર્ષમાં ગામમાં ૬૯૦ એકર અને ૬૯૯ એકર કુલ વાવેતરનો વિસ્તાર હતો. જેમાંથી બંને વર્ષોમાં ૫ એકર જમીનમાં સિંચાઇ થયેલી. કુલ વાવેતરના વિસ્તારના ૦.૭૨ ટકા વિસ્તાર સિંચાઇ નીચે હતો. હાલમાં આ વિસ્તારમાં વધારો થયો છે. અને થોડા વર્ષ બાદ ગામમાં સિંચાઇ નીચેના



વિસ્તારમાં ઘણો મોટો વધારો થશે.

ખાસ નોંધવા લાયક હકીકત એ છે કે આદિવાસી તથા પછાત ખેડૂતોને સિંચાઇમાં થયેલ વધારાનો કોઇ લાભ મળયો નથી. ખાસ કરીને રજપૂત અને માછી ખેડૂતોએ જ ખેતીની નવી ટેકનીક અપનાવી તેમાંથી મળતા લાભો મેળવ્યા છે. આદિવાસી ખેડૂતો પાસે ઓછી જમીન તથા મૂડીના અભાવે તેઓ ખેત વિકાસ માટેના નવા સાધનો અપનાવી શકયા નથી.

કાવેરીના બાકીના ભાઠામાં શાકભાજી તથા ફળફળાદિના વાવેતરની શકયતા તથા ખૂબજ ઓછી કિંમતમાં આ જમીનો વાવવા મળતી હોવા છતાં નવરાશના સમયમાં ગામના વસાવા મજૂરો તે જમીન ભાડે રાખી આ રીતે ખેતી પણ કરતા નથી અને ઘણે દૂરથી લોકો આવી આ ભાઠામાં ટેટી - તડબૂચ તથા શાકભાજીનું વાવેતર કરી સારી આવકો મેળવે છે. જો કે આવા પાકોના વાવેતર માટે સારા પ્રમાણમાં મૂડીરોકાણ કરવું પડે છે અને એટલી મૂડી તેમની પાસે નહિ હોવાથી તે આવું વાવેતર કરી સારી આવક મેળવી શકતા નથી તેમ વસાવા મજૂરોનું કહેવું છે.

## ખેતી અને મજૂરી ખર્ચ :

આદિવાસીઓ પોતાની ખેતી જાત મહેનતથી કરે છે. ખેડથી માંડીને પાક તૈયાર થાય ત્યાં સુધીની ખેતીની દરેક પ્રક્રિયાઓ ઘરનાં માણસો દ્વારા જાત મહેનતથી કરાવે છે. વળી જમીન ઓછી હોવાથી દરેક આદિવાસી ખેડૂતો પાસે બળદ કે ખેતીનાં ઓજારો પણ હોતાં નથી. આથી તે કાં તો ભાડેથી જમીન ખેડાવે યા તો પોતે જેને ત્યાં મજૂરી કરતા હોય ત્યાંથી

સાધનો માંગીને જમીન ખેડીને વાવેતરનુ કામ કરે છે. બધુજ ખેતીનુ કામ જાતે કરવાનુ હોવાથી ઓછી જમીન ધરાવતા આદિવાસી ખેડૂતો તથા બીજા અન્ય ખેડૂતોને મજૂરીનુ ખર્ચ થતુ નથી. અથવા તો બિલકુલ થતુ નથી. પરંતુ રાજપૂત ખેડૂતોની ખેતીમાં મજૂરી ખર્ચનુ પ્રમાણ વધારે હોય છે ઘણા ખેડૂતોની ખેતીમાં મજૂરી ખર્ચનુ પ્રમાણે વધારે હોય છે. ઘણા ખેડૂતો ખેતી માટે કાયમી ચાકર રાખે છે અને ખેતીના બધાંજ કામ ચાકર પાસે કરાવે છે. આ સિવાય નિંદવુ, રોપવુ, કાપણી વગેરે કામોમાં છૂટક મજૂરોને પણ કામે લગાડતા હોય છે અને તેની છૂટક મજૂરી ખર્ચ પણ તેમની ખેતીમાં થતુ હોય છે. આથી ખેતીના જુદા જુદા ખર્ચમાં મજૂરી ખર્ચનુ મહત્વ ખૂબ વધારે છે અને મોટા ભાગનુ મજૂરી ખર્ચ બિન-આદિવાસી ખેડૂતોની ખેતીમાં થતુ હોય છે.

## મહેસૂલ :

ગામની જમીન ખૂબજ ફળદ્રુપ તથા ઉત્તમ પ્રકારની હોવાથી આકાર વધારે આવે છે અને તેને કારણે મહેસૂલ પણ વધારે હોય છે. એકરે રૂા.૧૦ કરતાં પણ વધારે મહેસૂલ લેવામાં આવે છે. નદીના ભાઠાના જમીનનુ મહેસૂલ તો ખૂબજ વધારે છે. પ્રથમ તપાસ વખતે ગામનુ કુલ મહેસૂલી ખર્ચ હતુ તેના કરતાં બીજી તપાસ વખતે મહેસૂલી ખર્ચમાં ઘણો વધારો થયો છે. તેનુ મુખ્ય કારણ લોકલફંડ, શિક્ષણ ઉપકર, પંચાયત ટેકસ વગેરેમાં થયેલ વધારો યા શરૂઆત ગણી શકાય.



## ધિરાણ :

રાજપૂત કુટુબો તથા માછી કુટુબો રાણીપુરા ધિરાણ મંડળીમાં જોડાયેલા છે જયારે એક બે વસાવા ખેડૂતો પણ આ મંડળીમાં જોડાયેલા છે. જેથી ટૂકાગાળાના ધિરાણની જરૂરિયાત આ મંડળી દ્વારા પૂરી પાડવામાં આવે છે. રાણીપુર મલ્ટીપરપઝ સોસાયટી મધ્યમ ગાળાનુ ધિરાણ પણ તેના સભ્યોને કરે છે. લાંબા ગાળાનુ ધિરાણ લેન્ડ મોર્ટગેજ બેન્ક તરફથી કરવામાં આવે છે પણ મિશનરી દ્વારા ખૂબજ સરળતાથી અને વગર વ્યાજે આવુ ધિરાણ મળતુ હોવાથી સરકારી તંત્ર પાસેથી ધિરાણ લેવામાં આવતુ નથી. જો કે મિશનરી તરફથી થયેલ ધિરાણ પણ બિન આદિવાસી કુટુબોમાં જ થયુ છે.

વસાવા ખેડૂતો કે જેઓ સોસાયટીના મેમ્બર નથી તેઓ ગામના રજપૂત જમીનદાર પાસેથી યા પોતે જેને ત્યાં ચાકર તરીકે કામ કરતા હોય ત્યાંથી ધિરાણ મેળવે છે. આ કોમને ધિરાણ માટે વધારે જરૂરિયાત હોતી નથી. કારણ ખૂબજ ઓછી જરૂરિયાતો અને ખેતીમાં ખૂબજ ઓછી મૂડી રોકાણને કારણે વધારે દેવુ કરવાની જરૂર નથી અને વધારે મૂડીરોકાણની જરૂર હોય તો પણ તેઓ મેળવી શકતા નથી.

રાણીપુરા મલ્ટીપરપઝ સોસાયટી ખેત પેદાશના ખરીદ-વેચાણનુ કામ પણ કરે છે. ખેત ઉત્પાદનનો માલ પોતે ગોડાઉનમાં રાખી મૂકે છે અને તેના ઉપર સભ્યોને ધિરાણ કરે છે. જયારે ઉત્પાદનના સારા ભાવો આવે ત્યારે ઉત્પાદન વેચે છે. આને કારણે ખેડૂતોની ધિરાણ જરૂરિયાત સંતોષાય છે અને માલના સારા ભાવો મળે ત્યારે વેચાતો હોવાથી ઉત્પાદનના સારા

ભાવો પણ મળે છે. કપાસ તથા જુવારના પાકની ખરીદી તથા વેચાણનું કામ આ સોસાયટી કરે છે. જો કે આથી કેટલીકવાર ખેડૂતોને મુશ્કેલી પણ ઉભી થાય છે. સોસાયટીમાં કામ કરતા કાર્યકરો કાર્યદક્ષ નહિ હોવાને કારણે બજારોથી તથા રોજિંદા ભાવોમાં થતા ફેરફારોથી ખૂબ પરિચિત હોતા નથી. વળી વધુમાં વધુ ભાવ મેળવવાની લાલચને કારણે એકાદ બે રૂપિયા ભાવ વધારે મળતા હોય તો માલનું વેચાણ કરતા નથી અને આને કારણે કોઇક વખત ભાવો નીચા બેસી જાય તો ખેડૂતોનેસહન કરવું પડે છે. કપાસનું બધુજ ઉત્પાદન આ મંડળી દ્વારા વેચાય છે.

મંડળી દ્વારા ધિરાણમાં બીજી મુશ્કેલી એ છે કે જે ધિરાણ મંજૂર કરવામાં તેમાંથી કેટલુંક ધિરાણ રોકડ સ્વરૂપમાં અને કેટલુંક ધિરાણ વસ્તુના સ્વરૂપમાં (૭૦ ટકા રોકડ સ્વરૂપમાં અને ૩૦ટકા વસ્તુના સ્વરૂપમાં) થતું હોય છે. એટલે કે કોઇ સભ્યનું રૂા.૧૦૦૦નું ધિરાણ મંજૂર કરવામાં આવે તો તેમાંથી રૂા.૭૦૦ રોકડ સ્વરૂપમાં અને રૂા.૩૦૦ ખાતર, દવા, બિયારણ વગેરેના સ્વરૂપમાં લેવા પડે છે. કોઇ ખેડૂતને વસ્તુના સ્વરૂપમાં ધિરાણ ન જોઇતું હોય તેને રૂા.૧૦૦૦ નું મંજૂર થયેલ ધિરાણ મળતું નથી પણ માત્ર રૂા.૭૦૦ નું જ ધિરાણ મળે છે.

સોસાયટીનું ધિરાણ વસૂલ કરવા માટે કોઇ પ્રકારની મુશ્કેલી પડતી નથી કારણ સભ્યોનો માલ સોસાયટી પાસે હોય છે. આ માલનું વેચાણ કરી દરેક સભ્યોને આપેલ ધિરાણ તથા વ્યાજ કાપી લઇ ઉપરની રકમ સભ્યોને ચૂકવવાની હોય છે. આથી મુદત વીતી બાકી રહી શકતું નથી.



નાના - સાંજા ગામ રાણીપુરા ગ્રુપ વિવિધ કાર્યકારી સહકારી મંડળીમાં આવેલ છે. આ મંડળીમાં ચાર ગામ રાણીપુરા, ઉચેડિયા, નાના - સાંજા અને મોટા સાંજા જોડાયેલાં છે. ૧૯૬૬-૬૭ ની સાલમાં કુલ સભ્ય સંખ્યા ૧૪૬ ની હતી જેમાં નાના સાંજાની સભ્ય સંખ્યા ૩૩ ની હતી. કુલ શેરભંડોળ ૨૧૩૨૦ રૂા.નું હતું અને ૧૯૬૫-૬૬ ના વર્ષમાં મંડળીએ ૬૫૯૬૪ નું ધિરાણ કરેલું. એટલે કે સભ્ય દીઠ ધિરાણ લગભગ રૂા.૪૫૨ નું કરેલું. વર્ષો વર્ષ આ ધિરાણનું પ્રમાણ વધારવામાં આવે છે. હાલમાં નાના - સાંજામાંથી મંડળીના કેટલાક સભ્યો છૂટા થયા છે. અને તેનું કારણ જણાવતાં તેઓનું કહેવું છે કે મંડળીનો વહીવટ ખૂબ કાર્યક્ષમ નથી. અમારા ઉત્પાદનના ભાવો ઘણી વખત ખૂબ નીચા મળે છે અને તેને કારણે ધિરાણ કરેલ રકમ જેટલી રકમમાં મળે છે અને તેથી હાથમાં રોકડ કંઇ આવતું નથી. જ્યારે સભ્ય ન હોઇએ તો અમારા માલ ગમે તે સમયે સારા ભાવ મળે ત્યારે વેચી દઇને જરૂરના સમયે રોકડ નાણાં ઉભાં કરી શકીએ છીએ.

મિશનરી દ્વારા બોરીંગ, એન્જીન વગેરે માટે જે ધિરાણ કરવામાં આવે છે તેના ઉપર વ્યાજ લેવામાં આવતું નથી અને તેનું મોર્ટગેજ બેન્કમાંથી નાણાં મેળવવા માટે જેમ લાંબી વિધિ કરવી પડે છે તેથી લાંબી વિધિ કરવી પડતી નથી. કોઇ સરકારી અમલદારને સલામ ભરવી પડતી નથી અને કોઇને પૈસા (લાંચ) પણ આપવી પડતી નથી. ખૂબજ સરળતાથી લોન મંજૂર થાય છે જેને નક્કી કરેલ હપ્તાઓમાં ભરવાના હોય છે. આ સરળતાને કારણે મિશનરીનું ધિરાણ વધુ પસંદ કરે છે.

શાહુકારનું ધિરાણ નીચલા વર્ગમાં છે પણ તેના ઉપર શાહુકાર વ્યાજ લેતા નથી તેમ તે વર્ગનું કહેવું છે કારણ આ

બધોજ વર્ગ જમીનદારોના ત્યાં ચાકર તરીકે યા છૂટક મજૂરીથી કામ કરે છે. આથી જયારે તેને થોડી નાણાંની જરૂર હોય તો આ વર્ગ આપે છે અને મજૂરીમાંથી કાપી લે છે.

મજૂરી :

૧૯૬૧ પ્રમાણે ગામની કુલ વસતિમાંથી ૫૫ ટકા કરતાં વધારે વસતિ મજૂરીના ધંધા ઉપર આજીવિકા મેળવે છે. ગામની કુલ આવકોમાં સૌથી વધારે આવક ખેતીની છે પણ મજૂરીના ધંધા ઉપર જીવતો વર્ગ ખૂબજ મોટો છે. મજૂરીનો ધંધો આદિવાસી કુટુંબો કરે છે. મજૂરી કરી શકે તેવાં ઘરનાં બધાંજ માણસો મજૂરી-ના ધંધામાં જોડાયેલાં છે. ખેતીમાં બારે મહિના મજૂરી મળી રહેતી નથી. ખાસ કરીને ચોમાસા અને શિયાળામાં પૂરતી મજૂરી મળી રહે છે પણ ઉનાળાની ૠતુમાં દરરોજ બધાજ મજૂરી કરતાં કુટુંબોને મજૂરી મળતી નથી. આ વખતે બાંધકામની મજૂરી (રસ્તા, રેલવે) માં મજૂરી માટે જવુ પડે છે. ગામમાં છૂટક મજૂરી તથા બાર મહિના ચાકર રાખીને મજૂરી કરવી એક બે પ્રકારની મજૂરી મળે છે. બારે મહિના ચાકર તરીકે મજૂરી કરે તેને ઉનાળાની ૠતુમાં બીજે કયાંય મજૂરી શોધવા જવુ પડતુ નથી. જો કે મજૂરી કરતાં બધાં કુટુંબોને આ રીતે રોજી મળતી નથી એટલે જેને ચાકર તરીકે મજૂરી મળે તે છૂટક મજૂરી કરે છે. ચાકર તરીકે મજૂરી ખાસ કરીને રજપૂત તથા કેટલાક માછી ખેડૂતોને ત્યાં મળે છે. ગામના એકજ રજપૂત કુટુંબમાં ૧૨ કરતાં વધારે ચાકર છે અને છૂટક મજૂરી દરરોજ બે ત્રણ તો હોય છે. આ સિવાય બીજા થોડા રજપૂત અને માછી કુટુંબો પણ એક મજૂર ખેતીના ધંધા માટે રોકે છે. ગૂમાનદેવ મંદિરના મહંત પણ ગામના ઘણા મજૂરોને ખેતી માટે



રાખે છે કારણ મંદિર પાસે સારા પ્રમાણમાં જમીન તથા સિંચાઇનાં સાધન છે. જેને કારણે ગૂમાનદેવ ફળિયામાંથી અને ગામમાંથી કાયમ માટે મજૂરોને મજૂરી માટે બોલાવે છે. છૂટક મજૂરી પણ ત્યાં વધારે મજૂરોને મળે છે.

ગામમાં મજૂર વસ્તી વધારે હોવાથી અને આ વસતિનુ આવકનુ સાધન માત્ર મજૂરી હોવાને કારણે રોજિંદા મજૂરીના દરો ખૂબજ નીચા હોય છે. આથી વસાવા ખેત મજૂરોનુ શોષણ ખૂબ વધારે થાય છે. આજથી પાંચ વર્ષ પહેલાં કાયમી ચાકરને વાર્ષિક રૂ.૧૦૦ મળતા હતા તથા વાર્ષિક ૧૨ મણ જુવાર, કપડાં, તમાકુ તથા જોડા આપવામાં આવતાં. આજે રૂ.૧૨૦ થી ૧૨૫ તથા ૧૮ મણ જુંવાર, કપડાં, જોડા, તમાકુ વગેરે આપવામાં આવે છે. આટલી રોજી મેળવવા તેને ખેતીનાં તથા ઘરનાં બધાંજ કામ કરવા પડે છે. આટલી રોજીમાંથી તેના કુટુંબનુ પોષણ પણ થઇ ન રહે તે માટે કુટુંબનાં બીજાં માણસોને પણ શકય હોય તેવી મજૂરી માટે જવું પડે છે.

છૂટક મજૂરીમાં સવારથી સાંજ સુધી મજૂરી કરવા જવાનુ હોય તો રૂ.૧ મજૂરી તથા સવારમાં જુંવારનો રોટલો અને ચા આપે અને બપોરથી સાંજ સુધીની મજૂરી હોય તો માત્ર બાર આના મજૂરી પેટે મળે. સ્ત્રી મજૂરને આખા દિવસનો ૧ રૂ. મજૂરી મળે અને સવારમાં ખાવા માટે જુવારનો રોટલો આપવામાં આવતો નથી.

ખેતી સિવાયની અન્ય મજૂરીમાં બાંધકામમાં કેટલાક લોકો મજૂરી માટે જાય છે અને ત્યાં ૨ થી ૨ાા રૂ. જેટલી રોજી મળે છે. પરંતુ આ મજૂરી કાયમી હોતી નથી અને નજીકના વિસ્તારમાં કાયમ માટે આવી મજૂરી મળવી શકય પણ હોતી નથી.

વસાવા સ્ત્રીઓ રાજપૂત તથા માછી કુટુંબોમાં ઘરકામ કરે છે. ઘરકામમાં પાણી ભરવું, વાસણ, કપડાં, છાણ-વાસીદુ કરવું, અનાજ સાફ કરવું વગેરે કામો કરવાના હોય છે. આ મજૂરીમાંથી માસિક રૂા. ૨ થી ૫ જેટલી મજૂરી આપવામાં આવે છે. અને એક ટંક જમવાનુ આપવામાં આવે છે. ખેતી માટે ચાકર રાખે છે તેવીજ રીતે ઘરકામ માટે ફકત મજૂર પણ કેટલાક કુટુંબો આ રીતે રાખવામાં આવે છે.

આ રીતે વસાવા કુટુંબનાં ઘરનાં કામ કરી શકે તેવા બધાંજ માણસ જુદી જુદી રીતે મજૂરીનુ કામ કરે છે અને જેની પાસે ઓછી વધતી જમીન હોય તો તે વધારામાં ખેતીનો ધંધો કરે છે જો કે વસાવામાં ઘણાં કુટુંબો જમીન વગરનાં છે.

પશુપાલન તથા અન્ય ધંધાઓ :

આ વિસ્તારમાં જંગલ બિલકુલ નહિં હોવાથી અન્ય આદિવાસી વિસ્તારોમાં જંગલમાં મજૂરી તથા જંગલ પેદાશોની જે મહત્વની ગણી શકાય તેવી આવકો મેળવી શકાય છે તેવી આવકો આ ગામમાં બિલકુલ મળતી નથી. પશુપાલનમાં ગામમાં દરેક કુટુંબમાં એક યા તે કરતાં વધારે ઢોર રાખવામાં આવે છે. ભરવાડ કુટુંબો મોટી સંખ્યામાં ઢોર રાખી દૂધ-ઘીનુ વેચાણ તથા પશુઓના વેચાણ દ્વારા આવક મેળવે છે. ગામમાં ડેરી નથી. પરંતુ એક વેપારી ગામમાંથી રૂા. ૧૪ ના ભાવે ૨૦ લીટર દૂધ એકઠું કરે છે. છૂટક દૂધના ભાવ રૂા. ૧૬ છે. બધાજ કુટુંબો જેને પશુ દૂધ આપતું હોય તેવાં જરૂર જેટલું દૂધ રાખી બાકીનુ દૂધ વેપારીને આપે છે. અને આથી થોડી રોકડ આવક દૂધમાંથી મળે છે. જે કુટુંબો દૂધ વેચતાં નથી તે ઘી બનાવે છે અને ૧ કિલોના



રૂા. ૧૬ના ભાવે વેચે છે. પશુ દ્વારા દૂધ ખૂબજ ઓછા પ્રમાણમાં મળે છે અને તેનુ મુખ્ય કારણ પશુઓને મળતો ખોરાક છે. એકજ કુટુંબમાં પશુનો ઘાસ સિવાય દાણ ખવરાવામાં આવે છે. બાકીનાં બધાંજ કુટુંબો વધુ દૂધ મેળવવા યા વધુ ફેટનુ દૂધ મેળવવા માટે કપાસ યા તેવું બીજું કોઇ દાણ ઢોરને ખવરાવતાં નથી. બીજુ અહીંનુ મુખ્ય ઘાસ જુવારનુ છે અને આ ઘાસ ખૂબજ જાડુ હોવાથી ઢોરને જરૂરી તત્વો તથા મીઠાશ ઘાસમાંથી મળતાં નથી. લીલુ ઘાસ પણ પૂરતા પ્રમાણમાં મળતુ નથી. આને કારણે પશુ દ્વારા મળતુ દૂધ ખૂબજ ઓછું હોય છે તેમ છતાં દરેક કુટુંબ તેમાંથી થોડી વધતી આવકો મેળવે છે. આદિવાસી કુટુંબોમાં આ આવક નજીવી છે. કારણ તેમની પાસે ભેંસ જેવા ઢોરને પોતાની તથા ખરીદવાની શકિત નથી. બળદ પણ રાખી શકતા નથી તો ભેંસ તો રાખી શકે પણ કયાંથી ?

આ વિસ્તારમાં લીલા ઘાસનુ વાવેતર (રજકો) કરવામાં આવે છે અને તે બારે મહિના ઢોરને આપવામાં આવે તો દૂધનુ ઉત્પાદન વધારી શકાય. દૂધ માટેનુ બજાર તો અંકલેશ્વર તથા ભરૂચ છે જ અને દૂધ મોકલવા માટે બસ તથા રેલવે એમ બંનેની સારી સગવડ છે. દૂધના તથા ઘીના સારા ભાવો અને તેમાંથી મળતી રોકડ આવકોની કિંમત હવે બિન આદિવાસી ખેડૂતોને સમજાવા લાગી છે અને તેને કારણે વર્ષોવર્ષ પશુપાલનનો ધંધો સુધરતો જાય છે. અને તે રીતે વધુ આવકો મેળવવા માટે તે શકય તે પ્રયત્નો પણ કરે છે. હવે માત્ર પશુઓની માવજત કરવાની તથા તેને દાણ આપવાની જરૂર છે. જો દાણ આપવામાં આવે તો દૂધની ગુણવત્તા તથા જથ્થો બંને સુધરે અને તેની પાછળ કરેલ ખર્ચ કરતાં પણ વધારે આવક મેળવી શકાય.

પશુપાલન સિવાયના અન્ય ધંધામાં નોકરી, વેપાર, વગેરે ગણી શકાય. ગામમાંથી થોડા વ્યકિત એસ.ટી.માં તથા રેલવેમાં નોકરી કરે છે. ત્રણ કુટુંબ વેપારના ધંધામાં જોડાયેલા છે. અને એક કુટુંબ દરજી કામ કરે છે. બે બ્રાહ્મણ કુટુંબોમાંથી એક કુટુંબ પૂરોહિત (પૂજા પાઠ તથા ધાર્મિક વિધિ) નું કામ કરે છે. ગામમાં કોઇ ઉદ્યોગ ધંધાની આવક નથી. આજુ બાજુના વિસ્તારમાં પણ કોઇ ઉદ્યોગ નથી.

નિર્વાહ ખર્ચ :
---------

આ વિસ્તારનો મુખ્ય પાક જુવારનો છે જેથી ખોરાકમાં જુવારનું મહત્વ ખૂબજ વધારે છે. જેમ ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્રમાં બાજરી, સાબરકાંઠા, બનાસકાંઠા તથા પંચમહાલના આદિવાસી વિસ્તારોમાં મકાઇ એ મહત્વનો ખોરાક છે તેમ ભરૂચ તથા સુરત જિલ્લામાં જુવાર એ મહત્વનો ખોરાક છે. રોજિંદા ખોરાક એક યા તો બને વાર ખોરાકમા જુવારનો ઉપયોગ કરે છે. જુવારના રોટલા બનાવી તેની સાથે શાક યા કઢી ખાય છે. વસાવા લોકો ખોરાકમાં બને ટાઇમ જુવારના રોટલાનો ઉપયોગ કરે છે. અને તેની સાથે કઠોળ યા શાક કે ચટણી ખાય છે. કઠોળમાં તુવેર તથા વાલનો ઉપયોગ વધારે કરે છે અને શાકભાજીમાં વાલોળનો ઉપયોગ ખૂબ વધારે પ્રમાણમાં કરવામાં આવે છે. કારણ વાલોળ દરેકના વાડાઓમાં વાવવામાં આવે છે અને ખેતરમાં પણ જુવારની સાથે છોડ નાખે છે જે જુવારના પાક પછી તૈયાર થાય છે અને તેમાંથી શાક જેટલી વાલોળ નીકળે છે. આ સિવાય દૂધી, ભીંડા, બટાટા, ડુંગરી, કારેલા વગેરે શાકભાજીનો પણ બિન આદિવાસી કુટુંબો સીઝન પ્રમાણે ઉપયોગ કરે છે. આદિવાસી કુટુંબોમાં



ચોખાનો ઉપયોગ વાર તહેવારે કરવામાં આવે છે જયારે બિન - આદિવાસી (રાજપૂત, માછી, બ્રાહ્મણ) કુટુંબોમાં ચોખાનો ઉપયોગ વધારે પ્રમાણમાં કરવામાં આવે છે અને મોટા ભાગના બિન આદિવાસી કુટુંબોમાં દિવસમાં એકવાર ચોખાનો ઉપયોગ કરે છે. જો કે મહત્વનો ખોરાક જુવારનો હોવા છતાં ૧૦ જેટલાં કુટુંબો ઘઉંનો ઉપયોગ પણ ઉનાળાની ઋતુમાં ખોરાકમાં કરે છે. આમ વસાવા સિવાયની અન્ય કોમોમાં ખોરાકમાં ચોખા, ઘઉં કઠોળ વગેરેનો સારા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે. વાર તહેવારે બને જાતિઓમાં ઘઉંનો ઉપયોગ કરવામાં આવે છે. સામાજિક પ્રસંગોમાં થતા જમણવારોમાં પણ ઘઉંનો ઉપયોગ કરવામાં આવે છે. આદિવાસી કુટુંબોમાં મોટા ભાગનું ખર્ચ અનાજ પાછળ કરવામાં આવે છે. અને અનાજમાં થતા ખર્ચમાં મોટા ભાગનું ખર્ચ જુવારની ખરીદીનું હોય છે.

માંસનો ઉપયોગ બ્રાહ્મણ સિવાયનાં બધાં કુટુંબો કરી શકે તેમ છે પરંતુ વસાવા જ્ઞાતિનાં કેટલાંક કુટુંબો ભગત થયાં હોવાથી તે કુટુંબો દારૂ અને માંસનો ઉપયોગ કરતા નથી. રજપૂત કુટુંબોમાંથી પણ બે ત્રણ કુટુંબો માંસનો ઉપયોગ કરતા નથી. આ સિવાયનાં બીજાં કુટુંબોમાં માંસ વાપરવામાં આવે છે. બાજુમાં આવેલ કપલસાત ગામમાં મોટા ભાગની વસતિ મુસલમાનોની છે જેથી માંસ ત્યાંથી મળી રહે છે એટલે કેટલાંક કુટુંબો અઠવાડિયામાં એકાદવાર ખોરાકમાં માંસનો ઉપયોગ કરે છે. જેની આર્થિક સ્થિતિ સારી હોય તે આના કરતાં વધુ સમય અને આર્થિક સ્થિતિ સારી ન હોય તે ઓછો વખત ખોરાકમાં માંસનો ઉપયોગ કરે છે. મરઘાં ઈંડાનો પણ ખોરાકમાં ઉપયોગ ખરો.

ચા બધાજ કુટુંબોમાં પીવાય છે. મોટા ભાગે ચા પુરતું તો બધાજ કુટુંબો દૂધ વાપરે છે. ઘણાં કુટુંબો તો દિવસમાં એક કરતાં વધુ વખત ચા નો ઉપયોગ કરવામાં આવે છે. ચા માટે જો ગોળ સસ્તો હોય તો તે ગોળનો ઉપયોગ કરે છે પણ ગોળ કરતાં ખાંડ સસ્તી હોય તો ખાંડનો ઉપયોગ પણ કરે છે. ખાંડ રેશનમાંથી લાવવી પડતી હોવાથી અને તે ખરીદવા માટે પૂરતાં પૈસા નહિ હોવાથી રેશનમાં મળતી ખાંડનો દર મહિને બધા વસાવા કુટુંબો ઉપયોગ કરી શકતા નથી આને કારણે તેમનો કાર્ડ રજપૂતોને ઘેર હોય છે. અને તે જ ખાંડ ખરીદવા માટે તેનો ઉપયોગ કરે છે. વસાવા કુટુંબો છૂટક ગોળ ખરીદે છે અને જયારે હાથ ઉપર નાણાની સગવડ હોય ત્યારે ચા માટે લેચો ખાંડ ખરીદે છે.

તમાકુનું તથા દારૂનું વ્યસન પણ થોડા કુટુંબોને બાદ કરતાં બધા જ કુટુંબોમાં છે. રાજપૂતમાં કેટલાક કુટુંબના વડા તો દરરોજ દારૂ પીએ છે. તમાકુ ગામમાં જે ખેડૂતો પકવે છે તેઓ જરૂર જેટલી તમાકુ રાખે છે અને જયારે બીડી પીવાની ઇચ્છા થાય ત્યારે જાતે જ બીડી બનાવીને પીવે છે. આ તમાકુ ખૂબ કડક આવે છે અને બજારુ બીડી પીનાર લોકો ગામની તમાકુમાંથી તૈયાર કરવામાં આવેલ બીડી પી શકતા નથી. દરેક બીડી પીનાર સાથે એક કોથળી રાખે છે અને તેમાં બીડી પાન અને તમાકુ હોય છે.

આર્થિક સ્થિતિ ખૂબ જ સારી હોય તેવા કુટુંબો દરરોજ ખોરાકમાં દૂધ-ઘીનો ઉપયોગ કરે છે. આમાં એ ત્રણ રજપૂત કુટુંબો ખાસ ગણી શકાય. આ સિવાયના અન્ય કુટુંબોમાં તો જયારે ભેંસ દૂઝણી હોય ત્યારે પણ ખૂબજ ઓછા પ્રમાણમાં દૂધ-ઘી નો ખોરાકમાં ઉપયોગ કરવામાં આવતો હોય છે. વસાવા



કુટુંબો તો ભાગ્યે જ ઘીનો ઉપયોગ કરે છે. તેલનો ઉપયોગ બધા જ કુટુંબોમાં ઓછાવત્તા પ્રમાણમાં કરવામાં આવે છે. તેવી જ રીતે જરૂર જેટલા મસાલા પણ બધા કુટુંબોમાં વાપરવામાં આવે છે.

કાપડ પાછળનું ખર્ચ રજપૂત કુટુંબોમાં ખૂબ વધારે પ્રમાણમાં છે. જયારે માછી, ભરવાડ, વસાવા વગેરે કુટુંબો બે થી ત્રણ જોડ કપડાંમાં વર્ષ પુરું કરે છે. અને આ કપડાં પણ ખૂબ હલકી કિંમતનાં હોય છે. બાળકોને તો બિલકુલ કપડાં પહેરાવતાં નથ . ચાકર રહેતા બધા જ માણસો વસાવામાં જોડા પહેરે છે. જયારે બિન - આદિવાસીઓમાં હરિજન, ભરવાડને બાદ કરતાં ઘરના બધા જ માણસો જોડાનો ઉપયોગ કરે છે. કેટલાક તો બાટાના બુટ તથા સેન્ડલ પણ વાપરે છે. રજપૂત સ્ત્રીઓ તથા છોકરીઓ સારી જાતના ચંપલ પણ પહેરે છે. પગમાં મોજા પણ પહેરવામાં આવે છે. ટેરેલીન, ટેરીકોટન, વુલન તથા સુપરફાઇન જેવા કાપડના ઉપયોગ પણ કેટલાક સુખી કુટુંબોમાં કરવામાં આવે છે.

અન્ય ખર્ચાઓમાં મહત્વના ગણી શકાય તેવા ખર્ચા દવાદારૂ, ઘરવેરો, સાબુ, તેલ વગેરે ગણાવી શકાય. રજપૂતોમાં તો સામાજિક રિવાજો પાછળ પણ ખૂબ જ ખર્ચ કરવામાં આવે છે. તથા ધાર્મિક વિધિ પાછળ પણ વાર્ષિક ૫ થી ૨૫ રૂા. જેટલો ખર્ચ કરવામાં આવે છે.

મોજશોખમાં મનોરંજન પાછળ કેટલાક કુટુંબો નિયમિતપણે ખર્ચ કરે છે. આમાં નાટક તથા સિનેમા ગણી શકાય. બિન - આદિવાસી કુટુંબોમાં તો વાહનવ્યવહાર (ભાડા) પાછળ પણ ઓછું વધતું ખર્ચ થતું હોય છે.

ટૂંકમાં વસાવા કુટુંબો મજૂરીનું જીવન જીવે છે. તેમની આવકનું સાધન માત્ર મજૂરી છે. આથી તેઓનો મુખ્ય ખર્ચ ખોરાક પાછળનો છે. જયારે રજપૂત તથા માછીમાં કેટલાક કુટુંબો ખૂબ સુખી છે અને તેઓ જરૂરી એવા બધા જ સાધનો મેળવી શકે છે. અને સારો ખોરાક પણ મેળવી શકે છે.

મિલકત :

જમીન એ મહત્વનું મિલકતનું સાધન છે. ગામની જમીન ઉત્તમ પ્રકારની છે. તદ્દન સપાટ અને નદીના ભાઠાની જમીન હોવાથી ઉત્પાદન ખૂબ સારું થાય છે. જેને કારણે એકરદીઠ જમીન-ની કિંમત રૂા. ૨૦૦૦ થી ૫૦૦૦ યા તે કરતા પણ વધારે આવે છે. આમ જમીનની ઉંચી કિંમતને લીધે ૫ એકર જમીન ધારણ કરનાર ખેડૂત પાસે પણ રૂા. ૨૦ થી ૨૫ હજાર જેટલી કિંમતની જમીન રૂપી મિલકત ગણી શકાય. વળી જમીનની તીવ્ર ખેંચને કારણે આટલી ઉંચી કિંમતો આપવા છતાં જમીન મેળવવી ખૂબ જ મુશ્કેલ પડે છે. ગણાતધારાના કાયદાથી કેટલાક આદિવાસી ખેડૂતો કે જેઓ પાસે માલિકીની જમીન બિલકુલ ન હતી પણ બિન-આદિવાસીઓની જમીન ગણોતીયા તરીકે ખેડતા હતા તેઓને થોડી થોડી જમીનો મળી છે અને આ જમીનો મળવાને કારણે તેમની મિલકતમાં તથા આવકમાં વધારો થયો છે. એક માછી કુટુંબને આ રીતે ૭ એકર જેટલી જમીન મળી અને તેને કારણે છેલ્લા પાંચ વર્ષમાં તેની આર્થિક સ્થિતિમાં ખૂબજ સુધારો થયો છે. જમીન ઉપર તેઓને સોસાયટીનું ધિરાણ તથા અન્ય જરૂરી ધિરાણ મળે છે. આથી જમીન એ સૌથી મોટું અને મહત્વનું મિલકતનું સાધન છે.



મકાન :

મકાન એ બીજું મિલકતનું સાધન ગણી શકાય. આદિવાસીઓના મકાન ખૂબજ હલકી કક્ષાના છે. જેથી તેમાં ખાસ ખર્ચ થતો નથી. અને તેના વેચાણમાં કંઇ કિંમત ઉપજતી નથી. વસાવાના મોટા ભાગના મકાન કરાંઠી, ઘાસના જ છે. અને કેટલાક મકાન માટી-ના, નળિયાવાળા છે. સામાન્ય રીતે રૂા.૧૦૦ થી ૧૦૦૦ ની કિંમત સુધીના જુદા જુદા જાતના વસાવાના મકાનો છે. પણ એ મકાનોની બાંધણી ગીચોગીચ છે. આજુબાજુ છૂટની જમીન કે આંગણું બિલકુલ નથી. તેથી તેની ખાસ કિંમત ઉપજે નહી.

રજપૂતમાં બે રજપૂતોના મકાનો પાકા, બહુમાળી, સુંદર રંગવાળા અને વિશાળ છે. એક રજપૂત પાસે તો મકાનરૂપી મિલકત ૧ લાખ રૂા. કરતા પણ વધારે છે. એકંદરે રજપૂત કોમ પાસે ખૂબ જ વિશાળ તથા જગાની છૂટ વાળા સારા મકાનો છે. તેવી જ રીતે માછી, બ્રાહ્મણ તથા અન્ય કોમ પાસે પણ મકાનો સારા છે. આથી વસાવા સિવાયની બધી કોમમાં મકાનોને મિલકત તરીકે ગણીએ તો મોટી મિલકત ગણી શકાય. વળી ગામમાં મકાનોની ખૂબ ખેંચ છે તેથી ભાડું સારું આવે છે.

ઘરવખરીના સાધનો :

ઘરવખરીના સાધનમાં વસાવા પાસે થોડા ધાતુના તથા માટીના વાસણો, જરૂર પૂરતા કાથીના ખાટલા, એકાદ રજાઇ કે ગાદલું, છત્રી વગેરે ગણી શકાય. આ સિવાય બીજાકોઇ સાધનો તેમની પાસે હોતા નથી. ખૂબજ ઓછી જરૂરિયાતોને કારણે આવા સાધનોની વધારે જરૂર તેમને રહેતી નથી. રાંધવા

માટે એક બે વાસણ પૂરતા હોય છે. ખાવા માટે પણ એક બે થાળી હોય એટલે ઘણું. ભરવાડ, હરિજન વગેરેમાં પણ આ રીતે ઘરવખરીના સાધનોનું પ્રમાણ ખૂબ ઓછું છે.

આ સિવાયની બીજી કોમોમાં પિત્તળ, તાંબુ, કાંસુ, વગેરેના વાસણો, પાટીના સારા ખાટલા, ગોદડા, રજાઇ, ફાનસ, આરામખુરશી, ટેબલ, કબાટ, છત્રી, પેટી, શૂટકેશ વગેરે સાધનો હોય છે. ગામના સરપંચશ્રી પાસે સ્ટીલના વાસણો, સ્ટીલનું કબાટ, રેડિયા - ૨, ખુરશીઓ, ટેબલ, પાટ, હીંડોળા, સુંદર ગાડી, થર્મોમીટર, થર્મોસ, પેટ્રોમેક્ષ, એક કરતા વધારે ફાનસ, ટીપોઇ, વગેરે ઘણા જ પ્રકારના અને ઘણા વધારે સાધનો છે.

પશુધન :

પશુધન દરેક ખેડૂત કુટુંબ પાસે હોય છે જ. પણ ખેડૂત ન હોય તેવા કેટલાક કુટુંબો પણ બળદ યા ભેંસ રાખે છે. અને ભરવાડ કુટુંબો પાસે તો વધારે પ્રમાણમાં પશુઓ હોય છે. ખેડૂતને કમાવા માટે પશુધન ખૂબ ઉપયોગી છે. જમીન ખેડવા માટે બળદ, જમીનમાં ખાતર નાખવા છાણ, બળદ મેળવવા ગાય, દૂધ માટે ગાય-ભેંસ એ વધુ ખેડૂતને ખૂબ જરૂરી છે. ભારે ખેતી કરાવનાર ખેડૂત જમીનને કેળવી શકતો નથી. કારણ ભાડેથી થતી ખેડ સારી હોતી નથી અને પશુધન નહી હોવાથી જમીનમાં છાણીયુ ખાતર પણ નાખી શકાતુ નથી. આને કારણે તેની જમીનની ઉત્પાદન શક્તિ ઘટે છે. આથી પશુઓની જરૂરિયાત ખેતીના ધંધા માટે બહુ જ જરૂરી છે. જો કે નવી ટેકનીકમાં ટ્રેકટર દ્વારા ખેડ અને રાસાયણિક ખાતરના વપરાશથી ઉપરની જરૂરિયાત અનિવાર્ય નથી પણ

આપણા દેશમાં એ ટેકનીક બહુ બંધબેસતી નથી. ( ટ્રેક્ટર દ્વારા ખેડની ) સામાન્ય રીતે બળદ, વાછરડા, ભેંસ વગેરે ખેડૂતો કુટુંબો પાસે હોય છે અને સરેરાશ રૂા.૫૦૦ થી રૂા.૨૦૦૦ સુધીની પશુધનની મિલકત ધરાવતા કુટુંબો ગામમાં છે. જો કે ભરવાડ કુટુંબો તથા બહુ જમીન ધરાવતા ખેડૂતો પાસે આના કરતા પણ વધારે પશુધન હશે. દૂધ ઉત્પાદનના સારા ભાવ અને બજારની સગવડને કારણે પશુધનનું આવક ઉપાર્જનમાં પણ ઘણું જ મહત્વ છે.

## ખેતીના સાધનો :

ખેતીના સાધનોમાં ખાસ કરીને હળ, રાંપ, રાંપીયો, ગાડુ, વગેરે ગણી શકાય. ગાડા સિવાયના અન્ય ખેતીના સાધનો તો દરેક કુટુંબ પાસે હોય છે. જ્યારે મોટા ખેડૂતો ગાડુ પણ રાખે છે. અહીંનુ ગાડુ ખૂબ નાનુ હોય છે. પણ તેની કિંમત રૂા.૫૦૦ થી માંડીને ૧૦૦૦ સુધી હોય છે. ગાડા સિવાયના અન્ય ખેતીના સાધનો પણ રૂા.૧૦૦ જેટલા થતા હોય છે. ખાસ કરીને પિત માટે કૂવાઓનું પ્રમાણ ગામમાં ઓછુ છે. પણ ચાલુ વર્ષે ૧૦ થી ૧૨ જેટલા બોર ખેડૂતોએ કરાવ્યા છે. ૨૦ થી ૨૫ ફૂટ ઉંડાઇએ પાણી મળી આવે છે. આથી બોર પાછળ રૂા. ૮૦૦ થી ૧૦૦૦ જેટલુ જ ખર્ચ આવે છે. જેની પાસે બોર છે તેવા ખેડૂતોએ એન્જીન પણ ખરીદયા છે અને તે સિંચાઇ માટે બોર ઉપર એન્જીન લઇ જાય છે અને સિંચાઇનુ કામ પતેથી એન્જીન ઘેર લઇ જાય છે. એન્જીનનો ઉપયોગ લીફટ ઇરીગેશન માટે પણ કરવામાં આવે છે. પાણી આપવામાં પણ એન્જીનનો ઉપયોગ થાય છે. નદીમાંથી પાણી ભાડે આપવાનુ હોય તો કલાકના રુ. ૩ લેખે અને બોરમાંથી ભાડે આપવાનુ હોય તો રૂા. ૩ાા લેવામાં આવે છે. ખેતીના મોટા સાધન



કહીએ તો ગાડુ અને એન્જીન ગણી શકાય.

સોના ચાંદીના ઘરેણાં રોકડ તથા અન્ય અસ્કયામતો સુખી રાજપૂત કુટુંબ પાસે સારા પ્રમાણમાં છે. જ્યારે વસાવા, હરિજન, બ્રાહ્મણ વગેરે કુટુંબો પાસે આવી મિલકતનું પ્રમાણ ખૂબ ઓછુ છે. કેટલાક કુટુંબો પાસે વીમો પણ છે. નાની બચતમાં પણ નાણા રોકેલા છે. ગામમાં પણ ધીરધાર કરેલી છે અને હાથ ઉપર રોકડ અસ્કયામત પણ ઠીક પ્રમાણમાં છે. આદિવાસી કુટુંબો પાસે આવી અસ્કયામતોનું પ્રમાણ ખૂબ ઓછુ છે.

આવક અને ખર્ચ માટે જુઓ કોઠો.

## કોઠો - ૧૨

જમીનના પ્રમાણમાં આવક અને ખર્ચ

| જમીનનું પ્રમાણ | ક્રમ | કુલ આવક (રૂા.માં) | કુલ ખર્ચ (રૂા.માં) | ગ્રુપમાં કુટુંબની દેવાદાર સ્થિતિ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૨ | ૩ | ૪ |
| ૦ થી ૨.૫ | ૧ | ૧૭૫૫ | ૧૭૮૯ | |
| | ૧૫ | ૬૮૭ | ૬૬૯ | |
| | ૧૬ | ૭૭૭ | ૭૨૮ | |
| | ૨૪ | ૧૧૨૭ | ૧૦૭૪ | |
| | ૨૯ | ૧૧૦૨ | ૯૩૦ | |
| | ૩૩ | ૧૨૪૬ | ૭૦૩ | |
| ૨.૫ થી ૫ | ૨ | ૨૦૦૯ | ૧૬૪૪ | |
| | ૧૭ | ૯૯૫ | ૯૧૫ | |
| | ૨૫ | ૧૧૨૬ | ૧૦૦૦ | |
| | ૨૬ | ૧૬૭૬ | ૧૫૯૦ | |
| | ૩૦ | ૩૦૨૯ | ૨૨૧૪ | |
| | ૩૪ | ૬૩૫૧ | ૪૧૩૪ | |
| | ૩૫ | ૯૫૧ | ૧૦૮૨ | |
| | ૩૭ | ૨૬૦૬ | ૨૨૫૫ | |
| ૫ થી ૭.૫ | ૪ | ૧૦૩૪ | ૯૯૬ | |
| | ૮ | ૧૫૮૨ | ૧૫૮૦ | |



| ૧ | | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|---|
| જમીનવગરના | ૩ | ૧૨૫૦ | ૧૨૪૪ | |
| | ૫ | ૧૨૧૯ | ૧૧૬૮ | |
| | ૬ | ૬૬૦ | ૬૧૮ | |
| | ૭ | ૭૭૦ | ૮૦૪ | |
| | ૯ | ૪૮૦ | ૪૭૯ | |
| | ૧૦ | ૪૯૫ | ૪૯૫ | |
| | ૧૧ | ૧૨૦૭ | ૧૨૩૭ | |
| | ૧૨ | ૬૯૭ | ૬૩૭ | |
| | ૧૩ | ૩૫૦ | ૪૧૭ | |
| | ૧૪ | ૧૨૪૦ | ૧૨૧૬ | |
| | ૧૮ | ૬૫૩ | ૮૪૦ | |
| | ૧૯ | ૧૪૩૫ | ૧૧૩૭ | |
| | ૨૦ | ૪૫૦ | ૫૮૬ | |
| | ૨૧ | ૫૬૦ | ૫૩૫ | |
| | ૨૨ | ૫૨૫ | ૫૩૭ | |
| | ૨૩ | ૧૮૪૦ | ૧૨૦૨ | |
| | ૨૭ | ૪૨૦ | ૪૦૫ | |
| | ૨૮ | ૩૨૦ | ૩૦૮ | |
| | ૩૧ | ૫૪૦ | ૫૪૯ | |
| | ૩૨ | ૪૮૦ | ૫૦૭ | |
| | ૩૬ | ૯૦૫ | ૯૨૩ | |
| | ૩૮ | ૯૮૧ | ૯૭૨ | |

દેવું :

આવકો ઓછી હોવાને કારણે અને નિર્વાહખર્ચ તથા અન્ય ખર્ચાઓનું પ્રમાણ આવક કરતા વધારે હોવાને પરિણામે વધતું ઓછું દેવું કરવાની જરૂરિયાત ઉભી થાય છે. દેવામાં કેટલાક દેવા ઉત્પાદકીય અને કેટલાક દેવા બિનઉત્પાદકીય હોય છે. બિન ઉત્પાદકીય દેવામાં કેટલાક દેવા એવા હોય છે કે જે જીવવા માટે કરવા પડતા હોય છે. જ્યારે કેટલાક દેવા સમાજમાં દરજ્જો જાળવવા માટે કરવા પડતા હોય છે. જુઓ નીચેનો કોઠો

કોઠો -

દેવાના સાધન પ્રમાણે દેવાનું વર્ગીકરણ

| અનું. નં. | સાધન | તા.૩૧-૧૦-૬૮ના રોજ બાકી દેવું: દેવાદાર કુટુંબોની સંખ્યા | તા.૩૧-૧૦-૬૮ના રોજ બાકી દેવું: દેવાની કુલ રકમ (રૂ.) | તા.૩૧-૧૦-૬૯ના રોજ બાકી દેવું: દેવાદાર કુટુંબોની સંખ્યા | તા.૩૧-૧૦-૬૯ના રોજ બાકી દેવું: દેવાની કુલ રકમ (રૂ.) |
|---|---|---|---|---|---|
| ૧. | સગાસંબંધી | - | - | - | - |
| ૨. ૩. | વેપારી, શાહુકાર | ૧૮<br>(૮૫.૭૦) | ૭૫૪૧<br>(૮૯.૮૭) | ૧૭<br>(૮૫.૦) | ૬૯૪૬<br>(૯૧.૮૪) |
| ૪. | સહકારી મંડળી | - | - | - | - |
| ૫. | સરકાર | ૨<br>(૯.૫) | ૪૫૦<br>(૫.૩૬) | ૨<br>(૧૦.૦) | ૩૩૭<br>(૪.૪૬) |
| ૬. | અન્ય | ૧<br>(૪.૮) | ૪૦૦<br>(૪.૭૭) | ૧<br>(૫.૦) | ૨૮૦<br>(૩.૭૦) |
| ૭. | કુલ... | ૨૧ | ૮૩૯૧ | ૨૦ | ૭૫૬૩ |



કોઠો -

દેવાના હેતુ પ્રમાણે વર્ગીકરણ

| અ.નં. | દેવાનો હેતુ | તા.૩૧-૧૦-૬૮ના રોજ બાકી દેવું: દેવાદાર કુટુંબો | તા.૩૧-૧૦-૬૮ના રોજ બાકી દેવું: દેવાની રકમ | સંદર્ભ વર્ષમાં પરત કરેલું દેવું | સંદર્ભ વર્ષમાં લીધેલું દેવું: દેવાદાર કુટુંબો | સંદર્ભ વર્ષમાં લીધેલું દેવું: દેવાની કુલ રકમ |
|---|---|---|---|---|---|---|
| ૧. | સામાજિક | ૩<br>(૧૪.૨) | ૨૧૦૦<br>(૨૫.૦૩) | ૧૫૦<br>(૭.૬૨) | -<br>- | -<br>- |
| ૨. | ખેતી ખર્ચ | ૧<br>(૪.૮) | ૧૦૦૦<br>(૧૧.૯૨) | ૧૨૦૦<br>(૧૨.૦૦) | ૧<br>(૧૨.૫) | ૧૦૦૦<br>(૬૨.૫૦) |
| ૩. | જમીન ખરીદી | - | - | - | - | - |
| ૪. | જમીન બાંધકામ | - | - | - | - | - |
| ૫. | જીવન નિર્વાહ | ૧૬<br>(૭૬.૨) | ૫૧૪૧<br>(૬૧.૨૭) | ૯૯૫<br>(૧૯.૩૫) | ૭<br>(૮૭.૫) | ૬૦૦<br>(૩૭.૫૦) |
| ૬. | અન્ય | ૧<br>(૪.૮) | ૧૫૦<br>(૧.૭૮) | ૭૩<br>(૪૮.૬૭) | -<br>- | -<br>- |
| ૭. | કુલ | ૨૧<br>(૧૦૦.૦) | ૮૩૯૧<br>(૧૦૦.૦) | ૨૪૨૮<br>(૨૮.૯૪) | ૮<br>(૧૦૦.૦) | ૧૬૦૦<br>(૧૦૦.૦) |

ઉત્પાદકીય દેવાઓમાં ખેતીના વિકાસ માટે કરવા માટે પડતા દેવા જેમકે ખાતર, સિંચાઇની સગવડો વધારવા માટે, ઢોર ખરીદવા માટે, જમીન (નવી) ખરીદવા માટે, જમીન સુધારવા માટે, બિયારણ માટે, ખેતીના અન્ય ટૂંકા ગાળાના ખર્ચાઓ માટે કરવા પડે છે. આમાંથી કેટલાક ખર્ચનો મૂડી - રોકાણમાં પણ સમાવેશ કરી શકાય. આ દેવાઓ કરવાથી ઉત્પાદન શકિત અને આવકમાં વધારો કરી શકાય છે.

વસાવા ખેડૂતો કરતા બિન આદિવાસી ખેડૂતોનું ઉત્પાદકીય દેવુ વધારે છે. કારણ સહકારી ધિરાણ મંડળી તથા અન્ય સાધનો દ્વારા તેમને ધિરાણ મળતું હોય છે. જયારે વસાવા પાસે મિલકતનું સાધન વધારે ન હોવાથી આવું ધિરાણ વધારે મળતું નથી. બીજુ થોડા સમયમાં સિંચાઇ માટેની જે સવલતો વધારે તેને કારણે પણ ઉત્પાદકીય દેવાઓમાં વધારો થયો છે. આ રીતના દેવા એ સારા છે. અને તે ભવિષ્યમાં વધારે ફાયદો આપે છે. વળી આ દેવા જેની શકિત હોય તેવા ખેડૂતો જ કરતા હોય છે યા તો તેવા જ ખેડૂતોને આવું ધિરાણ મળતું હોય છે.

## પ્રકરણ - ૫

## નાના સંજાના બદલાતા આદિવાસીઓ

ગામનાં સર્વેક્ષિત મૂળ ૩૮ કુટુંબોમાંથી ૮ કુટુંબના વડા ગુજરી ગયા છે. એટલે ૩૦ ની તપાસ થઇ શકી હતી. એમાંથી જમીનધારકોની સંખ્યા અને તેમની માલિકીની જમીનનું કદ નીચેના કોઠામાં બતાવ્યું છે.

| કદ એકરમાં | સંખ્યા |
|---|---|
| ૦ | ૨૦ |
| ૧ થી ૨.૫૦ | ૫ |
| ૨.૫૧ થી ૫ | ૩ |
| ૫.૧ થી ઉપર | ૨ |
| | ૩૦ |

એક એકરની નીચેથી માંડ ૨.૫ એકર સુધીની જમીનવાળા જે પાંચ કુટુંબો બતાવ્યા છે, તેમાં બેની પાસે તો ૦.૨૦ અને ૦.૩૨ એકર જમીન છે એટલે એમને તો જમીન વિહોણામાં જ ગણવા જોઇએ. ૫.૧ એકરથી ઉપરવાળાઓ એ બધા કરતા ઠીક ઠીક ગણાય પણ એવા તો માત્ર બે જ કુટુંબો છે અને આટલી જમીનમાંથી ઉત્પન્ન પણ ખાસ થતું નથી. બે ટંકનું ખાવાનું ય માંડ નીકળે. બધાં જ કુટુંબ સર્વહારા વર્ગનાં છે.

૧૯૬૯ અને ૧૯૭૯ ની સરેરાશ જમીન ધારકતા નીચેના કોઠામાં બતાવી છે.

| વર્ષ | સરેરાશ જમીન ધારકતા એકરમાં |
|---|---|
| ૧૯૬૯ | ૧.૩૫ |
| ૧૯૭૯ | ૧.૦૦ |

એટલે કે છેલ્લા દશ વર્ષમાં ગામના આદિવાસીઓ પાસેથી સરેરાશ ૦.૩૫ એકર જમીન ઓછી થઇ છે. એટલે કે આ ગામના આદિવાસીઓની ૨૫ ટકા કરતા પણ વધુ જમીન એમના હાથમાંથી જતી રહી છે. જમીન વિહોણા થવાની આ પ્રક્રિયા ઘણી તીવ્ર અને મોટા પ્રમાણમાં કહી શકાય.

૧૯૬૯ અને ૧૯૭૯ માં આદિવાસીઓમાં ખેતમજૂરોનું પ્રમાણ કેટલું હતું તે નીચેના કોઠામાં જોઇ શકાશે.

| વર્ષ | કુલ | મજૂર | ટકા |
|---|---|---|---|
| ૧૯૬૯ | ૩૮ | ૨૩ | ૬૦ |
| ૧૯૭૯ | ૩૦ | ૨૨ | ૭૩ |

એટલે જમીન વિહોણા ખેતમજૂરોની સંખ્યા ૬૦ ટકાથી વધીને ૭૩ ટકા થઇ છે.

ખેતીમાંથી ૧૯૬૯ અને ૧૯૭૯ માં થયેલી આવક નીચેના કોઠામાં બતાવી છે.

| વર્ષ | આવક |
|---|---|
| ૧૯૬૯ | ૧૭૪૪૨ |
| ૧૯૭૯ | ૧૫૦૩૦ |



જમીન ઓછી થઇ છે એટલે એમાંથી થતી કુલ આવક પણ ઘટી ગઇ છે. લોકોને વધુને વધુ પ્રમાણમાં મજૂરી કરવી પડે છે. આ લોકો ખેતમજૂરી ગામમાં કરે છે. બહારગામ જઇને પણ ખેતમજૂરી કરવા લાગી ગયા છે.

૧૯૭૯ માં નાના સાજાના આ કુટુંબોની આવક નીચે પ્રમાણેના સ્ત્રોતોમાંથી થઇ હતી. ખેતી, મજૂરી તથા પશુપાલન, ગૃહઉદ્યોગ તથા નોકરી ધંધામાંથી તથા બહારથી કઇ આવક નથી. વ્યાજ વગેરેની આવકનો વિચાર જ ન થઇ શકે. આ બધામાંથી થતી વાર્ષિક આવક કુટુંબવાર યાદી નીચે આપી છે. એમનામાં આવક પ્રમાણેના વર્ગ જાણી જોઇને નથી પાડયા.

| કુટુંબનો વડો | આવક/અન્ય હકીકત |
|---|---|
| ૧ | સ્વર્ગવાસ થયો છે. |
| ૨ | " |
| ૩ | માંગરોળ જતો રહયો છે. |
| ૪ | ૧૪૪૦ |
| ૫ | ૩૬૮૦ |
| ૬ | ૨૬૮૦ |
| ૭ | ૩૬૪૦ |
| ૮ | ૩૧૮૦ |
| ૯ | ૩૪૫૫ |
| ૧૦ | મરી ગયેલ છે. |
| ૧૧ | ૫૨૪૫ |
| ૧૨ | સ્વર્ગવાસ થયો છે. |
| ૧૩ | ૩૧૮૦ |

| કુટુંબનો વડો | આવક/અન્ય હકીકત |
|---|---|
| ૧૪ | ૨૪૦૦ |
| ૧૫ | ૨૩૦૦ |
| ૧૬ | ૩૪૦૦ |
| ૧૭ | ૨૬૬૦ |
| ૧૮ | મરી ગયેલ છે. |
| ૧૯ | મરી ગયેલ છે. |
| ૨૦ | ૬૫૩૦ |
| ૨૧ | ૪૨૩૦ |
| ૨૨ | ૫૪૪૫ |
| ૨૩ | ૩૫૮૦ |
| ૨૪ | ૧૩૨૦ |
| ૨૫ | ૨૭૦૦ |
| ૨૬ | ૨૮૮૦ |
| ૨૭ | ૩૬૦૦ |
| ૨૮ | ૪૯૧૫ |
| ૨૯ | ૨૧૫૦ |
| ૩૦ | ૩૮૦૦ |
| ૩૧ | બહારગામ જતો રહયો છે. |
| ૩૨ | સ્વર્ગવાસ થયેલ છે. |
| ૩૩ | ૮૫૭૦ |
| ૩૪ | સ્વર્ગવાસ થયેલ છે. |
| ૩૫ | ૩૧૦૦ |
| ૩૬ | ૨૧૪૦ |
| ૩૭ | ૫૮૮૦ |
| ૩૮ | ૩૯૨૦ |
| કુલ... | ૧૦૩૫૦૦ |



આ રૂા. ૧૦૩૫૦૦ ની આવકમાંથી ખેતીની આવક ૧૭૦૩૦ છે. જે લગભગ ૧૬ ટકા થાય. બાકીની મજૂરીમાંથી થાય છે. જેને ત્યાં માણસ વધુ તેની આવક પણ વધુ, કારણ કે બધા જ મજૂરી કરે – દેખાય છે. વાસ્તવમાં એવી કે વધુ મજૂરી કરનારા બધાની હાલત સરખી જ છે. કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક આવક રૂા.૨૭૨૨ થઇ. કુટુંબદીઠ માસિક સરેરાશ આવક રૂા.૨૨૭ થઇ; વ્યકિતદીઠ આવક રૂા.૪૫ મહિનાની ગણાય.

એકની "મિલકત" નો ખ્યાલ મેળવવા નીચેની હકીકતો જોઇએ.

(૧) ૩૮ માંથી બધા ઝૂપડા કાચા છે. ઘણાના તો છાપરા તૂટેલા છે. કેટલાકની ભીંતો ભાંગી ગયેલ છે.

(૨) એમાંથી ત્રણ સિવાય બધાંની કિંમત રૂા.૫૦૦/- થી ઓછી છે. આ ત્રણમાંનુ ઝૂપડુ રૂા.૭૫૦/- ની કિંમતનુ છે. આ ઉપરાંત એક જણ પાસે રૂા. ૨૧૦૦/- ની કુલ કિંમતના બે ઘર છે.

(૩) ઢોર સિવાય બીજી સંપતિ (ઘર, ઘરેણાં, ઘરવખરી, ખેતીના સાધન) ૧૯૭૯ માં રૂા. ૩૯૫૨૮ ની થાય છે. ૧૯૬૯ માં આ બધા ૪૩૭૪૨ ના હતાં. એટલે ૧૦ વર્ષમાં આમની પાસે જે "હતુ" તે ઓછુ થયુ.

(૪) બધુ મળીને નીચે બતાવેલ પશુધન છે. ૪ ભેંસ, ૨૭ ગાય, ૩ પાડાં, ૩ પાડી, ૫ વાછરડા, ૭ વાછરડી, ૫ બળદ, ૫૮ મરઘી, અને ૫ બકરા. એટલે પશુને પાળવાનુ એમણે રાખવાની ઇચ્છા પણ કરે; પૂરતા રાખી ન શકે. આ બધાની કિંમત રૂા.૩૫૩૮૭ છે. ૧૯૬૯ માં એમના પશુની

કિંમત રૂા.૧૭૮૦૫ હતી. ઢોરોની કિંમત છેલ્લા દશ વર્ષમાં ખૂબ વધી ગઇ છે. એ જોતાં એમને ત્યાં ઢોરોમાં પણ વધારો બિલકુલ થયો નથી. (કિંમત વધેલી દેખાય છે એટલું જ)

(૫) ખેતી તો ઘણા ઓછા પાસે છે એટલે બધાને ત્યાં ખેતીનાં સાધનો નથી. જમીનવાળા પાસે પણ ખેતીના સાધનો ઘણાં ઓછાં છે.

(૬) એમની કોઇ પાસે ઝાડ નથી. એક બે વિલાયતી આંબલી કે લીંબડાના ઝાડો ફળિયામાં દેખાય છે એટલું જ.

(૭) આટલા ઘરોમાં ૫ ફાનસ છે, ૯ ઘંટી, ૧૬ ખાટલા, ૪૬ વાસણો છે, પિત્તળના અને ૧૬૪ એલ્યુમીનીયમના છે. આમાં પીત્તળ અને એલ્યુમીનીયમના વાસણોની કિંમત રૂા. ૧૮૭૫/- થાય છે. ૧૯૬૯માં એમની પાસે ૪૯૬૭/-રૂા. ના વાસણો હતા. આમ છેલ્લા ૧૦ વર્ષમાં એમના વાસણો પણ ઓછા થઇ ગયેલા લાગે છે. કેટલાકને પૂછતા જણાયું કે એમને વાસણો વેચવા પડયા હતાં.

હવે શિક્ષણમાં થયેલ ફેરફારો જોઇએ. ૧૯૬૯ ની સ્થિતિ નીચે આપેલા કોઠામાં બતાવ્યા પ્રમાણે હતી.

| ધોરણ | બાળક | બાલિકા | કુલ |
|---|---|---|---|
| ૧ | ૩૦ | ૧૩ | ૪૩ |
| ૨ | ૧૫ | ૯ | ૨૪ |
| ૩ | ૭ | ૭ | ૧૪ |
| ૪ | ૮ | ૬ | ૧૪ |
| ૫ | ૪ | ૨ | ૬ |
| | ૬૪ | ૩૭ | ૧૦૧ |



૧૯૭૯ માં ગામની શાળામાં આદિવાસી બાળકો નીચે પ્રમાણે હતાં.

| ધોરણ | બાળક | બાળકી | કુલ |
|---|---|---|---|
| ૧ | ૨૮ | ૨૩ | ૫૧ |
| ૨ | ૮ | ૧૦ | ૧૮ |
| ૩ | ૧૧ | ૬ | ૧૭ |
| ૪ | ૯ | ૪ | ૧૩ |
| ૫ | ૭ | ૫ | ૧૨ |
| ૬ | ૪ | ૫ | ૯ |
| કુલ... | ૬૭ | ૫૩ | ૧૨૦ |

એટલે દશ વર્ષમાં માત્ર પાંચમા ધોરણ સુધી ૧૦ બાળકો જ નિશાળમાં વધ્યાં છે. એક વર્ગ વધ્યો છે એ નોંધવું જોઇએ. ધોરણ-૧ અને ૪ માં તો બાળકોની સંખ્યા ઓછી થઇ છે. સારાંશમાં કહી શકાય કે :

૧. નાના સાંજામાં ગરીબી ઘણી છે તથા વધી છે. જેની પાસે જમીન વગેરે હતું તેમાં વધારો થયો છે. બાકીના પાસે ઘટયું છે. બંને સમૂહો વચ્ચેનું અંતર વધ્યું છે.
૨. પૂંજી હતી તેનાથી ઓછી થઇ. પૂંજી નિર્માણ થયું નથી. જે માત્ર ખેડૂત છે તેનો પણ વિકાસ દર ઓછો છે. આમની આર્થિક વ્યવસ્થામાં બુનિયાદી વિકાસ પ્રતિરોધકો છે.
૩. જે ઝાડો કપાયા છે, વધ્યા નથી ઓછા થયા. વિકાસના ઔપચારિક પરિબળો છે તે જાણી જોઇને સામાજિક સ્તર પર અસર નથી કરી શકયા.
૪. જે વિકાસ થયો છે તે વ્યકિતગત રૂપે, વ્યકિતના પ્રયત્ને થયો છે.

૫. જમીન અને તેનાથી થતા ઉત્પાદન સાથેના ઉત્પાદકના સંબંધો બદલાયા નથી એટલે કે ઉત્પાદન વ્યવસ્થાની સંરચનામાં ફેરફાર થયો નથી. જમીન ધરાવનાર વર્ગ એમને મજૂર તરીકે રાખવા માગે છે. એ મજૂરી તરીકે રહે એમાંથી ઉંચો ન આવે એટલી જ મજૂરી એને મળે છે. બહાર કંઇ વિવર નથી હોતું. બીજું કંઇ હોય નહીં એટલે એ પેટ-મજૂરી તરીકે જ કામ કર્યા કરે છે.

૬. વર્તમાન સંરચનામાંથી સ્વપ્રયત્ને છૂટવાનો માર્ગ બહાર જતા રહેવાનો છે. તે વધ્યો છે. બહાર ઘણા જાય છે કેટલાક હંમેશને માટે સ્થળાંતર કરે છે.

૭. કેળવણી વધતી નથી કારણ ઉપર જણાવ્યા પ્રમાણે ગરીબી છે.

૮. ઘર ઠામનું વચન છે પણ મળી નથી. વિકાસવાળા જાણી જોઇને નથી કરતા એમ કહેવાય છે.

૯. મજૂરી અંગે બંધારણમાં કાયદો છે પણ એ પળાતો નથી.

નાના સાંજાના આદિવાસીનું ભવિષ્ય શું છે ? જેમ જેમ શ્રમની માંગ વધુ હોય એવી ખેતી થાય તેમ તેમ આ આદિવાસી વસાવાની મજૂરીની જરૂર વધશે,

જેમ જેમ રોકડિયા પાકો વધુ થાય તેમ તેમ જમીનની માંગ વધશે એટલે વસાવા લોકોની જમીન જશે. વસાવાઓના ઉપરની મોટા ખેડૂતોની પકડ છૂટશે નહીં. ગરજના માર્યા મજૂરી રૂ. ૨ થી ૩ કે ૩ાા માં કરશે પણ આદિવાસીની આમ હાલત એવી જ રહેશે.



સિવાય કે -

વિકાસના કાર્યક્રમો એને છૂટો કરી દે; એની માંગ સ્પર્ધાત્મક બને અને એ લોકો સંગઠિત થાય તો યોગ્ય મજૂરી દરની માંગણી કરી શકે.

હું એમની શહેરી શ્રમિક બનાવવાના પક્ષમાં નથી એ તો ઉલમાંથી ચૂલમાં પડવા જેવું થાય. પણ વસતી વધે છે એટલે વખતનો માર્યો એ બહાર તો જશે જ. થોડા ગયા છે એટલે બીજા પણ જશે. આમ જમીન વિહોણા મજૂરો વધશે. એમાંથી થોડા ઘણા હંમેશને માટે બહાર વસી જશે. ઘરો માટે ઘરઠાણની જમીન હજી મળી નથી; કોઇને એમાં રસ નથી. છતાંય મળશે તો મકાન બનાવતા મુશ્કેલી પડશે. એ સામાન ક્યાંથી લાવશે ? કોણ પૈસા આપશે. પૈસા લેવા જશે તો દેવાદાર થશે. બનશે ક્યારે એ ઘરો બરાબર હશે ? મૂળ આદિવાસીઓનો જીવન રસ ઓછો થઇ જશે. છોકરા પણ ન ભણશે !